ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 27 સપ્ટેમ્બર 2026 રવિવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા વદ - 1

વર્ષ : 18
અંક : 88

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
રિપોર્ટ-અમેરિકા મિડટર્મ ઇલેક્શન પછી ઈરાન પર હુમલો કરી શકે છે : ટ્રમ્પે યુદ્ધ રોકવાનો પ્રસ્તાવ ઠુકરાવ્યો, હોર્મુઝ ખોલવાની ઓફર પણ સ્વીકારી નહીં

4 
વિશ્વશાંતિના નામે ટ્રમ્પ અને જિનપિંગની રાજકીય સોગઠાબાજી, બંને નેતાઓના આલિંગનમાં વિશ્વશાંતિની નહીં, પરંતુ વૈશ્વિક બજારોને ચૂંથી નાખવાની આતુરતા છલકાય છે

6 
ભારતે એક જ દિવસમાં કબડ્ડીમાં બે ગોલ્ડ જીત્યા : એશિયન ગેમ્સમાં વુમન્સ અને મેન્સ બંને ટીમ ચેમ્પિયન

7 

SBI ATMમાંથી રોકડ ઉપાડવા પર 3 દિવસ સુધી ચાર્જ નહીં : 28થી 30 સપ્ટેમ્બર સુધી બેંકોની હડતાળ, પરંતુ ડિજિટલ સેવાઓ ચાલુ રહેશે

NEWS BRIEF

પ્રેમાનંદજીના શિષ્યે ગુપ્તાંગ કાપ્યું પછી ચોથા માળેથી કૂદ્યો

2 વર્ષ પહેલાં તેમના હાથે દીક્ષા લીધેલી, રૂમમાંથી મળ્યું લોહીવાળું ગ્રાઇન્ડર

મથુરાના વૃંદાવનમાં સંત પ્રેમાનંદ મહારાજના 25 વર્ષના શિષ્યે ચોથા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે શુક્રવારે સવારે રસિક દુલારી શરણ ચોથા માળે ગયા હતા. થોડા સમય ત્યાં બેઠા અને ત્યાર બાદ કૂદકો માર્યો. ગંભીર હાલતમાં તેમને સર્વોદય હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમનું મૃત્યુ થયું. પોલીસના જણાવ્યા અનુસાર, તેમના શરીર પર ઈજાના નિશાન મળ્યા છે. રૂમમાંથી ગ્રાઇન્ડર મળી આવ્યું છે. તેના પર લોહીના નિશાન લાગેલા છે. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે પ્રાઇવેટ પાર્ટમાંથી લોહી વહી રહ્યું હતું. આશંકા છે કે રસિક દુલારીએ તેનાથી પોતાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. સૂત્રો પાસેથી એ પણ જાણવા મળ્યું છે કે રસિકે એક દિવસ પહેલાં જ પોતાનું ગુપ્તાંગ કાપ્યું હતું. સાથી શિષ્યો તેમને હોસ્પિટલ પણ લઈ ગયા હતા. મામલો વારાહ ઘાટ વિસ્તારની 4 માળની ગુરુ કૃપા કુંજ બિલ્ડિંગનો છે. આ બિલ્ડિંગ પ્રેમાનંદ મહારાજના ટ્રસ્ટ કેલી કુંજની છે. તેમાં પ્રેમાનંદજીના આશ્રમ સાથે જોડાયેલા 50થી વધુ શિષ્યો અને સેવાદારો રહે છે. આ બિલ્ડિંગ પ્રેમાનંદના જૂના કેલી ગુંજ આશ્રમથી 500 મીટર દૂર છે. ઘટના શુક્રવારે સવારે આશરે 11 વાગ્યે બની હતી.



બંગાળમાં TMC ધારાસભ્ય કુણાલ ઘોષની કાર પર હુમલો : કાચ તુટ્યા, મમતાની રેલીમાં જતા સમયે ઈંડાં ફેંકાયા



પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાં TMC ધારાસભ્ય કુણાલ ઘોષે પોતાની કાર પર હુમલો થયાનો દાવો કર્યો છે. ઘોષના જણાવ્યા મુજબ, તેઓ શ્રીરામપુરમાં મમતા બેનર્જીની રેલીમાં સામેલ થવા જઈ રહ્યા હતા. તે દરમિયાન ઉત્તરપાડામાં તેમની કાર પર ઈંડાં ફેંકવામાં આવ્યાં. વીડિયોમાં કુણાલ ઘોષ ડ્રાઇવરની બાજુની સીટ પર બેઠેલા દેખાઈ રહ્યા છે. પાછળની સીટ પર પણ કેટલાક લોકો બેઠા હતા, જેમણે ઘટનાનો વીડિયો બનાવ્યો. વીડિયોમાં કારની આસપાસ ભીડ જોવા મળી શકે છે. આ દરમિયાન પાછળના કાચ પર પણ હુમલો કરવામાં આવ્યો, જેના કારણે કાચ તૂટી ગયો. ઘટના બાદ કુણાલ ઘોષે એક વીડિયો જાહેર કરીને તેની માહિતી આપી. તેમણે દાવો કર્યો કે ઉત્તરપાડામાં તેમની કારને નિશાન બનાવવામાં આવી. વીડિયો કુણાલ ઘોષની ઓફિસ તરફથી X પર જાહેર કરવામાં આવ્યો છે. આ પહેલાં 13 ઓગસ્ટે કોલકાતાના બેલેઘાટા વિસ્તારમાં કુણાલ ઘોષના ઘર અને ઓફિસ પર હુમલો થયો હતો. કેટલાક લોકોએ ઓફિસની બહાર લગાવેલા મમતા બેનર્જી અને કુણાલ ઘોષના પોસ્ટર અને બેનરો ફાડી નાખ્યા હતા. કુણાલ ઘોષે આ ઘટનાને પૂર્વનિયોજિત ગણાવીને આરોપ લગાવ્યો હતો કે પહેલાં લોકો તેમના ઘરે પહોંચ્યા હતા. તેઓ ત્યાં ન મળતાં ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે મામલાની તપાસ માટે ઓફિસની બહાર લગાવવામાં આવેલા CCTV ફૂટેજની તપાસ કરી હતી.

વિવાદ બાદ ચૂંટણી પંચનો નિર્ણય; અત્યાર સુધી 30 રાજ્ય-કેન્દ્રશાસિત પ્રદેશોમાં 13.37 કરોડ નામ કપાયા

SIRમાં નામ કપાયું તો અધિકારી ઘરે આવીને દસ્તાવેજો લઈ જશે

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને બંને ચૂંટણી કમિશનર ડૉ.સુખબીર સિંહ સંધૂ તથા ડૉ.વિવેક જોશી હાજર રહ્યા હતા

નવી દિલ્હી, તા.26

SIR પરના વિવાદ વચ્ચે ચૂંટણી પંચે જણાવ્યું કે જેમના નામ કપાઈ ગયા છે, તેઓ નામ ઉમેરવા માટે અરજી કરી શકે છે. અધિકારીઓ ઘરે-ઘરે જઈને તેમના દસ્તાવેજો એકત્રિત કરશે અને ચૂંટણી પંચની વેબસાઇટ પર અપલોડ કરશે. તેમના પર નિર્ધારિત સમયમર્યાદામાં પ્રાદેશિક ચૂંટણી અધિકારી નિર્ણય લેશે.

દિલ્હીમાં શનિવારે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. તેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને બંને ચૂંટણી કમિશનર ડૉ.સુખબીર સિંહ સંધૂ તથા ડૉ.વિવેક જોશી હાજર રહ્યા હતા. SIR દરમિયાન અત્યાર સુધીમાં 30 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી 13.37 કરોડ નામો ઘટ્યા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર દેશમાં કુલ 96.88 કરોડથી વધુ મતદારો છે, એટલે કે આશરે 14.1% મતદારોના નામ SIRમાં કપાઈ ગયા છે.

દિલ્હી-મહારાષ્ટ્રમાં 30 ઓક્ટોબર સુધી દાવા કરી શકાશે

બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે દિલ્હી અને મહારાષ્ટ્રમાં દાવા અને વાંધા દાખલ કરવાની તારીખ 30 ઓક્ટોબર 2026 સુધી વધારી દેવામાં આવી છે. દિલ્હીમાં વિવાદનો નિકાલ 30 નવેમ્બર અને મહારાષ્ટ્રમાં નિકાલ 10 નવેમ્બર સુધી કરવાનો રહેશે. ગોવામાં જે મતદારોનાં નામ રહી ગયાં છે, ત્યાં બ્લોક અધિકારી ઘરે-ઘરે જઈને ફોર્મ-6 એકત્રિત કરશે. SIRમાં જો તમારું નામ યાદીમાં નથી અથવા



રહી ગયું છે, તો ફોર્મ-6 દ્વારા નામ સામેલ કરાવવા માટે દાવો કરી શકાય છે. પંચે કહ્યું કે ફોર્મ-6 અંગે કોઈ વિવાદ જ નથી. ફોર્મ-6ને સુપ્રીમ કોર્ટે યથાવત રાખ્યું છે.

SIRને લઈને વિવાદ, કોંગ્રેસે દેશભરમાં પ્રદર્શન કર્યું

આ મામલો ચૂંટણી પંચના સ્પેશલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે સામે આવ્યો છે. ઇન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બે ચૂંટણી કમિશનરોએ છેલ્લા 10 મહિનામાં ચૂંટણી પંચના નિર્ણયો સામે 14 વખત વાંધો ઉઠાવ્યો, પરંતુ તેમની કોઈ સુનાવણી કરવામાં આવી નહીં.

કોંગ્રેસનો આરોપ છે કે જ્ઞાનેશ કુમાર ચૂંટણી પંચમાં મનમાની કરી રહ્યા છે અને અન્ય બે કમિશનરોની વાત સાંભળી રહ્યા નથી. કોંગ્રેસે જ્ઞાનેશ કુમારને હટાવવા અને તેમની ધરપકડની માગને લઈને શુક્રવારે દેશભરમાં પ્રદર્શન કર્યું.

ચૂંટણી સાથે જોડાયેલા કેટલાક આદેશો અને કથિત સોફ્ટવેર ફેરફારોને લઈને સુપ્રીમ કોર્ટમાં પણ અરજી દાખલ કરવામાં આવી છે.

બે ચૂંટણી કમિશનરોએ 4 મોટા સવાલો ઉઠાવ્યા હતા

1. ફોર્મ-6માં ફેરફાર: નવા મતદારો પાસેથી અગાઉની SIR યાદીમાં પોતાનું અથવા પરિવારના સભ્યોનાં નામની માહિતી માંગવા અંગે બંનેએ સવાલ ઉઠાવ્યો. સંધૂએ તેને ગેરકાયદેસર ગણાવીને દૂર કરવાની માગ કરી.

2. મતદાર ડેટા પર નિયંત્રણ: બંનેએ સવાલ કર્યો કે મતદાર ડેટાબેઝ પરનું નિયંત્રણ દિલ્હીમાં શા માટે વધી રહ્યું છે અને રાજ્યોની પહોંચ શા માટે મર્યાદિત થઈ રહી છે.

3. બંગાળમાં 16 લાખ અપીલ: સંધૂએ પૂછ્યું કે દૂર કરવામાં આવેલા નામોને લઈને આશરે 16 લાખ અપીલ કોણે અને કોની મંજૂરીથી દાખલ કરી.

4. ગોવાના 97 મતદારો: તપાસમાં યોગ્ય ઠરેલા 97 મતદારોને સોફ્ટવેરની સમસ્યાને કારણે અંતિમ યાદીમાં સામેલ કરી શકાયા નહીં.

બદ્રીનાથ ધામમાં DJ કોન્સર્ટ પર ભાજપના નેતા ભડક્યા : મુરલી મનોહર જોશીએ કહ્યું- અહીં શંખ વગાડવાની પણ મનાઈ છે

નવી દિલ્હી, તા.26

ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીએ ઉત્તરાખંડના બદ્રીનાથમાં આયોજિત એક સાંસ્કૃતિક ઉત્સવ સામે વાંધો વ્યક્ત કર્યો છે. જોશીએ શુક્રવારે કહ્યું કે કોઈ પવિત્ર સ્થળે આવા સંગીત કાર્યક્રમની મંજૂરી આપવી માત્ર સાંસ્કૃતિક મર્યાદાનું ઉલ્લંઘન જ નથી, પરંતુ પવિત્ર ધામની પવિત્રતા પર સીધો હુમલો પણ છે.

મુરલી મનોહર જોશીએ કેન્દ્ર અને ઉત્તરાખંડ સરકારને આવા આયોજનો પર પ્રતિબંધ મૂકીને દેવભૂમિની પવિત્રતા જાળવી રાખવા અપીલ કરી છે. આ પહેલાં સાધુ-સંતોએ પણ આવા કાર્યક્રમ સામે વાંધો વ્યક્ત કર્યો હતો. બદ્રીનાથ ધામમાં સેનાના દેવભૂમિ કલ્ચરલ ફેસ્ટિવલ-2026 દરમિયાન ડીજે પર ડાન્સના વીડિયો સામે આવ્યા બાદ વિવાદ ઊભો થયો છે. 19 અને 20 સપ્ટેમ્બરે બદ્રીનાથના ટૂરિસ્ટ અરાઇવલ પ્લાઝામાં યોજાયેલા કાર્યક્રમનું આયોજન સેનાએ ઓપરેશન સદભાવના હેઠળ જિલ્લા પ્રશાસન અને પર્યટન વિભાગની મદદથી કર્યું હતું. કાર્યક્રમની થીમ 'આપણી વિરાસત, આપણું ભવિષ્ય' હતી.

19 અને 20 સપ્ટેમ્બરે બદ્રીનાથના ટૂરિસ્ટ અરાઇવલ પ્લાઝામાં આ ઇવેન્ટ યોજાઈ હતી.



19 અને 20 સપ્ટેમ્બરે બદ્રીનાથના ટૂરિસ્ટ અરાઇવલ પ્લાઝામાં આ ઇવેન્ટ યોજાઈ હતી.

સૌથી પહેલાં જાણો, ઇવેન્ટ અંગે મુરલી મનોહર જોશીએ શું કહ્યું

મુરલી મનોહર જોશીએ કહ્યું કે બદ્રીનાથ ધામમાં સંગીત સમારોહ (DJ કોન્સર્ટ)ને મંજૂરી આપવી એ માત્ર સાંસ્કૃતિક મર્યાદાઓનું ઉલ્લંઘન જ નથી, પરંતુ ધામની પવિત્રતા પર પણ સીધો પ્રહાર છે.

આ એ વાતનું પ્રતીક છે કે હવે દેવભૂમિને બજારવાદી સંસ્કૃતિના રૂપમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. હું ભારતીય સંસ્કૃતિના અનુયાયીઓ તથા ખાસ કરીને પૂજનીય શંકરાચાર્યો અને મહાત્માઓને વિનંતી કરું છું કે તેઓ સંસ્કૃતિના આ ક્ષયને રોકવા માટે અસરકારક અવાજ ઉઠાવે.

હું કેન્દ્ર અને રાજ્ય સરકારને પણ વિનંતી કરીશ કે આવા આયોજનો પર પ્રતિબંધ મૂકીને દેવભૂમિની મર્યાદા જાળવી રાખે. હિમાલય દેવાત્મા છે, ભગવાન શંકરનું નિવાસસ્થાન અને મા ગંગાનું ઉદ્ગમસ્થાન છે. તેને નાચઘર બનાવવું કરોડો ભારતીયોની આસ્થા પર ગંભીર આઘાત છે.

વિવાદ શેના મુદ્દે થયો?

કાર્યક્રમ દરમિયાન કલાકારોના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા. તેમાં મંચની સામે લોકોને સંગીત પર નાચતા જોઈ શકાય છે. ત્યારબાદ સવાલ ઊઠ્યો કે બદ્રીનાથ જેવા મુખ્ય તીર્થસ્થળની આટલી નજીક મોટા અવાજવાળો સંગીત કાર્યક્રમ યોજવો જોઈએ કે નહીં. ઉત્તરાખંડ ચારધામ તીર્થ પુરોહિત મહાપંચાયતે કાર્યક્રમના હેતુને બદલે તેના સ્વરૂપ અને રજૂઆત સામે વાંધો ઉઠાવ્યો. જ્યોતિર્મઠના સંતો તરફથી પણ કાર્યક્રમને લઈને ધાર્મિક મર્યાદાનો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો અને મુખ્યમંત્રી પાસેથી હસ્તક્ષેપની માગ કરવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન ભારે ભીડ હતી. લોકો મોબાઇલથી વીડિયો બનાવતા જોવા મળ્યા.

કાર્યક્રમમાં મ્યુઝિક અને ડીજેને લઈને સવાલો ઊઠી રહ્યા છે.

સમગ્ર મામલે પ્રશાસને શું કહ્યું?

વિવાદ વચ્ચે ચમોલી જિલ્લા પ્રશાસને જણાવ્યું છે કે કાર્યક્રમ દરમિયાન લગાવવામાં આવેલા સરકારી સ્ટોલ પ્રશાસન તરફથી હતા, જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રસ્તુતિઓ અને તેમના સ્વરૂપની પસંદગી સેનાએ કરી હતી.

પ્રશાસને લોકોને સોશિયલ મીડિયા પર પ્રસારિત સામગ્રીના આધારે તથ્યોની તપાસ કર્યા વિના નિષ્કર્ષ પર ન પહોંચવાની અપીલ પણ કરી છે. આ આયોજન ભારત-અમેરિકા સૈનિકોની ઔલીમાં યુદ્ધાભ્યાસ-2026ની સમાપ્તિ બાદ 19 અને 20 સપ્ટેમ્બરે બદ્રીનાથના ટૂરિસ્ટ અરાઇવલ પ્લાઝામાં થયું હતું.

યુપીમાં 40 કલાકથી વરસાદ, કન્નૌજમાં કાર પલટી : છત્તીસગઢમાં શાળાઓ બંધ



નવી દિલ્હી, તા.26

અર્નબ ચક્રવાતની અસરથી ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ સહિત 8 રાજ્યોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. વરસાદી સિસ્ટમ હવે દક્ષિણ છત્તીસગઢથી ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહી છે. તેના કારણે મધ્ય પ્રદેશ સહિત 12 રાજ્યોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં 40 કલાકથી વરસાદ થઈ રહ્યો છે. 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે સ્થિતિ બગડવા લાગી છે. 32 જિલ્લાઓમાં પૂરનો ખતરો છે. શનિવારે 11 જિલ્લાઓમાં ધોરણ 8 સુધી અને 25 જિલ્લાઓમાં ધોરણ 12 સુધીની શાળાઓ બંધ રહેશે. કન્નૌજમાં આગ્રા-લખનઉ એક્સપ્રેસવે પર વાવાઝોડા અને વરસાદને કારણે કાર પલટી ગઈ. અકસ્માત બાદ કારમાં પાંચ લોકો ફસાઈ ગયા. લખનઉ, સુલતાનપુર અને શામલીમાં તમામ યુનિવર્સિટીઓ અને કૉલેજો પણ બંધ રહેશે. છત્તીસગઢમાં પણ લગભગ 36 કલાકથી વરસાદ ચાલુ છે. રાજ્યની તમામ શાળાઓમાં શનિવારે રજા જાહેર કરવામાં આવી છે. રાયપુરના મહાદેવઘાટ પુલથી 2 ફૂટ ઉપર પાણી વહી રહ્યું છે. બિહારના સુપૌલમાં 50 ગામોમાં પૂર આવ્યું છે. 19 જિલ્લાઓમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયા છે. મધ્ય પ્રદેશના સતના જિલ્લામાં પણ ધોરણ 8 સુધીની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.



ટ્રાફિકજામમાંથી અમદાવાદીઓને મળશે કાયમી મુક્તિ : વિદેશની જેમ નોન-સ્ટોપ વાહનો દોડશે, ક્યા નવા કટ ખુલી શકે અને ક્યાં સિગ્નલ મૂકાઈ શકે?

અમદાવાદ, તા.26

ગુજરાતના મેગા સિટી અમદાવાદમાં વાહનોની સંખ્યા વધતાં ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે મુશ્કેલ બની રહી છે. વાહનચાલકોને પીક અવર્સમાં લાંબો સમય અટવાવું ન પડે તે માટે ટ્રાફિક પોલીસ અને અમદાવાદ મનપા દ્વારા સંયુક્ત એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તાજેતરમાં શહેર પોલીસ અને પાલિકાના ઉચ્ચ અધિકારીઓની મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં રસ્તાઓ પરના ડિવાઈડર કટ બંધ કરવા, જરૂરિયાત મુજબ નવા કટ ખોલવા, ટ્રાફિક સિગ્નલ સ્થાપિત કરવા અને સ્પીડ બ્રેકર (બમ્પ) બનાવવા મુદ્દે સઘન ચર્ચા કરવામાં આવી હતી. શહેરમાં સૌથી વધુ ટ્રાફિકજામ કયા જંક્શનો પર થાય છે અને તેનો ટેક્નિકલ ઉકેલ કેવી રીતે લાવી શકાય? તે માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ સર્વે હાથ ધરાયો હતો. આ સર્વેના તારણો બાદ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત, ટ્રાફિક વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ મ્યુનિસિપલ



કમિશનર બંછાનિધિ પાની સહિતના અધિકારીઓ વચ્ચે સંયુક્ત બેઠક મળી હતી, જેમાં ટ્રાફિક ફ્લો સતત જળવાઈ રહે તે પ્રકારના નિર્ણયો લેવાયા હતા.

આ બેઠકમાં ટ્રાફિક વિભાગ દ્વારા 35 બમ્પ મૂકવા, 35 નવા કટ બંધ કરવા તથા 6 નવા કટ ખોલવા સૂચન કરવામાં આવ્યું હતું. જેની યાદી દિવ્ય ભાસ્કરે મેળવી છે. આ સૂચનોનો અમલ વિઝિટ બાદ કરવામાં આવી શકે છે.

35 સ્થળોએ ડિવાઈડર કટ બંધ થશે

પોલીસ સર્વેક્ષણ મુજબ સૌથી વધારે ટ્રાફિકની ગૂંચવણ ચાર રસ્તાઓ પર સીધા અને ક્રોસ થતા વાહનોને કારણે ઊભી થાય છે. વિદેશના ટ્રાફિક મેનેજમેન્ટ મોડેલની જેમ જો ચાર રસ્તા પર સીધા ક્રોસિંગ બંધ કરી આગળના અંતરે યુ-ટર્ન કે કટ આપવામાં આવે તો વાહનોને બિનજરૂરી ઊભા રહેવું પડતું નથી અને ટ્રાફિક પ્રવાહ સતત ચાલુ રહે છે. પોલીસ સર્વેક્ષણ મુજબ સૌથી વધારે ટ્રાફિકની ગૂંચવણ ચાર રસ્તાઓ પર સીધા અને ક્રોસ થતા વાહનોને કારણે ઊભી થાય છે. વિદેશના ટ્રાફિક મેનેજમેન્ટ મોડેલની જેમ જો ચાર રસ્તા પર સીધા ક્રોસિંગ બંધ કરી આગળના અંતરે યુ-ટર્ન કે કટ આપવામાં આવે તો વાહનોને બિનજરૂરી ઊભા રહેવું પડતું નથી અને ટ્રાફિક પ્રવાહ સતત ચાલુ રહે છે. આ મોડેલ લાગૂ કરવા માટે શહેરમાં વધુ ટ્રાફિકવાળા 35 સ્થળો પર કટ બંધ કરવાની ભલામણ કરાઈ છે, જ્યારે વાહનોનો નિકાલ ઝડપથી થાય તે હેતુથી 6 સ્થળો પર નવા કટ ખોલવામાં આવશે. ટ્રાફિક પોલીસ અને મનપાની ટીમ સંયુક્ત નિરીક્ષણ કરી આ કામગીરી પૂર્ણ કરશે.

શહેરના એવા ચાર રસ્તા જ્યાં ટ્રાફિક વોલ્યુમ વધારે છે પરંતુ હાલ સિગ્નલ સિસ્ટમ નથી એવા 24 મહત્વના પોઈન્ટ્સ પર નવા આધુનિક ટ્રાફિક સિગ્નલ લગાવવા માટે AMCને વિગતવાર યાદી સોંપવામાં આવી છે. આ ઉપરાંત શહેરના વિવિધ રાજમાર્ગો પર ઓવર સ્પીડિંગ અને અણધાર્યા અકસ્માતોને અંકુશમાં લેવા માટે 35 ચોક્કસ સ્થળો પર સ્ટાન્ડર્ડ સ્પેસિફિકેશન મુજબના બમ્પ બનાવવાનું સૂચન પણ કરવામાં આવ્યું છે.

ટ્રાફિક નિયમોનું પાલન કરવા પોલીસની અપીલ

ટ્રાફિક વ્યવસ્થા સુચારુ બનાવવા માટે પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંકલન સાધીને ગ્રાઉન્ડ લેવલે કામગીરી આગળ વધારી રહ્યા છે. જોકે તંત્રના આયોજનની સાથે સાથે વાહનચાલકોની સ્વયંશિસ્ત પણ એટલી જ મહત્વપૂર્ણ છે. વિદેશની જેમ અમદાવાદના નાગરિકો પણ ટ્રાફિક નિયમોનું કડક પાલન કરે, લાઈન શિસ્ત જાળવે અને બિનજરૂરી હોર્ન કે રોંગ સાઈડ ડ્રાઈવિંગ ટાળે તો શહેરની ટ્રાફિક સમસ્યા કાયમી ધોરણે હળવી થઈ શકે છે.

વાડજથી નારણપુરા જવા એરોમા કોલેજ તરફનો કટ ખોલી દેવાયો : વાહનચાલકોએ 1 કિમી ફરીને નારણપુરા નહીં જવું પડે, રોજ 10 હજારથી વધુ લોકોને ફાયદો

અમદાવાદ, તા.26



અમદાવાદના વાડજ જંકશન પર ઓવરબ્રિજ ખુલ્લો મુકાયા બાદ વાડજથી નારણપુરા જવા માટેનો બ્રિજન છેડે આવેલો કટ કાયમી બંધ કરી દેવાયો હતો. છેલ્લા બે દિવસથી વાહનચાલકોને નારણપુરા જવા ઉસ્માનપુરા થઈને ફરીને જવું પડતું હતું અને લાંબો ટ્રાફિક થતો હતો. મોડીરાતે પોલીસ અને AMCની ટીમે સંકલન કરીને એરોમા કોલેજ પાસેની કટ ખોલી દીધી છે, જેથી વાહનચાલકો હવે એરોમા કોલેજ થઈને નારણપુરા જઈ શકશે.

24 સપ્ટેમ્બરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વાડજ ઓવરબ્રિજનું લોકાર્પણ કરીને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. બ્રિજ ખુલ્લો કરતા વાડજ તરફ નારણપુરા જવાની કટ હતી જે બંધ કરવી પડી હતી, જેથી નારણપુરા જતા વાહન ચાલકોએ ઉસ્માનપુરા સિગ્નલ પર ઊભા રહીને ફરીને જવું પડતું હતું.

મનપા અને પોલીસના સંકલન બાદ કટ ખોલી દેવાયો.

ટ્રાફિક પોલીસ દ્વારા બે દિવસ સર્વે કરવામાં આવ્યો, ત્યારે ટ્રાફિક ઓછો થાય અને લોકોને સુવિધા મળી રહે તે માટે નારણપુરા જવા નવો વૈકલ્પિક રસ્તો શોધી લેવામાં આવ્યો હતો. એક કટ બંધ કરી તેનાથી 200 મીટર આગળ એરોમા કોલેજ પાસે આવેલી રોડ પરની કટ ખોલવા નિર્ણય કરવામાં આવ્યો હતો. પોલીસ અને AMCના અધિકારીઓ તાત્કાલિક બેઠક કરીને કટ ખોલવા કામગીરી સોંપવામાં આવી હતી.

કટ ખુલતા 10 હજારથી વધુ વાહનચાલકોને રાહત

વાડજ બ્રિજ ખોલ્યાના 48 કલાકમાં જ રાતોરાત નવી કટ ખોલીને વાહનચાલકો માટે રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે. વાડજ બ્રિજ પરથી રોજ 1.50 લાખથી વધુ વાહન જાય છે, જ્યારે નવા કટ ખોલતા રોજ 10થી 12 હજાર લોકો અવરજવર કરી શકશે. ટુ-વ્હીલર ચાલકો માટે આ રસ્તો વધુ સરળ રહેશે. આ રસ્તો બનતા સાઈન બોર્ડ પણ રાતે જ લગાવવામાં આવ્યા છે. વાડજ બ્રિજ પરથી રોજ 1.50 લાખથી વધુ વાહન જાય છે, જ્યારે નવા કટ ખોલતા રોજ 10થી 12 હજાર લોકો અવરજવર કરી શકશે. ટુ-વ્હીલર ચાલકો માટે આ રસ્તો વધુ સરળ રહેશે. આ રસ્તો બનતા સાઈન બોર્ડ પણ રાતે જ લગાવવામાં આવ્યા છે.

પાલડીમાં રહેતા વૃદ્ધે ગેરેજવાળાના નંબર પરથી APK ફાઇલ ડાઉનલોડ કરતા ખાતામાંથી 20 લાખ ઉપડી ગયા, સાયબર ક્રાઈમમાં ફરિયાદ

અમદાવાદ, તા.26

શહેરના પાલડી વિસ્તારમાં રહેતા વૃદ્ધ એકાઉન્ટન્ટના નંબર પર ઓળખીતા ગેરેજવાળાના નંબર પરથી પ્રધાનમંત્રી આવાસ યોજનાની APK ફાઇલ આવી હતી. આ APK ફાઇલ ડાઉનલોડ કરતા જ વૃદ્ધના મોબાઇલનું એક્સેસ સાયબર ગઠિયાઓએ મેળવી લીધું હતું. ત્રણ અલગ અલગ એકાઉન્ટમાંથી ગઠિયાઓએ 156 ટ્રાન્જેક્શન દ્વારા 20 લાખ ઉપાડી લીધા હતા જે અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

પીએમ આવાસ યોજાનાની APK ફાઇલ ગેરેજવાળાએ મોકલી હતી

પાલડી વિસ્તારમાં રહેતા 67 વર્ષીય વૃદ્ધ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. વૃદ્ધના મોબાઇલ નંબરથી તેમનું, તેમના પત્નીનું અને એક મિત્રનું એકાઉન્ટ નંબર લિંક હતું. થોડા દિવસ વૃદ્ધને તેમના ઓળખીતા ગેરેજવાળા મારફતે એક APK ફાઇલ આવી હતી. આ APK ફાઇલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામની હતી જે ફાઇલ ડાઉનલોડ કરતા અંદર કઈ મળી આવ્યું ન હતું. જો કે થોડા દિવસ બાદ વૃદ્ધના દીકરાએ વૃદ્ધના ખાતામાંથી ચેક ભર્યો તો રિટર્ન



થયો હતો જેથી વૃદ્ધે બેંકમાં જઈને તપાસ કરી હતી.

20 લાખના ઉપડી ગયાની સાયબર ક્રાઈમમાં ફરિયાદ

બેંકમાં જઈને તપાસ કરતા તેમના, પત્નીના અને મિત્રના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા લાખો રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. 156 અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 20.06 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. જે અંગે વૃદ્ધે સાયબર હેલ્પલાઇનનો સંપર્ક કરી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

ફોન પેમાંથી લોન મળવાનું કહી 12 હજાર પડાવી લીધા

વાસણામાં રહેતા પરેશ શાહ વાસણામાં જ બુટ ચંપલની દુકાન ચલાવે છે. થોડા દિવસ અગાઉ તેમની દુકાને એક અજાણ્યો શખ્સ આવ્યો હતો જેને પોતે ફોન પેમાંથી આવતો હોવાની ઓળખ આપી હતી. આ શખ્સે ફોન પેના ક્યુઆર કોડ પોતાના મોબાઇલમાં સ્કેન કરીને પરેશભાઈને જણાવ્યું હતું કે, તમને 5.50 લાખની લોન મળી શકે છે, તમારે લેવી છે.પરેશભાઇ હા પાડતા અજાણ્યા શખસે પરેશભાઈનો ફોન લઈને ફોન પે એપ્લીકેશન ખોલીને પ્રોસેસ કરી હતી. બાદમાં અજાણ્યા શખ્સે કહ્યું હતું કે, મારાથી પ્રોસેસ થતી નથી, મારા મિત્રને લઈને આવું છું. થોડીવાર બાદ ફોન તપાસતા પરેશભાઈના ફોનમાંથી 12 હજાર ટ્રાન્સફર થયા હતા. જે અજાણ્યા શખસે કર્યાં હતા. જેથી પરેશભાઈએ આ અંગે વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં ઓલા-ઉબેર-રેપિડોનો બહિષ્કાર, કલાકો સુધી કેબ ન મળી, રેપિડો પર રાઇડ કન્ફર્મ થઈ તો ડ્રાઈવરે કહ્યું- 'ભારત ટેક્સી પર બુક કરો'

અમદાવાદ, તા.26

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી ઓનલાઈન ટ્રાન્સપોર્ટેશન એપ્લિકેશનને લઈને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ટેક્સી અને રિક્ષા ચાલક યુનિયન દ્વારા ઓલા, ઉબેર અને રેપિડો જેવી ઓનલાઈન એપ્લિકેશનનો બહિષ્કાર કરવામાં આવતા મુસાફરોને અવરજવર માટે હાલાકી પડી રહી છે. ભારત ટેક્સી સિવાય અન્ય ઓનલાઈન એપ્લિકેશન મારફતે રાઇડ બુક કરાવ્યા બાદ ટેક્સી ચાલકો તેને કેન્સલ કરવા કરીને માત્ર ભારત ટેક્સી પર જ રાઇડ બુક કરવા દબાણ કરી રહ્યા છે. જેથી, તેને લઈને દિવ્ય ભાસ્કર દ્વારા હકીકત જાણવા માટે રિયાલિટી ચેક કરવામાં આવ્યું.

1 કલાક બાદ રાઇડ મળી પણ ચાલકે 'ભારત ટેક્સી'માંથી બુકિંગ કરવા કહ્યું

રિયાલિટી ચેક કરવામાં આવતા અનેક બાબતો સામે આવી છે. રિપોર્ટરે નિરમા યુનિવર્સિટીથી ગુજરાત યુનિવર્સિટી જવા માટે રેપિડો પર રાઇડ બુક કરી હતી. એક કલાક સુધી તો એક પણ કેબ ચાલકે રાઇડ કન્ફર્મ કરી જ નહોતી. અંદાજે એક કલાક બાદ એક કેબ ચાલક દ્વારા રાઇડ કન્ફર્મ તો કરવામાં આવી પરંતુ, તેને પણ ફોન કરીને ભારત ટેક્સી પરથી જ રાઇડ બુક કરવા કહ્યું હતું. જોકે, તે બાદ દિવ્ય ભાસ્કરના રિપોર્ટર દ્વારા વૈષ્ણોદેવી સર્કલથી ઈન્કમટેક્સ સર્કલ જવા માટે પણ રાઇડ બુક કરવા માટે પ્રયાસ કર્યો હતો પરંતુ, કલાકો સુધી રાહ જોયા બાદ પણ એક પણ કેબ ચાલક દ્વારા રેપિડો પર રાઇડ બુક કરવામાં આવી નહોતી. જોકે, આવી પરિસ્થિતિ અત્યારે અમદાવાદ શહેરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માંગતા હજારો મુસાફરોને થઈ રહી છે. ભારત ટેક્સી પર ભાડું વધારે ચૂકવીને મુસાફરી કરવી પડી રહી છે. જે લોકો ઓલા, ઉબેર કે રેપિડો પર રાઈડ બુક કરે છે તે લોકો ભારત ટેક્સી સિવાય મુસાફરોને બેસાડવા માટે તૈયાર નથી.

માત્ર 'ભારત ટેક્સી'એ માંગણીઓ સ્વીકારી

ઓનલાઈન એપ્લિકેશનના વિરોધમાં અમદાવાદ શહેરમાં



ઉબેર અને રેપિડો જેવી ઓનલાઈન એપ્લિકેશનનો ઉપયોગ કરી મુસાફરી કરે છે પરંતુ, છેલ્લા કેટલાક સમયથી તે લોકોનો સમય પણ બગાડી રહ્યો છે અને ભાડું પણ વધારે આપીને મુસાફરી કરવી પડી રહી છે.

CNG 94 પહોંચવા છતાં કંપનીઓ જૂના ભાવે શોષણ કરે છે

સાથેની વાતચીતમાં ટેક્સી ચાલક એસોસિએશને જણાવ્યું હતું કે, ભારત ટેક્સી પર સરકાર દ્વારા નિયમ મુજબ ભાડું આપવામાં આવે છે. જ્યારે અન્ય ઓનલાઈન એપ્લિકેશન દ્વારા સરકારના નિયમ મુજબ વધારા સાથેનું ભાડું આપવામાં આવતું નથી. જેથી મુસાફરોને ભારત ટેક્સી પર ભાડું વધારે લાગે છે. જ્યારે 56 રૂપિયા CNG હતું ત્યારે પણ ઓલા, ઉબેર અને રેપિડો દ્વારા 8થી 10 રૂપિયા આપવામાં આવતા હતા. આજે CNG 94 રૂપિયા પહોંચી ગયું છે છતાં પણ તે 8થી 10 રૂપિયા જ પ્રતિ કિલોમીટર ભાડું આપીને શોષણ કરવામાં આવે છે. સરકાર દ્વારા પ્રતિ કિલોમીટર 20 રૂપિયા ભાડું નક્કી કરેલું છે.

ચાંદખેડામાં પતિની પત્ની સામે કાળાજાદૂની ફરિયાદ : લગ્ન બાદ તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવ્યાનો આક્ષેપ, ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી

અમદાવાદ, તા.26

ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકે પોતાની પત્ની તપસ્યા 6 લોકો વિરુદ્ધ વિશ્વાસઘાત તથા કાળાજાદૂની ફરિયાદ નોંધાવી છે. યુવકના વર્ષ 2025માં મહારાષ્ટ્રમાં રહેતી યુવતી સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પત્નીએ કાવતરાના ભાગરૂપે લગ્ન કર્યા હોવાની અને તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ચાંદખેડા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકે પોતાની પત્ની તપસ્યા 6 લોકો વિરુદ્ધ વિશ્વાસઘાત તથા કાળાજાદૂની ફરિયાદ નોંધાવી છે. યુવકના વર્ષ 2025માં મહારાષ્ટ્રમાં રહેતી યુવતી સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પત્નીએ કાવતરાના ભાગરૂપે લગ્ન કર્યા હોવાની અને તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ચાંદખેડા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

'કાળા જાદૂથી તને પોતાના જીવનમાં લાવવામાં આવ્યો'

ચાંદખેડામાં રહેતા 26 વર્ષીય અર્જુન રાજપૂતે ફરિયાદ નોંધાવી છે કે, લગ્ન બાદ તપસ્યા અવારનવાર અર્જુન પાસેથી રૂપિયા માગતી હતી અને પૈસા ન આપે તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતી હતી. તપાસ્યા અર્જુનને અપમાનજનક વાતો કહી માનસિક ત્રાસ આપતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. તપસ્યાએ અર્જુનને જણાવ્યું હતું કે, તેના અનેક યુવકો સાથે પ્રેમસંબંધ છે અને અર્જુનને કાળા જાદૂથી થોડા સમય માટે પોતાના જીવનમાં લાવવામાં આવ્યો છે.

પત્ની, સાસરીયાના ત્રાસથી કંટાળી યુવકે ફરિયાદ નોંધાવી

તપસ્યાએ તેના મોબાઈલમાં તાંત્રિકોના ફોટોગ્રાફ્સ બતાવ્યા હતા અને તેની મુલાકાત બે તાંત્રિક સાથે કરાવી હતી. ત્યારબાદ તપસ્યાએ તેની માતા



સાથે મળીને અર્જુન સાથે વીડિયો કોલ કર્યો હતો, જેમાં તેના પર તાંત્રિક વિધિ કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. શ્રદ્ધા શર્મા નામની મહિલા તાંત્રિકે અર્જુન ઉપર બે વખત વિધિ કરી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. વિધિ બાદ અર્જુનની તબિયત વધુ લથડી હતી. ત્યારે પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળીને અંતે તેણે ચાંદખેડા પોલીસનો સંપર્ક કર્યો છે. અર્જુનની ફરિયાદના આધારે પત્ની તપાસ્યા, ધર્મિષ્ઠા, અજય, કર્ણજિત, રજની અને શ્રદ્ધા વિરુદ્ધ પોલીસે તપાસ શરૂ કરી છે. ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકે પોતાની પત્ની તપસ્યા 6 લોકો વિરુદ્ધ વિશ્વાસઘાત તથા કાળાજાદૂની ફરિયાદ નોંધાવી છે. યુવકના વર્ષ 2025માં મહારાષ્ટ્રમાં રહેતી યુવતી સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પત્નીએ કાવતરાના ભાગરૂપે લગ્ન કર્યા હોવાની અને તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ચાંદખેડા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

'કાળા જાદૂથી તને પોતાના જીવનમાં લાવવામાં આવ્યો'

ચાંદખેડામાં રહેતા 26 વર્ષીય અર્જુન રાજપૂતે ફરિયાદ નોંધાવી છે કે, લગ્ન બાદ તપસ્યા અવારનવાર અર્જુન પાસેથી રૂપિયા માગતી હતી અને પૈસા ન આપે તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતી હતી. તપાસ્યા અર્જુનને અપમાનજનક વાતો કહી માનસિક ત્રાસ આપતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. તપસ્યાએ અર્જુનને જણાવ્યું હતું કે, તેના અનેક યુવકો સાથે પ્રેમસંબંધ છે અને અર્જુનને કાળા જાદૂથી થોડા સમય માટે પોતાના જીવનમાં લાવવામાં આવ્યો છે.

તપસ્યાએ તેના મોબાઈલમાં તાંત્રિકોના ફોટોગ્રાફ્સ બતાવ્યા હતા અને તેની મુલાકાત બે તાંત્રિક સાથે કરાવી હતી. ત્યારબાદ તપસ્યાએ તેની માતા સાથે મળીને અર્જુન સાથે વીડિયો કોલ કર્યો હતો, જેમાં તેના પર તાંત્રિક વિધિ કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. શ્રદ્ધા શર્મા નામની મહિલા તાંત્રિકે અર્જુન ઉપર બે વખત વિધિ કરી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. વિધિ બાદ અર્જુનની તબિયત વધુ લથડી હતી. ત્યારે પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળીને અંતે તેણે ચાંદખેડા પોલીસનો સંપર્ક કર્યો છે. અર્જુનની ફરિયાદના આધારે પત્ની તપાસ્યા, ધર્મિષ્ઠા, અજય, કર્ણજિત, રજની અને શ્રદ્ધા વિરુદ્ધ પોલીસે તપાસ શરૂ કરી છે. ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકે પોતાની પત્ની તપસ્યા 6 લોકો વિરુદ્ધ વિશ્વાસઘાત તથા કાળાજાદૂની ફરિયાદ નોંધાવી છે. યુવકના વર્ષ 2025માં મહારાષ્ટ્રમાં રહેતી યુવતી સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પત્નીએ કાવતરાના ભાગરૂપે લગ્ન કર્યા હોવાની અને તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ચાંદખેડા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. શ્રદ્ધા શર્મા નામની મહિલા તાંત્રિકે અર્જુન ઉપર બે વખત વિધિ કરી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. વિધિ બાદ અર્જુનની તબિયત વધુ લથડી હતી. ત્યારે પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળીને અંતે તેણે ચાંદખેડા પોલીસનો સંપર્ક કર્યો છે. અર્જુનની ફરિયાદના આધારે પત્ની તપાસ્યા, ધર્મિષ્ઠા, અજય, કર્ણજિત, રજની અને શ્રદ્ધા વિરુદ્ધ પોલીસે તપાસ શરૂ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

રિપોર્ટ-અમેરિકા મિડટર્મ ઇલેક્શન પછી ઈરાન પર હુમલો કરી શકે છે : ટ્રમ્પે યુદ્ધ રોકવાનો પ્રસ્તાવ ઠુકરાવ્યો, હોર્મુઝ ખોલવાની ઓફર પણ સ્વીકારી નહીં

વોશિંગ્ટન, તા.26

અમેરિકા ઈરાન પર ફરીથી હુમલો કરી શકે છે. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના 7 દિવસમાં યુદ્ધ રોકવાના પ્રસ્તાવને ફગાવી દીધો છે.

અમેરિકન અધિકારીઓને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પે પોતાના સહયોગીઓને કહ્યું છે કે નવેમ્બરમાં યોજાનારી અમેરિકાની મિડટર્મ ચૂંટણી બાદ ઈરાન પર ફરીથી બોમ્બમારો શરૂ કરવો જોઈએ.

ઈરાને ગુરુવારે યુદ્ધ રોકવા માટે 7 દિવસની એક યોજના રજૂ કરી હતી. તેના હેઠળ સંઘર્ષ રોકવા, સાતમા દિવસે હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવા અને ત્યાર બાદ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે વાતચીત શરૂ કરવાની વાત કરવામાં આવી હતી.

અરાઘચીએ મધ્યસ્થીઓ મારફતે પ્રસ્તાવ આપ્યો હતો

ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પત્રકારોને કહ્યું હતું કે ઈરાને મધ્યસ્થીઓ મારફતે અમેરિકા સમક્ષ યુદ્ધ



રોકવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમના અનુસાર, અમેરિકાની મિડટર્મ ચૂંટણી પહેલાં સમજૂતી થઈ જાય તો તે વધુ સારું રહેશે.

અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે આ યોજના જૂનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરાર જેવી જ છે.

ટ્રમ્પે UNમાં ઈરાનને ધમકી આપી હતી

22 સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાષણ દરમિયાન ટ્રમ્પે ઈરાન અંગે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે તેમની સામે બે રસ્તા છે–ઈરાન સાથે એવો કરાર કરવો, જેના કારણે તે ફરીથી મજબૂત બની શકે, અથવા ઈસ્લામિક રિપબ્લિકનો અંત લાવી દેવો.

ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે તેમને આશા છે કે ચૂંટણી પછી ઈરાન સાથે કોઈ કરાર થઈ શકે છે.

પજશકિયાને ટ્રમ્પ પર કરાર તોડવાનો આરોપ લગાવ્યો

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝશકિયાને ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં જૂનમાં થયેલા કરારનો અમલ ન થવા માટે ટ્રમ્પને જવાબદાર ઠેરવ્યા હતા.

પઝશકિયાને કહ્યું હતું કે બંને દેશો વચ્ચે કરાર થયો હતો અને ઈરાન આગળની વાતચીત માટે પણ તૈયાર હતું. તેમણે દાવો કર્યો કે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ઈરાને બંધ કર્યો ન હતો, પરંતુ ત્યારબાદ અમેરિકાએ ઈરાન પર હુમલો કરી દીધો.

તેમણે કહ્યું કે અમેરિકાએ વાતચીતને બદલે સૈન્ય કાર્યવાહીનો માર્ગ પસંદ કર્યો. પઝશકિયાને એવો પણ આરોપ લગાવ્યો કે ઈરાનના સર્વોચ્ચ નેતા, વૈજ્ઞાનિકો, સૈન્ય કમાન્ડરો અને સરકારી અધિકારીઓની હત્યા કરવામાં આવી.

પઝશકિયાનએ UNમાં પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લાહ અલી ખામેનીની તસવીર દર્શાવી હતી.

ઈરાનની માગ- અમેરિકી સૈન્ય કાર્યવાહીનો અંત આવે

જર્મનીના વિદેશમંત્રી યોહાન વાડેફુલ સાથે મુલાકાત દરમિયાન અરાઘચીએ કહ્યું હતું કે ઈરાને અમેરિકા સમક્ષ વાતચીત આગળ વધારવા માટે પોતાની શરતો રજૂ કરી દીધી છે. તેમણે કહ્યું કે ક્ષેત્રમાં સુરક્ષા પુનઃસ્થાપિત કરવા માટે ઈરાન વિરુદ્ધની અમેરિકી સૈન્ય કાર્યવાહીનો અંત આવવો જોઈએ.

અરાઘચીએ એમ પણ કહ્યું કે ઈરાન પોતાના શાંતિપૂર્ણ પરમાણુ કાર્યક્રમને લઈને વાતચીત માટે તૈયાર છે. તેમના જણાવ્યા મુજબ, વાતચીત વચ્ચે અમેરિકા અને ઇઝરાયેલની સૈન્ય કાર્યવાહીને અવગણી શકાય નહીં.

શહબાઝની UNમાં ભારતને યુદ્ધની ધમકી : કહ્યું- ગયા વર્ષે પણ જીત્યા હતા

- ભારતનો જવાબ - બરબાદ થયેલા રનવે જીત છે તો પાકિસ્તાન સેલિબ્રેશન કરે

ન્યૂયોર્ક, તા.26

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતને યુદ્ધની ધમકી આપી. તેમણે કહ્યું કે ભારત સિંધુ નદીનું પાણી ન રોકે. પાણી રોકવાના પ્રયાસને પાકિસ્તાન યુદ્ધની કાર્યવાહી માનશે. શહબાઝ શરીફે સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીરનો મુદ્દો પણ ઉઠાવ્યો. શહબાઝે કહ્યું કે કાશ્મીર અમારા માટે ગળાની નસ સમાન છે. હકીકતમાં, ગળાની નસ શરીરનો મહત્વપૂર્ણ ભાગ છે. તેના કપાઈ જતાં જ માણસનું મૃત્યુ થઈ જાય છે. શહબાઝ શરીફે ગયા વર્ષે થયેલા ભારત-પાકિસ્તાન યુદ્ધનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું,

ગયા વર્ષે થયેલા યુદ્ધમાં ફીલ્ડ માર્શલ આસિમ મુનીરના નેતૃત્વમાં પાકિસ્તાની સેનાએ ભારતને પાઠ ભણાવ્યો હતો અને જીત મેળવી હતી.

શરીફના દાવા પર સંયુક્ત રાષ્ટ્રમાં ફર્સ્ટ સેક્રેટરી પેટલ ગેહલોતે કહ્યું કે આખી દુનિયા સામે સેટેલાઇટ તસવીરો અને પુરાવા ઉપલબ્ધ છે કે ભારતીય કાર્યવાહી દરમિયાન પાકિસ્તાનના સૈન્ય એરબેઝ તબાહ થયા હતા. તેમણે કહ્યું કે જો તબાહ થયેલા



રનવે અને બળી ગયેલા હેંગર પાકિસ્તાનને જીત જેવા લાગે છે, તો તે આ કાલ્પનિક જીતની ઉજવણી કરવા માટે સ્વતંત્ર છે.

પહેલગામ હુમલો અને ભારત-પાકિસ્તાન સંઘર્ષનો ઉલ્લેખ

શહબાઝ શરીફે પોતાના ભાષણમાં પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધેલા તણાવનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે પાકિસ્તાની સેનાએ ફિલ્ડ માર્શલ આસિમ મુનીરના નેતૃત્વમાં સચોટ જવાબ આપ્યો.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે મે 2025માં બંને દેશો વચ્ચેનો તણાવ ઘટાડવામાં અને યુદ્ધ જેવી સ્થિતિ ટાળવામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહી.

શહબાઝે કહ્યું કે ટ્રમ્પના પ્રયાસોથી મોટો સંઘર્ષ ટળી ગયો. આ અંગેનો 87 સેકન્ડનો વીડિયો ટ્રમ્પે શુક્રવારે કોઈપણ ટિપ્પણી કર્યા વિના ટ્રુથ સોશિયલ પર શેર કર્યો. શહબાઝે એમ પણ કહ્યું કે દક્ષિણ એશિયામાં ફરીથી આવા સંજોગો ઊભા ન થવા જોઈએ. તેમના જણાવ્યા અનુસાર, આ માટે કાશ્મીર મુદ્દાનો ઉકેલ જરૂરી છે. શહબાઝ શરીફના દાવાઓ પર ભારતીય રાજદ્વારી આર. શ્રીનિવાસ હસતા જોવા મળ્યા.

સિંધુ જળ સંધિ અંગે ભારતના પગલાને ગેરકાયદેસર ગણાવ્યું

શહબાઝે કહ્યું કે ગયા વર્ષે ભારત-પાકિસ્તાન સંઘર્ષ બાદ ભારતે આ સંધિ એકતરફી રીતે સ્થગિત કરી દીધી, જેનો કોઈ કાનૂની આધાર નથી.

કેનેડિયન લેખક પર AIથી પુસ્તક લખવાનો આરોપ : ફ્રાન્સના સૌથી મોટા પુરસ્કારની રેસમાંથી બહાર, લેખકે કહ્યું- 2019માં આ બધું નહોતું

- પૈંગ્રામ- પુસ્તકના 95% હિસ્સામાં AIના ઉપયોગની સંભાવના છે.



ન્યૂયોર્ક, તા.26

હૈતીના લેખક થેલીસન ઓરેલિયનની કૃતિને ફ્રાન્સના સૌથી મોટા સાહિત્યિક પુરસ્કાર 'પ્રિક્સ ગોંકુર'ની રેસમાંથી બહાર કરી દેવામાં આવી છે. ઓરેલિયન પર તેમની કૃતિ 'ઇટ વોઝ અધર ધેટ ઑર ડાઈ' લખવામાં AIની મદદ લેવાનો આરોપ મૂકાયો છે.

લેખકે આ આરોપનો ઇનકાર કર્યો છે. તેમણે કહ્યું કે પુસ્તક પર 2017માં કામ શરૂ થયું હતું અને 2019માં તેનો પહેલો ડ્રાફ્ટ તૈયાર કરી લેવામાં આવ્યો હતો. તે સમયે સામાન્ય લોકો માટે AI ઉપલબ્ધ નહોતું.

જોકે, ગોંકુર એકેડમી આ વાત સાથે સહમત થઈ નથી. એકેડમીએ કહ્યું કે રિસર્ચર્સ અને પત્રકારોની તપાસમાં પુસ્તકનો મોટો હિસ્સો AIની મદદથી લખાયો હોવાના સંકેતો મળ્યા છે. એકેડમીએ કહ્યું કે તેઓ AIથી તૈયાર કરાયેલા સાહિત્યને કોઈપણ રીતે પ્રોત્સાહન આપવા માંગતા નથી.

સોશિયલ મીડિયા પોસ્ટથી શરૂ થયો વિવાદ

ઓરેલિયનના પુસ્તકને લઈને વિવાદ એક નાના અજ્ઞાત સોશિયલ મીડિયા અકાઉન્ટથી શરૂ થયો. બાદમાં ફ્રાન્સના અખબાર લે ફિગારોના લેખક સેમ્યુઅલ ફિતૂસીએ સ્વીકાર્યું કે તેઓ આ અકાઉન્ટ ચલાવતા હતા.

ફિતૂસીએ કહ્યું કે કેટલાક યુઝર્સે તેમને ઓરેલિયનના પુસ્તકની તપાસ કરવા કહ્યું હતું. ત્યારબાદ તેમણે પુસ્તકની તપાસ પૈંગ્રામ નામના AI આધારિત હસ્તલેખન ઓળખવાના ટૂલથી કરી. તેમનું કહેવું હતું કે તેનો હેતુ ઓરેલિયનને નિશાન બનાવવાનો નહોતો. તેઓ લોકોનું ધ્યાન એ તરફ દોરવા માંગતા હતા કે AIનો ઉપયોગ હવે પુસ્તકો લખવામાં પણ થઈ રહ્યો છે.

ત્રણ AI ટૂલ્સની મદદથી પુસ્તકની તપાસ

ઓરેલિયનના પુસ્તકની તપાસ ત્રણ AI ઓળખી શકતા સાધનો અને અનેક નિષ્ણાતોએ કરી. આ તપાસોમાં પુસ્તકમાં AIના ઉપયોગની સંભાવના દર્શાવવામાં આવી. જોકે, નિષ્ણાતોએ એમ પણ કહ્યું કે આવા સાધનોના પરિણામોને 100% સચોટ માની શકાય નહીં.

પૈંગ્રામ- પુસ્તકના 95% હિસ્સામાં AIના ઉપયોગની સંભાવના છે. GPT ઝીરો- પુસ્તકના 87% હિસ્સામાં AIના ઉપયોગની સંભાવના છે. વિન્સ્ટન- અલગ-અલગ હિસ્સામાં 12%થી 66% માનવીય લેખનની સંભાવના દર્શાવી. ફ્રાન્સના AI રિસર્ચર થિયરી પોઈબોએ કહ્યું કે પુસ્તકમાં AIનો ઉપયોગ થયો હોવાની સંભાવના છે, પરંતુ અત્યારે આ વાત સંપૂર્ણપણે નિશ્ચિતપણે કહી શકાય નહીં.

ફ્રાન્સમાં પુસ્તકની ખૂબ ચર્ચા થઈ રહી છે

ઓરેલિયનનું પુસ્તક ફ્રાન્સમાં પહેલેથી જ ચર્ચામાં હતું. તેમાં હાઈસ્કૂલના એક શિક્ષકની કહાની છે, જે હૈતીમાં ગેંગથી બચીને બહાર નીકળે છે. ત્યારબાદ તે ડેરિયન ગેપ (ગાઢ જંગલો, પહાડીઓ અને કાદવ-કીચડથી ભરેલો એક ખતરનાક માર્ગ) પાર કરીને અમેરિકા અને પછી કેનેડા પહોંચે છે.

સાઉદીએ પરમાણુ બોમ્બ બનાવવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યાનો રિપોર્ટ

અમેરિકા પરમાણુ વીજળી બનાવવાની ટેકનોલોજી આપી રહ્યું છે, ઇઝરાયલ કરી ચૂક્યું છે વિરોધ, પરમાણુ વીજળી બનાવતી ટેક્નોલોજીથી હથિયાર બનાવવાનો માર્ગ ખુલી શકે છે

વોશિંગ્ટન ડીસી, તા.26

સાઉદી અરેબિયાએ પરમાણુ બોમ્બ બનાવવાની સંભાવનાને સંપૂર્ણપણે નકારી નથી. અમેરિકન ગુપ્તચર એજન્સીઓના એક ગુપ્ત અહેવાલમાં આ વાત સામે આવી છે.

અમેરિકન અખબાર ધ વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ ગુપ્તચર એજન્સીઓનો અહેવાલ અમેરિકી સંસદને સોંપવામાં આવ્યો છે. જોકે અમેરિકન અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે સાઉદીએ હજુ પરમાણુ બોમ્બ બનાવવાનો નિર્ણય લીધો નથી.

આ અહેવાલ અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે થયેલા નવા પરમાણુ કરાર બાદ સામે આવ્યો છે. જુલાઈમાં થયેલા આ કરાર હેઠળ સાઉદી અરેબિયામાં પરમાણુ વીજળીનું માળખું તૈયાર કરવામાં આવશે. ઇઝરાયલ આ કરારનો વિરોધ કરી ચૂક્યું છે.

ઈરાને બોમ્બ બનાવ્યો તો સાઉદી પણ આવું કરી શકે છે

સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને અગાઉ જ કહી દીધું છે કે જો ઈરાન પરમાણુ હથિયાર બનાવશે, તો સાઉદી અરેબિયા પણ પરમાણુ હથિયાર બનાવવાનો પ્રયાસ કરશે.



અમેરિકન અધિકારીઓ પણ લાંબા સમયથી માનતા આવ્યા છે કે સાઉદી પરમાણુ હથિયાર બનાવવામાં રસ ધરાવે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે સાઉદીએ બોમ્બ બનાવવાનો નિર્ણય લઈ લીધો છે.

પરમાણુ વીજળી બનાવતી ટેક્નોલોજીથી હથિયાર બનાવવાનો માર્ગ ખુલી શકે છે

પરમાણુ વીજળી બનાવવા માટે યુરેનિયમને એક ખાસ પ્રક્રિયા દ્વારા તૈયાર કરવામાં આવે છે. તેને યુરેનિયમ એનરિચમેન્ટ કહેવામાં આવે છે.

નવા કરાર હેઠળ સાઉદી અરેબિયા યુરેનિયમને લગભગ 20% સુધી એનરિચ કરી શકશે. આ પરમાણુ બોમ્બ માટે જરૂરી સ્તર કરતાં ઘણું ઓછું છે.

પરંતુ સમસ્યા એ છે કે એકવાર કોઈ દેશ પાસે યુરેનિયમને 20% સુધી એનરિચ કરવાની ક્ષમતા આવી જાય, તો તેને હથિયાર બનાવવા યોગ્ય સ્તર સુધી પહોંચાડવામાં ઓછો સમય લાગી શકે છે.

આ જ કારણસર અમેરિકન સાંસદોને ભય છે કે સાઉદી અરેબિયા ભવિષ્યમાં પરમાણુ હથિયાર બનાવવાની દિશામાં આગળ વધી શકે છે.

સાંસદોનો સવાલ- સાઉદીને પોતાના દેશમાં એનરિચમેન્ટ શા માટે જોઈએ છે?

અમેરિકન સેનેટર એડ માર્કી અને જેફ મર્કલી સહિત છ ડેમોક્રેટ સાંસદોએ આ કરારનો વિરોધ કર્યો છે.

તેમનો સવાલ છે કે જો સાઉદી અરેબિયાનો ઉદ્દેશ માત્ર પરમાણુ વીજળી બનાવવાનો છે, તો તે પોતાના દેશમાં યુરેનિયમ એનરિચ કરવાની સુવિધા શા માટે ઇચ્છે છે?

સાંસદોએ સાઉદી નેતાઓના એ જૂના નિવેદનોનો પણ ઉલ્લેખ કર્યો છે, જેમાં ઈરાન પરમાણુ હથિયારો મેળવશે તો સાઉદી પણ એવું જ કરશે તેમ કહેવામાં આવ્યું હતું.

અમેરિકાએ કહ્યું- સમજૂતી પરમાણુ હથિયારો બનાવવા માટે નથી

અમેરિકી વહીવટીતંત્રનું કહેવું છે કે આ સમજૂતીનો હેતુ સાઉદી અરેબિયામાં શાંતિપૂર્ણ પરમાણુ ઊર્જાનો વિકાસ કરવાનો છે.

અમેરિકા અનુસાર, તેનાથી પ્રદેશની સુરક્ષા મજબૂત થશે અને પરમાણુ હથિયારોના પ્રસારને રોકવાના નિયમોનું પાલન થશે.

અમેરિકા અને સાઉદી વચ્ચેની સમજૂતી 30 વર્ષની

અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે થયેલી આ સમજૂતી 30 વર્ષની છે. તેના હેઠળ અમેરિકી કંપનીઓ સાઉદી અરેબિયામાં પરમાણુ વીજળી સાથે સંબંધિત માળખું તૈયાર કરવામાં મોટી ભૂમિકા ભજવશે.

અમેરિકી સંસદ આ સમજૂતીની સમીક્ષા કરી રહી છે. તેના માટે સંસદ પાસે 90 દિવસનો સમય છે.

જો આ સમયગાળા દરમિયાન સંસદ સમજૂતીને રોકવા માટેનો પ્રસ્તાવ પસાર નહીં કરે, તો તે આપમેળે અમલમાં આવી શકે છે.

'એક આતંકવાદી દેશ મને સવાલ પૂછે છે...': UNમાં જયશંકરે પાકિસ્તાનના રિપોર્ટરનો ક્લાસ લીધો, એક જ વાક્ય બોલીને બોલતી બંધ કરી હસીને ચાલતા બન્યા

ન્યૂયોર્ક, તા.26

વિદેશ મંત્રી એસ. જયશંકરે શુક્રવારે એક પાકિસ્તાની રિપોર્ટર પર કટાક્ષ કર્યો. રિપોર્ટરે ભારત પર પાકિસ્તાનમાં આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો. આ અંગે જયશંકરે કહ્યું, "એક આતંકવાદી દેશ મને આ સવાલ પૂછી રહ્યો છે." રિપોર્ટરના સવાલનો જવાબ આપ્યા બાદ તેઓ સ્મિત કરીને ત્યાંથી નીકળી ગયા.

જયશંકરે પાકિસ્તાની પત્રકારને જવાબ આપ્યો તેનો VIDEO

ખરેખર, સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર મીડિયા દ્વારા પૂછાયેલા સવાલોના જવાબ આપી રહ્યા હતા. આ દરમિયાન ભારતની વિદેશ નીતિ, વૈશ્વિક સુરક્ષા અને આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈ અંગે ચર્ચા થઈ રહી હતી.

4 વર્ષ પહેલાં પણ આવો જ જવાબ આપ્યો હતો

આ પહેલાં સિપ્ટેમ્બર 2022માં ન્યૂયોર્કમાં એક પાકિસ્તાની પત્રકારે જયશંકરને પૂછ્યું હતું કે દક્ષિણ એશિયા આખરે ક્યાં સુધી ભારત, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકવાદનો સામનો કરતું રહેશે.

આ અંગે જયશંકરે કહ્યું હતું,

તમે ખોટા મંત્રીને સવાલ પૂછી રહ્યા છો. પાકિસ્તાન આતંકવાદ કેટલા સમય સુધી ચાલુ રાખવા માગે છે, તે પાકિસ્તાનના મંત્રીઓ જણાવશે.

ભારત-પાકિસ્તાન વચ્ચે આતંકવાદ મોટો વિવાદ

ભારત લાંબા સમયથી પાકિસ્તાન પર સરહદ પારના આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવતું રહ્યું છે. પાકિસ્તાન આ આરોપોને નકારે છે. બંને દેશો વચ્ચે આતંકવાદનો મુદ્દો લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય મંચો પર ઉઠતો રહ્યો છે.



ભારતે એપ્રિલ 2025ના પહલગામ આતંકવાદી હુમલાનો મુદ્દો પણ આંતરરાષ્ટ્રીય મંચો પર ઉઠાવ્યો છે. આ હુમલામાં 26 લોકોનાં મોત થયાં હતાં. ત્યારબાદ ભારતે ઑપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.

ભારતે આંતરરાષ્ટ્રીય મંચો પર પાકિસ્તાનમાં હાજર અથવા ત્યાંથી સંચાલિત આતંકવાદી સંગઠનો અને આતંકવાદના ભંડોળનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. બીજી તરફ, પાકિસ્તાન ભારતના આરોપોને નકારતું રહ્યું છે.

જયશંકરે દરિયાઈ જહાજો પરના હુમલાનો મુદ્દો ઉઠાવ્યો

જયશંકરે પ્રેસ કૉન્ફરન્સમાં ખાડી, લાલ સમુદ્ર અને કાળા સમુદ્રમાં વેપારી જહાજો પર વધી રહેલા હુમલાનો મુદ્દો પણ ઉઠાવ્યો.

તેમણે કહ્યું કે હવે આ ક્યારેક બનતી ઘટનાઓ રહી નથી. દરિયાઈ માર્ગો પર થતા આવા હુમલા વિશ્વના વેપાર અને લોકોની સુરક્ષા માટે ચિંતાનો વિષય છે.

જયશંકરે લાઇબેરિયાના વિદેશ મંત્રી સારા બેયસોલો નયંતી સાથે જહાજો અને નાવિકોની સુરક્ષા અંગે રચાયેલા 'ગ્રુપ ઑફ ફ્રેન્ડ્સ'ની પ્રથમ બેઠક દરમિયાન દરિયાઈ જહાજો પર વધતા હુમલાઓનો મુદ્દો ઉઠાવ્યો.

જયશંકરે લાઇબેરિયાના વિદેશ મંત્રી સારા બેયસોલો નયંતી સાથે જહાજો અને નાવિકોની સુરક્ષા અંગે રચાયેલા 'ગ્રુપ ઑફ ફ્રેન્ડ્સ'ની પ્રથમ બેઠક દરમિયાન દરિયાઈ જહાજો પર વધતા હુમલાઓનો મુદ્દો ઉઠાવ્યો.

છેલ્લા 3 મહિનામાં 7 ભારતીયોના મોત, 1 લાપતા

8 જુલાઈ- બ્લેક સીમાં MV ઓમોઈ પર થયેલા હુમલામાં ભારતીય ચીફ ઓફિસરનું મોત થયું.

19 જુલાઈ- MV ગોલ્ડન લિયો પર થયેલા હુમલામાં ચાર ભારતીય નાવિકો માર્યા ગયા.

9 સપ્ટેમ્બર- હોર્મુઝ સ્ટ્રેટમાં એલ ગૈયા ટેન્કર પર હુમલો થયો, જેના બાદ એક ભારતીય ક્રૂ સભ્ય લાપતા થઈ ગયો.

17 સપ્ટેમ્બર- ઓમાનની ખાડીમાં MV કેપ ડાઓ પર થયેલા હુમલામાં એક ભારતીય નાવિકનું મોત થયું.

કાલે UNGAમાં બોલશે જયશંકર

વિદેશ મંત્રી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 81મા સત્રના હાઈ લેવલ સેશનમાં 26 સપ્ટેમ્બરે ભારતનો પક્ષ રજૂ કરશે.

અતિથિ દેવો ભવ: વિશ્વ પ્રવાસન દિવસે પ્રકૃતિ, શ્રદ્ધા અને આધુનિકતાના સંગમસમા ગુજરાતનો પ્રવાસન વિકાસ

નવી દિલ્હી, તા.26

દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરે ઉજવાતો 'વિશ્વ પ્રવાસન દિવસ' સાંસ્કૃતિક વિરાસત, કુદરતી સૌંદર્ય અને આર્થિક સમૃદ્ધિને એક તાંતણે બાંધવાનો ખાસ અવસર છે. એક સમય હતો જ્યારે ગુજરાત માટે કહેવાતું કે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા', પણ આજે ગુજરાત સરકારે પોતાના દૂરદેશી વિઝન, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીન વિચારસરણીથી રાજ્યના ખૂણે-ખૂણે પ્રવાસનનો એવો વ્યાપ વધાર્યો છે કે 'ગુજરાત નહીં દેખા તો પૂરા ભારત નહીં દેખા' જેવો માહોલ સર્જાયો છે. તારીખ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના આ વિશ્વ પ્રવાસન દિવસે, રાજ્ય સરકારે પ્રવાસન ક્ષેત્રને આપેલા વૈશ્વિક પરિમાણો ખરેખર પ્રશંસનીય છે. ગુજરાત સરકારે પ્રવાસનને માત્ર મનોરંજન પૂરતું સીમિત ન રાખતા તેને રોજગારી, સ્થાનિક કળાના પ્રોત્સાહન અને આર્થિક વિકાસના મુખ્ય એન્જિન તરીકે વિકસાવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીએ આજે સમગ્ર વિશ્વ માટે પ્રવાસનનું અદભુત નજરાણું બની ચૂક્યું છે, જેણે કેવડિયા જેવા વનવાસી વિસ્તારને આંતરરાષ્ટ્રીય સ્તરના ટુરિઝમ હબમાં પરિવર્તિત કરી દીધો છે. તે જ રીતે, યુનેસ્કો દ્વારા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો એવોર્ડ મેળવનાર ધોરડો અને કાળો ડુંગર કચ્છના સફેદ રણને વિશ્વભરમાં ખ્યાતિ અપાવી રહ્યા છે. ધોળાવીરાને મળેલું યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટનું બિરુદ અને સાસણ ગીરમાં એશિયાટિક સિંહોને જોવાની રોમાંચક સફારી ગુજરાતની પ્રાકૃતિક સંપદા અને ઐતિહાસિક સાક્ષી પૂરે છે. ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવાસન ક્ષેત્રે પણ રાજ્ય સરકારે નવો અરૂણોદય આણ્યો છે. સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ અને ગિરનાર જેવા પવિત્ર યાત્રાધામોનો કાયાકલ્પ કરીને શ્રદ્ધાળુઓ માટે સુગમ અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. આ ઉપરાંત, અમદાવાદની સાયન્સ સિટી, અટલ બ્રિજ, શિવરાજપુર બીચ અને નદી ઉત્સવોથી લઈને સ્ટેટ-ઓફ-ધી-આર્ટ રિન્યુએબલ નેચરલ ટુરિઝમ સુધીના પ્રકલ્પોએ તમામ વયજૂથના પ્રવાસીઓ માટે આકર્ષણ ઊભું કર્યું છે. 'હોમસ્ટે નીતિ' અને કમ્યુનિટી બેઝ્ડ ટુરિઝમને પ્રોત્સાહન આપીને સરકારે સ્થાનિક નાગરિકો અને યુવાનો માટે સ્વરોજગારના નવા દ્વાર ખોલી આપ્યા છે. સુદ્રઢ કાયદો-વ્યવસ્થા, સુરક્ષિત પરિવહન, વિશ્વસ્તરીય રોડ કનેક્ટિવિટી અને મહેમાનગતિની 'અતિથિ દેવો ભવ:' ની ભાવના સાથે ગુજરાત સરકારે પ્રવાસન ક્ષેત્રે એક નવી જ ઉંચાઈ સર કરી છે. તારીખ ૨૭ સપ્ટેમ્બરના આ આંતરરાષ્ટ્રીય પ્રવાસન દિને ગુજરાતની અદ્વિતીય સંસ્કૃતિ અને પ્રાકૃતિક વૈભવને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડીને રાજ્યને વૈશ્વિક પ્રવાસનનું ગૌરવવંતું સરનામું બનાવનાર ગુજરાત સરકારના સંકલ્પબદ્ધ પ્રયાસોને શત શત વંદન સહ અભિનંદન!

તંત્રી લેખ

મોદીએ તમામ મંત્રાલયો પાસે પાંચ વર્ષનો રોડ મેપ માંગ્યો

નવીદિલ્હી : છેલ્લા થોડા સમયથી ભાજપની ઘટી રહેલી લોકપ્રિયતાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચિંતીત થઈ ગયા છે. એમણે તમામ કેન્દ્રીય મંત્રીઓની બેઠક બોલાવી હતી. એમણે સૂચના આપી હતી કે સરકારના કામકાજને વધુ પારદર્શી અને પ્રભાવશાળી તેમજ પરિણામ લક્ષી બનાવવા માટે મંત્રીઓએ લોકો સાથે સીધો સંવાદ કરવો જોઈએ. લોકો સાથે જોડાઈને એમનો ફીડબેક લેવો તેમજ સરકારની નીતિઓને જમીનસ્તરે લાગુ કરવાનો પ્રયત્નો કરવાનું પણ એમણે મંત્રીઓને કહ્યું હતું. મોદીએ ચિંતન શીબીરના બીજા દિવસે તમામ મંત્રીઓ પાસે પાંચ વર્ષનો રોડ મેપ માંગ્યો છે. આવતા પાંચ વર્ષ દરમિયાન દેશની પ્રગતિ અને વિકાસ માટે શું કરી શકાય એની માહિતી માંગવામાં આવી છે. ચિંતન શીબીરમાં પીયુષ ગોયલ સહિત ૯ મંત્રીઓના પ્રેઝન્ટેશન પછી વડાપ્રધાને કહ્યું હતું કે, કલ્યાણકારી યોજનાઓ અને નીતિઓ ફક્ત કાગળ પર રહેવી જોઈએ નહીં. છેવટના માનવી સુધી પણ વિકાસ અને બદલાવ પહોંચે એ જરૂરી છે. વડાપ્રધાને એક ડઝન મંત્રાલયના કામકાજની સમીક્ષા કરવાથી કેન્દ્રીય મંત્રીઓ ફફડી ગયા છે.

બીજી ઓક્ટોબરે સીજેપીનું દેશ વ્યાપી પ્રદર્શન

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને રાજીનામું આપવા માટે ૨૪ કલાકની મહેતલ આપી છે. પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ કહ્યું છે કે જ્ઞાનેશ કુમાર જો શનિવાર સુધીમાં રાજીનામું નહીં આપે તો સીજેપી બીજી ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતીના દિવસે મુંબઈથી દેશ વ્યાપી પ્રદર્શનની શરૂઆત કરશે. ત્યાર પછી આંદોલનને દેશના વિવિધ શહેરો સુધી લઈ જવામાં આવશે. દિપકેએ ગાંધી જયંતીના દિવસે લોકતંત્ર બચાવવા સંકલ્પ કરવાની અપીલ કરી છે. પાર્ટીએ 'ઈલેકશન કમિશન ઠીક કરો' અભિયાનની શરૂઆત કરી છે. સીજેપીનો આક્ષેપ છે કે ૩૦ રાજ્યો અને કેન્દ્ર શાસીત પ્રદેશોમાં એસઆઈઆરને નામે મતદાર યાદીમાંથી ૧૩ કરોડ જેટલા મતદારો બહાર કરવામાં આવ્યા છે. આ કારણે લોકોના મતદાન કરવાના અધિકાર પર અસર પડે છે.

જેન ઝી મતદારો પર રાજકારણ જોરમાં

કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાંધીને ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના નિર્ણયને યાદ કર્યો હતો. રાજીવ ગાંધીએ ૧૯૮૮માં મતદાનની લઘુત્તમ ઉંમર ૨૧થી ઘટાડીને ૧૮ વર્ષ કરી હતી. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે આક્ષેપ કર્યો છે કે, એક વડાપ્રધાને યુવાન મતદારોને હક આપ્યો હતો, જ્યારે બીજા વડાપ્રધાન જેન ઝીના હકને ઝૂટવી લેવાની કોશિશ કરે છે. કોંગ્રેસનો આરોપ છે કે, જેન ઝીને મતદાર યાદીમાંથી બહાર રાખવાનું કાવતરુ ઘડાયું છે. પક્ષે મુખ્ય ચૂંટણી કમીશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું માગ્યું છે. કોંગ્રેસનું કહેવું છે કે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને કાવતરા માટે જવાબદાર ગણવામાં આવે. વડાપ્રધાનની ઈચ્છા છે કે, જેન ઝી મતદારોના નામ મતદાર યાદીમાંથી દુર થાય.

કોંગ્રેસના ગઢમાં અખિલેશનું શક્તિ પ્રદર્શન

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવએ કોંગ્રેસના પ્રભુત્વવાળા રાયબરેલી વિસ્તારમાંથી પીડીએ રથયાત્રાની શરૂઆત કરી છે. આ સ્થળેથી યાત્રાની શરૂઆત કેટલાક રાજકીય સંદેશાઓ આપે છે. રાહુલ ગાંધીની લોકસભા બેઠકના જિલ્લામાં શક્તિ પ્રદર્શન કરીને અખિલેશ યાદવ કોંગ્રેસને પણ મેસેજ આપવા માંગે છે. એ સાથે મનોજ પાંડેય, રાકેશ પ્રતાપ સિંહ અને અભય સિંહ જેવા બળવાખોર નેતાઓની ગેરહાજરી અનુભવાય નહીં એનું પણ ધ્યાન રાખ્યું છે. સમાજવાદી પાર્ટીએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં રાયબરેલીની ૬ બેઠકોમાંથી ૪ બેઠકો જીતી હતી. એમાં ઊંચાહારથી જીતેલા મનોજ પાંડેય હવે ભાજપમાં છે. ૨૦૨૪ની રાજ્યસભાની ચૂંટણીમાં મનોજ, ગૌરીગંજના ધારાસભ્ય રાકેશ, તેમજ ગોસાઈગંજના અભયએ ભાજપના ઉમેદવાર તરફે ક્રોસ વોટીંગ કર્યું હતું. ત્યાર પછી સપાએ ત્રણેને પક્ષમાંથી હાંકી કાઢયા હતા.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીની પ્રમુખ શિ જિનપિંગ વચ્ચે 2 દિવસીય "ડિનર ડિપ્લોમસી" યોજાઈ. આ બેઠકો વૈશ્વિક શાંતિ નહીં, પણ સત્તા અને સંસાધનોની ભૂખી બે સામ્રાજ્યવાદી માનસિકતાઓનો તમાશો છે. જાણકારોના મતે, બંને નેતાઓ માત્ર 'સમય ખરીદી' રહ્યા છે, જેથી ચીન અમેરિકન ટેકનોલોજી પરની નિર્ભરતા ઘટાડી શકે અને અમેરિકા સપ્લાય ચેઈનમાંથી ચીનને બહાર ધકેલી શકે.

વિશ્વશાંતિના નામે ટ્રમ્પ અને જિનપિંગની રાજકીય સોગઠાબાજી

બંને નેતાઓના આલિંગનમાં વિશ્વશાંતિની નહીં, પરંતુ વૈશ્વિક બજારોને ચૂંથી નાખવાની આતુરતા છલકાય છે

વિશ્વના સૌથી શક્તિશાળી ગણાતા બે દેશોના વડાઓ જ્યારે એક ભવ્ય ડાઈનિંગ ટેબલ પર આમને-સામને બેસીને હાસ્યના મહોરાં પહેરે છે, ત્યારે બાકીની દુનિયાએ સમજી લેવું જોઈએ કે તેના હિસ્સામાં નવો ભય અને નવી ગુલામી લખાવા જઈ રહી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીની પ્રમુખ શિ જિનપિંગ વચ્ચે છેલ્લા બે દિવસથી ચાલી રહેલી બેઠકો, મુલાકાતો, મીડિયા સામેના પોઝ અને કહેવાતી 'ડિનર ડિપ્લોમસી' બીજું કશું જ નથી, પરંતુ સત્તા અને સંસાધનોની ભૂખી બે સામ્રાજ્યવાદી માનસિકતાઓનો નફ્ફટ તમાશો છે. ટેબલ પર પીરસવામાં આવતી મોંઘી વાનગીઓની સુગંધ પાછળ સંરક્ષણ બજેટ વધારવાની દુર્ગંધ છુપાયેલી છે અને બંને નેતાઓના આલિંગનમાં વિશ્વશાંતિની નહીં, પરંતુ વૈશ્વિક બજારોને ચૂંથી નાખવાની આતુરતા છલકાય છે.

આ કોઈ બે જવાબદાર રાજનેતાઓ વચ્ચેનો વૈશ્વિક સંવાદ નથી. આ તો બે ચાલાક વેપારીઓ વચ્ચેની સોદાબાજી છે, જેમાં નિયમો બંનેના પોતાના છે અને ભોગ આખી પૃથ્વીના નિર્દોષ નાગરિકોનો લેવાઈ રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પની રાજનીતિ હંમેશાં આભાસી વાસ્તવિકતા અને ટીવી રેટિંગ્સના સિદ્ધાંત પર ચાલી છે. એક તરફ વિશ્વમાં યુદ્ધનો ભયાનક માહોલ ઊભો કરવો, સહયોગી દેશો પર ટેરિફના કોરડા વીંઝવા, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને લકવાગ્રસ્ત કરવી અને બીજી તરફ વ્હાઈટ હાઉસમાં બેસીને 'હું જ આ દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધથી બચાવી રહ્યો છું' તેવા આત્મશ્લાઘાના બણગાં ફૂંકવા. આ ટ્રમ્પની કાયમી મોડસ ઓપરેન્ડી છે.

તેમની છાપ હંમેશાં એક એવી વ્યક્તિની રહી છે જે પહેલાં પોતે જ આગ લગાવે છે અને પછી ફાયર બ્રિગેડનું એન્જિન લઈને ઊભા રહી જાય છે જેથી લોકો તેમને તારણહાર માને. તાજેતરના મધ્યપૂર્વના તણાવો હોય કે નાટો દેશો પર નાણાં ચૂકવવાનું દબાણ, ટ્રમ્પની નીતિઓએ વિશ્વભરમાં અસુરક્ષાનું વાતાવરણ ગંભીર બનાવ્યું છે. આવા સંજોગોમાં ચીનના વડા સાથે બેસીને તેઓ પોતે એક 'ગ્લોબલ પીસમેકર' અને કઠોર નેગોશિયેટર હોવાનો ડોળ કરી રહ્યા છે. પરંતુ સત્ય એ છે કે તેમની આખી રાજદ્વારી કવાયત સ્થાનિક મતોના સમીકરણો અને કોર્પોરેટ અમેરિકાના હિતો પૂરતી જ સીમિત છે. ટ્રમ્પને વિશ્વની નથી પડી, તેમને માત્ર પોતાની છબી અને અમેરિકન ડોલરના પ્રભુત્વની ચિંતા છે.

બીજી તરફ ટેબલની સામે બેઠેલા શિ જિનપિંગનો ચહેરો પણ કોઈ દૂધે ધોયેલો નથી. જિનપિંગ એવા સામ્યવાદી સરમુખત્યાર છે જેમણે મૂડીવાદના સૌથી વિકૃત સ્વરૂપને અપનાવીને એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના ગરીબ અને વિકાસશીલ દેશોને પોતાના 'ડેબ્ટ ટ્રેપ'માં ફસાવ્યા છે. બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ જેવા ભપકાદાર નામો હેઠળ શ્રીલંકા, પાકિસ્તાનથી માંડીને આફ્રિકન દેશોના બંદરો, ખનિજો અને જમીનો ગિરવે મૂકાવી દેનાર જિનપિંગ જ્યારે આંતરરાષ્ટ્રીય મંચ પર શાંતિ, સ્થિરતા અને વૈશ્વિક કલ્યાણની વાતો કરે છે, ત્યારે એ દ્રશ્ય કોઈ નિર્દયી શાહુકાર કર્મના ફળ વિશે ગંભીર પ્રવચન આપતો હોય તેવું વરવું લાગે છે. ચીનનું આર્થિક મોડલ નબળા દેશોની સાર્વભૌમત્વને ભરખી જવાનું છે. પોતાના દેશમાં લોકશાહી અને માનવાધિકારોનો કચ્ચરઘાણ કાઢનાર જિનપિંગ વોશિંગ્ટનના એર-કંડિશન્ડ હોલમાં બેસીને વિશ્વ સામે એવો દેખાવ કરે છે જાણે તેઓ પશ્ચિમી સામ્રાજ્યવાદ સામે ગ્લોબલ સાઉથના સાચા રક્ષક હોય!

આ બેઠકનું તટસ્થ મૂલ્યાંકન કરીએ તો સ્પષ્ટ દેખાય છે કે રાજદ્વારી પાસાંઓમાં શિ જિનપિંગનો હાથ ઘણો ઉપર છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે ચીને છેલ્લા બે દાયકામાં આધુનિક ટેકનોલોજીની કરોડરજ્જુ ગણાતા 'રેર અર્થ મિનરલ્સ' (દુર્લભ



ખનિજો) પર લગભગ એકહથ્થુ ઈજારો સ્થાપિત કરી લીધો છે. સ્માર્ટફોનથી માંડીને ઈલેક્ટ્રિક વ્હીકલ્સ, સેટેલાઈટ્સ અને અત્યાધુનિક ફાઈટર જેટ્સ સુધીની તમામ ચીજો નિયોડીમિયમ, ડિસ્પ્રોસિયમ કે લિથિયમ જેવા ખનિજો વિના અશક્ય છે. ચીન વૈશ્વિક રેર અર્થ પ્રોસેસિંગના ૭૦થી ૮૦ ટકાથી વધુ હિસ્સા પર નિયંત્રણ ધરાવે છે. જ્યારે પણ અમેરિકા ટેરિફ કે સેમિકન્ડક્ટર પ્રતિબંધોની ધમકી આપે છે, ત્યારે બેઈજિંગ માત્ર આ ખનિજોની નિકાસ ધીમી કરવાનો સંકેત આપે છે અને અમેરિકન ટેક-જાયન્ટ્સના પગ ધ્રૂજવા લાગે છે. જિનપિંગને સારી રીતે ખબર છે કે ટ્રમ્પની ધમકીઓ માત્ર સોશિયલ મીડિયા કે પ્રેસ કોન્ફરન્સ પૂરતી મર્યાદિત છે, જ્યારે ચીન પાસે અમેરિકાના મેન્યુફેક્ચરિંગ સેક્ટરનું ગળું દબાવી દેવાનું વાસ્તવિક હથિયાર છે. આ સંસાધનાત્મક આધિપત્યના જોરે જિનપિંગ બેઠકમાં સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે બેઠા છે, જ્યારે ટ્રમ્પ અંદરખાનેથી બચાવની મુદ્રામાં છે.

આ બંને પાસેથી માનવજાતના કલ્યાણની અપેક્ષા રાખવી એ મૂર્ખામીની પરાકાષ્ઠા

આંતરરાષ્ટ્રીય બાબતોના ગંભીર વિશ્લેષકો સ્પષ્ટપણે જોઈ રહ્યા છે કે ટ્રમ્પ અને જિનપિંગ આ બેઠકો દ્વારા માત્ર 'સમય ખરીદી' રહ્યા છે. ચીનને સમય જોઈએ છે જેથી તે અમેરિકન ટેકનોલોજી પરની પોતાની નિર્ભરતા સંપૂર્ણપણે ખતમ કરી શકે અને પોતાની અર્થવ્યવસ્થાને મજબૂત કરી શકે. અમેરિકાને સમય જોઈએ છે જેથી તે પોતાના ઘટતા ઉત્પાદન પાયાને ફરી ઊભો કરી શકે અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાંથી ચીનને ધીમે ધીમે બહાર ધકેલી શકે. પરિણામે, આ બેઠકોમાં કોઈ મૂળભૂત નીતિગત પરિવર્તન આવવાનું નથી. કોઈ મોટી સમજૂતી થશે તો પણ તે ઉપરછલ્લી અને કામચલાઉ હશે, જે થોડા મહિનાઓમાં કાગળનો ડૂચો સાબિત થશે. પરંતુ આ દરમિયાન જે નુકસાન થઈ રહ્યું છે તે આખી દુનિયા ભોગવી રહી છે બંને દેશોના આર્થિક ગજગ્રાહ અને ટેરિફ યુદ્ધને કારણે વિકાસશીલ દેશોનું ચલણ તૂટી રહ્યું છે, ફુગાવો વધી રહ્યો છે અને ગરીબ દેશો માટે દેવું ચૂકવવું અશક્ય બની રહ્યું છે. જ્યારે બે સૌથી મોટા પ્રદૂષક દેશો પોતાના અહંકારની લડાઈ લડતા હોય, ત્યારે વૈશ્વિક ગ્લોબલ વોર્મિંગ સામેની લડાઈ આપોઆપ કોરાણે મુકાઈ જાય છે. વિશ્વ ફરી એકવાર શીતયુદ્ધ જેવા દ્વિધ્રુવીય માળખામાં ધકેલાઈ રહ્યું છે, જ્યાં નાના દેશોને કોઈ એક પક્ષ પસંદ કરવા મજબૂર કરવામાં આવે છે. ટ્રમ્પ-જિનપિંગની આ હાઈ-પ્રોફાઈલ ડિનર ડિપ્લોમસી એ આધુનિક જમાનાનો સૌથી મોટો રાજકીય ઢોંગ છે. એક નેતા કે જે ચૂંટણી જીતવા માટે વૈશ્વિક આગ સાથે રમત રમી રહ્યો છે, અને બીજો નેતા કે જે આજીવન સત્તા ભોગવવા માટે સમગ્ર પૃથ્વીના સંસાધનો પર અજગરી ભરડો લઈ રહ્યો છે. આ બંને પાસેથી માનવજાતના કલ્યાણની અપેક્ષા રાખવી એ મૂર્ખામીની પરાકાષ્ઠા છે. તેમની બંધ બારણે થતી મીટિંગો, કેમેરા સામેની કૃત્રિમ મુસ્કાનો અને સંયુક્ત નિવેદનોના પોકળ શબ્દો પાછળ માત્ર એક જ સત્ય છુપાયેલું છે, સત્તા ટકાવી રાખવી અને પોતાના હિતો સાધવા. વિશ્વશાંતિ, વૈશ્વિક વેપાર અને માનવતાનું ભવિષ્ય આ બે દેશોના અહંકારના પાટા નીચે કચડાઈ રહ્યું છે. આ બેઠક કોઈ નવા યુગની શરૂઆત નથી, પરંતુ વૈશ્વિક અરાજકતાના આગામી અધ્યાયનું કાવતરાભર્યું રિહર્સલ માત્ર છે. સમય આવી ગયો છે કે બાકીનું વિશ્વ આ બે કહેવાતા 'શાહુકારો' અને 'મસીહાઓ'ના પાખંડને ઓળખે અને તેમના ગંદી રમતનો ભાગ બનવાનું છોડીને સભાનતા સાથે આગળ વધે.

મધ્યસત્ર ચૂંટણીનું દબાણ અને ઘટતી લોકપ્રિયતા ટ્રમ્પની મજબૂરી

ટ્રમ્પની ઉતાવળ અને બેચેની પાછળનું અસલી કારણ છે નવેમ્બરમાં માથે તોળાઈ રહેલી યુએસ મધ્યસત્ર ચૂંટણીઓ છે. અમેરિકામાં હાલમાં મોંઘવારી, જીવનનિર્વાહના વધતા ખર્ચ અને વૈશ્વિક સ્તરે અમેરિકન વર્ચસ્વ ઘટવાની ચિંતા વચ્ચે ટ્રમ્પની લોકપ્રિયતા સામે પ્રશ્નાર્થો ઊભા થયા છે. રિપબ્લિકન પાર્ટી માટે કૉંગ્રેસ પર નિયંત્રણ જાળવી રાખવું અત્યંત જરૂરી છે. ટ્રમ્પ પોતાના મતદારોને એવું વેચવા માગે છે કે તેઓ જ એકમાત્ર એવા નેતા છે જે ચીનને ઘૂંટણિયે લાવી શકે છે. તેથી જ તેઓ આ બેઠકને એક ઐતિહાસિક સફળતા તરીકે ખપાવવા માટે હવાતિયાં મારી રહ્યા છે. જો કોઈ નક્કર પરિણામ ન આવે તો પણ આ ડિનર ડિપ્લોમસીના ફોટા, હાથ મિલાવવાની ક્ષણો અને મીડિયા કવરેજ દ્વારા અમેરિકન પ્રજાને એવો ભ્રમ કરાવવો છે કે પ્રમુખ રાત-દિવસ દેશના અર્થતંત્ર માટે લડી રહ્યા છે. ટૂંકમાં, ટ્રમ્પ માટે આ બેઠક કોઈ વિદેશનીતિનું ગંભીર પગલું નથી, પરંતુ પોતાની ગાદી બચાવવા માટેની ઘરઆંગણાની ચૂંટણી-પ્રચાર ઝુંબેશનો એક ભાગ માત્ર છે. સામાન્ય નાગરિક એવા ભ્રમમાં જીવે છે કે આ બે મહાસત્તાઓ વચ્ચેનો સંવાદ વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધના ભયમાંથી મુક્ત કરશે અથવા કૃત્રિમ બુદ્ધિમત્તા (છૈ) જેવા ઘાતક વિષયો પર કોઈ વૈશ્વિક નિયમન લાવશે. પરંતુ વાસ્તવિકતા એનાથી બિલકુલ વિપરીત અને બિહામણી છે. વાસ્તવિકતા એ છે કે, ન તો અમેરિકા યુદ્ધો અટકાવવા માગે છે, ન તો ચીન. અમેરિકાનું અર્થતંત્ર જ હથિયારો વેચવા પર ટકેલું છે. યુક્રેન હોય કે મધ્યપૂર્વ, જો ત્યાં શાંતિ સ્થપાઈ જાય તો અમેરિકાની લોકહીડ માર્ટિન કે બોઈંગ જેવી કંપનીઓનું અબજો ડોલરનું શસ્ત્ર-બજાર ઠપ્પ થઈ જાય. ચીન માટે પણ તાઈવાનનો મુદ્દો રાષ્ટ્રવાદ ભડકાવવાનું અને પોતાના સૈન્ય બજેટને કાયદેસરતા આપવાનું સૌથી સસ્તું સાધન છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઓટોનોમસ વેપન્સ બાબતે બંને દેશો કોઈ વૈશ્વિક આચારસંહિતા સ્વીકારવા તૈયાર નથી. ટૂંકમાં, ટ્રમ્પ માટે આ બેઠક કોઈ વિદેશનીતિનું ગંભીર પગલું નથી, પરંતુ પોતાની ગાદી બચાવવા માટેની ઘરઆંગણાની ચૂંટણી-પ્રચાર ઝુંબેશનો એક ભાગ માત્ર છે. સામાન્ય નાગરિક એવા ભ્રમમાં જીવે છે કે આ બે મહાસત્તાઓ વચ્ચેનો સંવાદ વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધના ભયમાંથી મુક્ત કરશે અથવા કૃત્રિમ બુદ્ધિમત્તા (છૈ) જેવા ઘાતક વિષયો પર કોઈ વૈશ્વિક નિયમન લાવશે. પરંતુ વાસ્તવિકતા એનાથી બિલકુલ વિપરીત અને બિહામણી છે. વાસ્તવિકતા એ છે કે, ન તો અમેરિકા યુદ્ધો અટકાવવા માગે છે, ન તો ચીન. અમેરિકાનું અર્થતંત્ર જ હથિયારો વેચવા પર ટકેલું છે. યુક્રેન હોય કે મધ્યપૂર્વ, જો ત્યાં શાંતિ સ્થપાઈ જાય તો અમેરિકાની લોકહીડ માર્ટિન કે બોઈંગ જેવી કંપનીઓનું અબજો ડોલરનું શસ્ત્ર-બજાર ઠપ્પ થઈ જાય. ચીન માટે પણ તાઈવાનનો મુદ્દો રાષ્ટ્રવાદ ભડકાવવાનું અને પોતાના સૈન્ય બજેટને કાયદેસરતા આપવાનું સૌથી સસ્તું સાધન છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઓટોનોમસ વેપન્સ બાબતે બંને દેશો કોઈ વૈશ્વિક આચારસંહિતા સ્વીકારવા તૈયાર નથી.

ધુંધુકારી અનર્થથી અર્થોપાર્જન કરે છે, રાજાના ઘરે ચોરી કરે છે અને દાગીનાઓ લાવી વેશ્યાઓને આપે છે.

દેહ પણ આપણો નથી તો બીજું કોણ આપણું..? શ્રાદ્ધ- પિતૃપક્ષનું આધ્યાત્મિક રહસ્ય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

મૃતાત્માઓને શ્રદ્ધા પૂર્વક યાદ કરી તેમના દિવ્યાત્માને કંઈક અર્પણ તર્પણ કરવાનું પખવાડિયું એટલે સોળ શ્રાદ્ધના દિવસો ભાદરવી પૂનમથી અમાસ સુધી ચાલશે તો આજે આપણે બીજા દિવસે જોઈએ તો સંસારનો મોહ અને ભક્તિનો માર્ગ સંસારનો મોહ દૂર ન થાય ત્યાં સુધી ભક્તિ થતી નથી. આ એક કડવું પણ સત્ય વચન છે. મનુષ્ય આખું જીવન'મારું મારું' કરવામાં વિતાવી દે છે-મારું ઘર, મારા પૈસા,મારા પુત્ર- પત્ની.પણ વિચાર કરો,જેને આપણે દેહકહીએ છીએ તે દેહ પણ આપણો નથી. કારણ કે તેને પણ આપણે રાખી શકવાના નથી. જો દેહ જ આપણો નથી, તો બીજું કોણ આપણું છે? આ જ વૈરાગ્યનો પ્રથમ પાઠ છે. તેથી શાસ્ત્રો કહે છે, કોઈપણ રીતે મનને સંસારના વિષયોમાંથી હઠાવી પ્રભુપ્રેમમાં જોડી રાખો! જ્યારે મન વિક્ષેપ પામે,ત્યારે તેને શ્રીકૃષ્ણલીલા કથામાં લઈ જાવ. ભાવના કરશો તો હૃદય પીગળશે. પરદોષદર્શન સેવામાં અને સત્કર્મમાં સૌથી મોટું વિઘ્ન છે. બીજાના દોષ જોવાથી આપણી સેવા બગડે છે, માટે પરદોષદર્શનનો ત્યાગ કરો અને ભગવાનનો આશરો લઈ ભગવાન મય બનીને જીવો. આ જ ભૂમિકા પર શ્રાદ્ધ અને પિતૃ પક્ષનું રહસ્ય સમજાય છે. પિતૃપક્ષ એ માત્ર વાર્ષિક ક્રિયાકાંડ નથી,તે મોહમાંથી મુક્તિ અને પિતૃઓની મુક્તિ બંનેનો સંગમ છે.ભગવાનમય જીવન ગાળવા માટે ધ્યાન,જપ અને પાઠ અતિ આવશ્યક છે.ઉત્તમપાઠ ના છ અંગ છે:મધુરતા,સ્પષ્ટ અક્ષર નો ઉચ્ચાર,પદચ્છેદનું જ્ઞાન,ધીરજ, લયનું સામર્થ્ય અને મધુર કંઠ.પાઠ હંમેશા શાંત ચિત્તે કરવો,ઉતાવળથી સમજ્યા વગર પાઠ ન કરવો.આનું ઉત્તમ ઉદાહરણ આત્મદેવનું છે. આત્મદેવ સંસારથી કંટાળીને ગંગા કિનારે આવ્યા અને માનસી સેવા કરવા લાગ્યા. એકાંતમાં બેસી મનને એકાગ્ર કરે છે.ચંચળ મનને વિવેક રૂપી બોધથી સાચવવું અને સંકલ્પ- વિકલ્પથી દૂર રાખવું. માનસિકસેવા માં મનની ધારા અતૂટ રહેવીજોઈએ એવી સેવામાં દિવ્યતા રહેલી છે. ઉચ્ચ સ્વરથી જપ પાઠ કરવાથી મનની એકાગ્રતા થાય છે,ચિત્તવૃત્તિ નો નિરોધ થાય છે.આત્મદેવ સતત ભાગવત ધ્યાન માં તન્મય છે. નિવૃત્તિમાં સતત સત્કર્મ થવુંજોઈએ નહીંતર નિવૃત્તિમાંથી પાપ બહાર આવે છે. ઘણા લોકો નિવૃત્ત થયા પછી કામ નથી રહેતું એટલે નિંદા-કૂથલી કરવા લાગે છે. આત્મ દેવે તેવું ન કર્યું.તે નિત્ય દસમા સ્કંધ નો પાઠ કરે છે. આત્મદેવ ખરેખરોદેવ બને છે.જીવ અને શિવ એક બને છે જીવ અને ઈશ્વરનું મિલન થાય છે.

પરમાત્માના બે સ્વરૂપ છે એક અર્ચા સ્વરૂપ અને બીજું નામ સ્વરૂપ. સામગ્રીથી જેની સેવા થાય તે અર્ચા સ્વરૂપ, એટલે મૂર્તિ.અને શ્રીમદ્ ભાગવત એ ભગવાનનું નામ સ્વરૂપ છે.નામસ્વરૂપ વિના સ્વરૂપસેવાથતી નથી.નામસ્વરૂપમાં જ્યાં સુધી નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વરૂપ સેવામાં પ્રીતિ થતી નથી.

મનશુદ્ધિ વગર સ્વરૂપસેવામાં આનંદ મળતો નથી. સંસાર સાથે સ્નેહ કરો છો ત્યાં સુધી સ્વરૂપસેવામાં આનંદ મળતો નથી.સંસાર સાથે સ્નેહ કરો, પણ વિવેકપૂર્વક સ્નેહ કરો. અગ્નિ બાળે છે,પણ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે રસોઈ બનાવે છે,લાભ કરે છે,તેવું જ સંસારનું છે.

સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છે ત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શકતો નથી અને મન માયાને સ્પર્શ કરે છે તે મન મનમોહનની સેવામાં જઈ શકતું નથી. જ્યાં સુધી સ્વરૂપ સેવામાં મન એકાગ્ર ન થાય, ત્યાં સુધી નામ સેવા કરો. સ્વરૂપ સેવામાં આનંદ આવતો નથી કારણ કે મન વ્યગ્ર છે.મનુષ્યનું મન સંસાર વ્યવહારના વિષયોમાં એવું લીન રહે છે કે પાપ કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી.

સ્વરૂપ સેવા ત્યારે સફળ થઈ કહેવાય જ્યારે હૃદય પીગળે,આંખો ભીની થાય,આનંદ આવે અને સાત્વિક ભાવ જાગે. સેવા એ હૃદયનો ભાવ છે,હૃદયના ભાવ વગર કરેલી સેવા ફળતી નથી.

મનમાં અનેક જન્મોના મેલ ભર્યા છે મનને શુદ્ધ કરવા નામ સેવાની જરૂર છે.મનને શુદ્ધ કરે છે ભાગવત કળિ યુગમાં નામસેવા પ્રધાન છે. શ્રીમદ્ ભાગવત એ ભગવાનનું નામ સ્વરૂપ છે. નામ એ જ બ્રહ્મ છે, નામ એ જ પરમાત્મા છે.વધુ શું કહું?નામએ પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠછે ઈશ્વર દેખાતા નથી, જે દેખાતા નથી તેની સાથે સ્નેહ કરવો કઠણછે પણ નામ સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે સાંભળી શકાય છે.જે વ્યક્તિના પ્રત્યક્ષ દર્શન ન થયા હોય તેના નામ ને પકડી રાખો તો તેના દર્શન થશે જ

જ્ઞાની પુરુષો નામમાં નિષ્ઠા રાખે છે. રામજીએ પોતાના જીવનકાળમાં થોડા જ જીવોનો ઉદ્ધાર કર્યો હશે, ત્યારપછી તેમના નામે અનેકોનો ઉદ્ધાર કર્યો છે. શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર વિરાજેલા ત્યારે તેમણે જે જીવોનો ઉદ્ધાર કર્યો તેના કરતાં તેમના નામે અનેકોને તાર્યા છે. મોટામાં મોટું પાપ કયું? આપણને ઈશ્વરના નામમાં નિષ્ઠા નથી તે.ભાગવતનો આશ્રય એ નામનો આશ્રય છે. ભાગવતનો આશ્રય કરે તે ભગવાન બને છે. સંસ્કૃતનું જ્ઞાન હોય તો રોજ દસમ સ્કંધનો, વિષ્ણુ સહસ્ત્ર નામનો, શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ અર્થજ્ઞાન સાથે કરો.જે લીલાની કથા ચાલતી હોય તે લીલા પ્રત્યક્ષ થઈ રહી છે તેમ વિચારો તો આનંદ આવશે. દશ્યમાંથી દૃષ્ટિ હટી જાય અને દૃષ્ટામાં સ્થિર થાય,તો આનંદ પ્રગટે આત્મદેવના બે પુત્રો હતા-ગોકર્ણ અને ધુંધુકારી.ગોકર્ણને લાગ્યું કે ધુંધુકારીનું વર્તન મને વિક્ષેપ કરશે, એટલે તેઓ વનમાં જતા રહ્યા બીજી બાજુ ધુંધુકારી વેશ્યાઓને રાજી કરવા ચોરીઓ કરવા લાગ્યો.

અહીં એક સૂક્ષ્મ સત્ય છે.એક-એક ઈન્દ્રિયનો ધણી જીવ છે. પરંતુ જો ઈન્દ્રિય ધણી થઈ જાય, એટલે કે મનુષ્ય ઈન્દ્રિયને આધીન થઈ જાય તો તેનું જીવન બગડે છે.મન ઈશ્વર સાથે મૈત્રી કરે ત્યારે સુખ થાય છે અને વિમુખ થાય ત્યારે દુઃખ થાય છે

ધુંધુકારી અનર્થથી અર્થોપાર્જન કરે છે, રાજાના ઘરે ચોરી કરે છે અને દાગીનાઓ લાવી વેશ્યાઓને આપે છે. વેશ્યાઓ વિચાર કરે છે કે આ જીવતો રહેશે તો આપણે પણ તેની સાથે કોઈ વખત પકડાઈ જઈશું અને ધન ખોઈ બેસી સજા પામીશું માટે આને મારી નાખીએ.

વેશ્યાઓએ ધુંધુકારીને દોરડા વડે બાંધ્યો, ગળે ફાંસો આપ્યો, તો પણ ધુંધુકારી મરતો નથી. અતિ પાપીને જલ્દી મોત આવતું નથી. પછી વેશ્યાઓએ બળતા અંગારા ધુંધુકારીના મોઢામાં નાખીને તેને મારી નાખ્યો. પંચેન્દ્રિયો અને પંચવિષયો અંતકાળમાં જીવને આમ જ મારે છે. વેશ્યાઓએ તેના શરીરનો અગ્નિસંસ્કાર પણ કર્યો નહીં, તેને ખાડામાં દાટી દીધું. પોતાના કુકર્મોને કારણે ધુંધુકારી ભયંકર પ્રેત બન્યો. પાપી યમપુરીમાં પણ જતો નથી,તે પ્રેત બને છે.આ કથા આપણને પિતૃપક્ષનું મહત્વ સમજાવે છે. ઘણા પિતૃઓ પોતાની વાસના અને કુકર્મોને કારણે પ્રેત યોનિમાં ભટકતા હોય છે. તેમને શાંતિ નથી મળતી. તેમની મુક્તિ માટે જ શ્રાદ્ધ છે.

ગોકર્ણે ધુંધુકારીના મરણનાસમાચાર સાંભળ્યા. તેઓ ગયાજીમાં આવ્યા અને ધુંધુકારી પાછળ ગયાજીમાં શ્રાદ્ધ કર્યું.ગયા શ્રાદ્ધને શ્રેષ્ઠ માનવા માં આવે છે. ત્યાં વિષ્ણુપાદ છે.

તેની કથા એવી છે કે ગયાસુર કરીને એક રાક્ષસ હતો. તેણે તપથી બ્રહ્માને પ્રસન્ન કર્યા. બ્રહ્માએ કહ્યું વરદાન માગ. ત્યારે તે બ્રહ્માને કહે છે, તમે શું વરદાન આપવાના હતા? તમારે મારી પાસે કાંઈ માગવું હોય તો માગો. બ્રહ્માએ વિચાર્યું કે આ અસુર આમ મરવાનો નથી,પણ આના શરીર ઉપર લાંબા સમય સુધી યજ્ઞ કરીશું તો એ મરશે.એટલે બ્રહ્માએ યજ્ઞ માટે તેનું શરીર માગ્યું. યજ્ઞકુંડ ગયાસુરની છાતી પર કરવા માં આવ્યો.સો વર્ષ સુધી યજ્ઞ ચાલ્યો, પણ ગયાસુર મર્યો નહીં. યજ્ઞની પૂર્ણાહુતિ પછી તે ઊઠવા ગયો ત્યારે બ્રહ્મા ચિંતાતુર બન્યા. બ્રહ્માએ નારાયણનું ધ્યાન કર્યું. નારાયણ ભગવાન પ્રગટ થયા અને ગયાસુરની છાતીમાં બે ચરણો પધરાવ્યાં.

ઉત્તમ કુળમાં જન્મ આપનાર પિતૃઓનું જીવતાં જ જતન કરીએ,એ છે સાચો શ્રાદ્ધનો મહિમા!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)


શ્રાવણ જતાં ભાદરવો શરૂ થયો,ગણેશ વિસર્જન પણ પૂર્ણ થયું. આજથી શ્રાદ્ધ શરું થાય છે, આમ તો પૂનમથી જ શ્રાદ્ધ શરું થાય! એટલે આપણાં પિતૃઓનાં ચરણોમાં શ્રાદ્ધ રુપે શ્રદ્ધા સુમન સમર્પિત કરવાં વિશે જોઈએ. આપણને આટલી સુંદર સૃષ્ટિ પર લાવી ,ઉત્તમ કુળ અને સંસ્કૃતિ ગત સંસ્કારો આપનારનું શ્રદ્ધા થી કરીએ શ્રાદ્ધ. ભાદરવા મહિનામાં16 દિવસ પિતૃનાં ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં કહ્યા મુજબ માનવી પર ત્રણ પ્રકારના ઋણ હોય છે, દેવ ઋણ, આચાર્ય ઋણ, અને પિતૃ ઋણ, જે તેને પોતાનાં જીવન દરમિયાન પોતપોતાનાં ભાવથી ઉતારવાનું હોય છે. દેવદેવીને લઈને તો આપણે ત્યાં કેટલાં એ ઉત્સવો ઉજવાય છે, અને એ સમય દરમિયાન આપણે પૂજા પાઠ, યજ્ઞ, દાન, ઈત્યાદી કરી દેવ ઋણ ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. આચાર્ય ઋણ પણ ગુરુપૂર્ણિમા જેવા દિવસે ગુરુદક્ષિણા આપીને કે પછી અન્ય રીતે ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. આપણે ત્યાં દેવ યોની અને પિતૃ યોની એવી શ્રેણી છે, અતૃપ્ત જીવ નો પિતૃ યોનીમાં સમાવેશ થાય છે! અને એવાં પિતૃઓના તર્પણ માટે ભાદરવા મહિનાની પૂનમ અને કૃષ્ણ પક્ષનાં પંદર એમ 16 દિવસ મુકરર કરવામાં આવ્યા છે, અને તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. તો પ્રશ્ન થાય કે શ્રાદ્ધ પક્ષમાં શું માત્ર શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ અદા થઈ જાય છે?? કે પછી જીવતાં જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે?? આમ તો જીવતા હોય ત્યારે તેમને સંતોષ રહે, એ રીતનું જીવન જીવવું જોઈએ, જેથી કરીને પિતૃઓની સદગતિ થાય. પરંતુ ભાદરવા મહિનાના આ દિવસો દરમિયાન તેમની મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે, તો જ એમની સદગતિ થાય છે. . માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય! એટલે સંપૂર્ણપણે શ્રદ્ધા વધારતું પર્વ એટલે શ્રાદ્ધ. આપણે ત્યાં પૂર્વ જન્મ અને પુનર્જન્મની બહુ મોટી વાત છે, બીજા ધર્મમાં એ વાતની પુષ્ટિ થતી નથી. એટલે કે પિતૃનું અસ્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જોવા મળે છે, અને સૌ પ્રથમ બ્રહ્માજીએ શ્રાદ્ધની વાત કરી હતી. તેમણે પુરાણોમાં કહ્યું છે કે પિંડદાન કરીને, પિતૃનું તર્પણ કરવાથી તેમની સદગતિ થાય છે. મહાભારતના શાંતિ પર્વ નામનાં અધ્યાયમાં યુધિષ્ઠિર પણ પિતામહ ભિષ્મને આ સવાલ કરે છે, કે શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી, અને શ્રાદ્ધ શું કામ કરવું જોઈએ? ત્યારે પિતામહ ભીષ્મ જવાબ આપે છે, કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું, જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ, નેમી રાજાએ પીંડ દાન મુકીને કર્યું હતું. એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી પરના અસ્તિત્વથી જ શરૂ થયેલો છે, અને દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે.

આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતાં જોવા મળે છે, જે આમ તો જીવનનાં અંત સુધી પોતાને આ પૃથ્વી પર લાવનારને યાદ કરી આભાર માની અને ઋણ ઉતારવાની વાત છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ 16 દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે, અને જે તે વ્યક્તિનાં મૃત્યુ પછી ત્રીજા વર્ષમાં શ્રાદ્ધ બેસાડવામાં આવે છે. એટલે કે એમને પિતૃમાં ભેળવવામાં આવે છે, અને એની ખાસ કર્મકાંડીય વિધિ કરવામાં આવે છે. પૂનમથી અમાસ સુધીના 16 દિવસમાં આપણાં વડવાઓમાં ઘણાં બધાં મૃત્યુ પામેલાં હોય, છતાં આપણે ત્યાં શ્રાદ્ધમાં ભેળવવાની વિધિને કારણે આપણે એક જ શ્રાદ્ધ કરવું પડે છે. પતિ પત્ની પણ અંતે તો એક જ હોવાથી એમનું પણ એક જ શ્રાદ્ધ કરવામાં આવે છે, સિવાય કે પત્ની પતિ કરતા પહેલાં અવસાન પામે તો એનું અલગ શ્રાદ્ધ કરવું પડે. એકમનું શ્રાદ્ધ કરવાથી વંશવૃદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે સંતાન મેળવવાની ચાહ રાખનાર લોકો એકમનું શ્રાદ્ધ કરે છે. જ્યારે અમાસનું શ્રાદ્ધ કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે, એવી પણ એક વાત શાસ્ત્રોમાં કરવામાં આવી છે, એટલે જ એને સર્વ પિતૃ અમાસ કહેવામાં આવે છે. એટલે કોઈને વાર તિથી યાદ ન હોય તો પણ એ અમાસનું શ્રાદ્ધ કરી શકે છે. આપણે ત્યાં શ્રાદ્ધ દરમિયાન કાગવાસ નાખવાની પણ એક પ્રથા છે. કાગડાનું આયુષ્ય 200 વર્ષનું આંકવામાં આવ્યું છે, એટલે કે કાગડાએ આપણા પિતૃઓને જોયા જ હોય, એ રીતે તેને શ્રદ્ધાથી કાગવાસ નાખવામાં આવે છે. ભાદરવા મહિનામાં કાગડી બચ્ચાને જન્મ આપતી હોવાથી, પક્ષીનો વંશવેલો વધે અને એ પ્રજાતિ જીવીત રહે એવું પણ આની પાછળ એક કારણ છે. કાગડાની ચરકમાંથી પીપળો અને વડ જેવા વૃક્ષો ઉત્પન્ન થતા હોય છે, અને પીપળો વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મુક્ત કરતું વૃક્ષ હોવાથી લાભદાયી છે. પીપળામાં પિતૃઓનો વાસ છે, એવી માન્યતાથી, પીપળે પાણી રેડવાની પ્રથા છે, અને એટલે પીપળાના વૃક્ષનો વધુને વધુ ઉછેર થાય, અને વાતાવરણમાં શુદ્ધ ઓક્સિજન ભળતો રહે, એ તેનું મુખ્ય કારણ છે. શ્રાદ્ધમાં ગૌગ્રાસની પરંપરા છે. ગાયમાં 33 કરોડ દેવી-દેવતાઓનો વાસ હોવાથી, આ રીતે આપણા પિતૃ તર્પણ નિમિત્તે દેવતાઓને પ્રસન્ન કરવાની એક ચેષ્ટા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગાયના દૂધ અને દૂધની બનાવટો વગેરેથી આપણે નિરોગી રહી શકીએ છીએ. ભાદરવા મહિનામાં આંકરા તડકા પડતા હોવાથી ગાયુંને ઘાસ વગેરે મળી રહેતું નથી, અને તેથી ગૌ વંશની રક્ષાનું આ વ્રત શ્રાદ્ધને દિવસે ગાયને થાળી જમાડવીની વાત આ રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. શ્રાદ્ધમાં આપણે ત્યાં દૂધપાક અને ખીર વગેરે વ્યંજનો બનાવવામાં આવે છે. સંધિ કાળના આ સમયગાળા દરમિયાન, માનવીય શરીરમાં પિત્તજન્ય રોગોનો વિકાર થવાની પૂર્ણપણે શક્યતા રહેલી છે, અને દૂધ એ પિત્ત માટે સૌથી ઉત્તમ ઔષધી હોવાથી, ભાદરવા પૂનમથી શરૂ કરી શરદપૂર્ણિમા સુધી દૂધનું સેવન કરવાથી, એ આરોગ્ય માટે લાભદાયક બને છે. દૂધપાક કે ખીરમાં સાકર કે ખાંડ ઉમેરવામાં આવે છે અને ગળ્યા પદાર્થો આમ પણ માનવીની માનસિક નબળાઈ હોય છે. મીઠાઈ વગેરે ખાવાથી મન પણ પ્રફુલિત રહે છે, એટલે આ રીતે માનવી પોતાનું શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે છે. શ્રાદ્ધને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજનનું મહત્વ છે, પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો એક મહિમા છે.

શ્રમિક-કર્મચારીના સંતાનો માટે ડૉક્ટર બનવાનો સુવર્ણ અવસર : કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) ની વિશેષ તબીબી શિક્ષણ યોજના

વોશિંગ્ટન, તા.26

આર્થિક સ્થિતિ ક્યારેય તેજસ્વીતા કે સપનાઓની આડે આવવી ન જોઈએ. દેશના શ્રમિકો અને કર્મચારીઓ દિવસ-રાત મહેનત કરીને રાષ્ટ્ર નિર્માણમાં મહત્વનું યોગદાન આપે છે, ત્યારે તેમના બાળકો માટે પણ ઉચ્ચ તબીબી શિક્ષણ મેળવીને ડૉક્ટર બનવાનું સ્વપ્ન સાકાર કરવાનો માર્ગ હવે એકદમ સરળ અને સુલભ બન્યો છે. કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) દ્વારા દેશભરની ૧૭ મેડિકલ, ૨ ડેન્ટલ, ૨ નર્સિંગ અને ૩ સરકારી કોલેજો મળીને કુલ ૨૪ શૈક્ષણિક સંસ્થાઓમાં વીમિત શ્રમિક અને કર્મચારીના બાળકો માટે વિશેષ અનામત બેઠકોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વર્ષ ૨૦૧૨થી અમલી આ કલ્યાણકારી યોજના હેઠળ સમગ્ર દેશમાં ૬૯૫ MBBS, ૨૮ BDS, ૬૦ B.Sc. નર્સિંગ અને ૧૦૪ પેરામેડિકલ મળી કુલ ૮૮૭ થી પણ વધુ બેઠકો વીમિત કર્મચારીઓના સંતાનો માટે અનામત છે. જે પૈકી ગુજરાતમાં અમદાવાદ સ્થિત ESIC મેડિકલ કોલેજ, નરોડા-બાપુનગર ખાતે



પણ કુલ ૫૦ MBBS બેઠકોમાંથી ૨૫ બેઠકો સીધી રીતે વીમિત કર્મચારીઓના બાળકો માટે ફાળવવામાં આવી છે. ગત વર્ષે આ તમામ બેઠકો ભરાઈ ગઈ હતી, જ્યારે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૨૮ જેટલી બેઠકો પર પ્રવેશ અપાઈ ચૂક્યો છે. આ કલ્યાણકારી યોજના હેઠળ પસંદગી પામેલા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વાર્ષિક MBBS અને BDS કોર્સની ટ્યુશન ફી માત્ર રૂ. ૨૪,૦૦૦ તથા B.Sc. નર્સિંગ કોર્સ માટે વાર્ષિક ફી માત્ર રૂ. ૧૦,૦૦૦ નિયત કરવામાં આવી છે. તબીબી શિક્ષણને તદ્દન પારદર્શી અને આર્થિક રીતે પહોંચક્ષમ બનાવવા માટે આ પ્રવેશ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની કેપિટેશન ફી કે ડોનેશન લેવામાં આવતું નથી. NEET ની પરીક્ષા સફળતાપૂર્વક ઉત્તીર્ણ કર્યા બાદ પણ ખાનગી મેડિકલ કોલેજોની લાખો રૂપિયાની ફી અને ડોનેશન ચૂકવવું સામાન્ય શ્રમિક-કામદાર પરિવાર માટે અશક્ય હોય છે. આવી પરિસ્થિતિમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળનું કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) કામદાર પરિવારો માટે આશાનું નવું કિરણ બન્યું છે. રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના સમર્થ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં શ્રમિક કલ્યાણકારી નીતિઓને સતત વેગ આપવામાં આવી રહ્યો છે, જેથી આવી આર્થિક મર્યાદાઓ વચ્ચે પણ તેજસ્વી સંતાનોને તબીબી ક્ષેત્રે આગળ વધવા માટે પૂરતું પ્રોત્સાહન અને યોગ્ય તકો મળી રહે.

પ્રવેશ મેળવવાની સરળ પ્રક્રિયા:

- ઉમેદવારના વાલી ESI યોજના હેઠળ નોંધાયેલા સક્રિય વીમિત કર્મચારી હોવા આવશ્યક છે તેમજ વિદ્યાર્થીએ NEET-UG પરીક્ષા સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરેલી હોવી જોઈએ.

- સૌપ્રથમ ઉમેદવારે ESICની અધિકૃત વેબસાઈટ www.esic.gov.in પરથી ઓનલાઈન અરજી કરી 'Ward of IP Certificate' મેળવવાનું રહે છે.

- 'Ward of IP Certificate' પ્રાપ્ત થયા બાદ, મેડિકલ કાઉન્સિલિંગ કમિટીના પોર્ટલ પર ઓનલાઈન કાઉન્સેલિંગમાં રજીસ્ટ્રેશન કરાવીને અનામત બેઠકો પર સીધો પ્રવેશ મેળવી શકાય છે.

કોઈપણ પ્રકારની આર્થિક તંગી શ્રમિક-કામદાર પરિવારના તેજસ્વી સંતાનોની પ્રગતિ અને ઉજ્જવળ ભવિષ્યમાં બાધક ન બને તે જ આ કલ્યાણકારી યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. વાલીઓ અને ઉમેદવારો યોગ્ય સમયે આ વિશેષ કોટાની વિગતો મેળવીને સમયસર ઓનલાઈન અરજી કરે, તો કામદાર પરિવારનું બાળક દેશનું ભાવી ડૉક્ટર બનીને રાષ્ટ્ર નિર્માણ અને માનવસેવાનું સ્વપ્ન સાકાર કરી શકે છે. આથી, તમામ પાત્રતા ધરાવતા વીમિત કર્મચારીઓના તેજસ્વી વિદ્યાર્થીઓને આ યોજનાનો મહત્તમ લાભ લેવા ESIC દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

UNGA-81 : યુદ્ધ, AI અને આબોહવા સંકટ વચ્ચે વિશ્વની નજર સંયુક્ત રાષ્ટ્ર પર

22થી 28 સપ્ટેમ્બર હાઈ-લેવલ વીકમાં 130 જેટલા દેશોના રાષ્ટ્રાધ્યક્ષો-સરકારના વડાઓની હાજરી; બાંગ્લાદેશના ખલીલુર રહેમાન અધ્યક્ષ

ન્યૂયોર્ક, તા.26



સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 81મા સત્રનું હાઈ-લેવલ વીક 22થી 28 સપ્ટેમ્બર દરમિયાન ન્યૂયોર્કમાં ચાલી રહ્યું છે. આ દરમિયાન વિશ્વભરના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ વૈશ્વિક પડકારો પર ચર્ચા કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા મુજબ લગભગ 130 રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ વ્યક્તિગત રીતે હાજરી આપી રહ્યા છે. સત્રના અધ્યક્ષ બાંગ્લાદેશના ખલીલુર રહેમાન છે. આ વર્ષની થીમ છે– "વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો, પરિવર્તનનું સંચાલન કરવું: સૌ માટે પરિણામ આપતું સંયુક્ત રાષ્ટ્ર." હાઈ-લેવલ વીક દરમિયાન વિશ્વ શાંતિ અને સુરક્ષા, ચાલી રહેલા સંઘર્ષો, આબોહવા પરિવર્તન, મહામારીની તૈયારી, સમુદ્ર સપાટીમાં વધારો, વિકાસ અને ઉભરતી ટેક્નોલોજી જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં છે. 23 સપ્ટેમ્બરે વિકાસના અધિકાર અને આબોહવા સંબંધિત બેઠકો, 24 સપ્ટેમ્બરે સમુદ્ર સપાટી વધવાના જોખમ અંગે બેઠક અને 25 સપ્ટેમ્બરે મહામારી નિવારણ તથા તૈયારી અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ છે. આ સત્રનું મહત્વ એટલા માટે પણ છે કે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસનો કાર્યકાળ 31 ડિસેમ્બર 2026ના રોજ પૂર્ણ થવાનો છે. તેથી આગામી મહાસચિવની પસંદગી પ્રક્રિયા પણ આ સત્ર દરમિયાન મહત્વપૂર્ણ મુદ્દો બની છે. ખલીલુર રહેમાન આ પ્રક્રિયામાં મહાસભાના અધ્યક્ષ તરીકે મહત્વની ભૂમિકા ભજવશે. વિશ્વમાં ચાલી રહેલા યુદ્ધો, માનવીય સંકટો અને વધતા ભૂરાજકીય મતભેદો વચ્ચે બહુપક્ષીય વ્યવસ્થાને મજબૂત બનાવવાનો પડકાર પણ UNGA સમક્ષ છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા મુજબ આ વર્ષની ચર્ચામાં વૈશ્વિક સહકાર, શાંતિ, સુરક્ષા, આબોહવા અને ટકાઉ વિકાસ સાથે AI ગવર્નન્સ જેવા મુદ્દાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. બાંગ્લાદેશના ખલીલુર રહેમાન 2 જૂન 2026ના રોજ 81મા સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેમના સત્રની થીમ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અને બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રને વધુ અસરકારક બનાવવાના પ્રયાસ પર કેન્દ્રિત છે. આ દરમિયાન 28 સપ્ટેમ્બરે જાતિવાદ સામેની વૈશ્વિક કાર્યવાહી અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાવાની છે. સત્તાવાર કાર્યક્રમ મુજબ 29 સપ્ટેમ્બરે પરમાણુ હથિયારોના સંપૂર્ણ નાબૂદીના આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે પણ ઉચ્ચસ્તરીય બેઠક યોજાશે.

માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ સાબરમતી ખાતે 1,542 કરોડથી વધુની વિવિધ રેલ પરિયોજનાઓનું લોકાર્પણ, શિલાન્યાસ અને શુભારંભ કરશે

ભારતની પ્રથમ LNG ટ્રેન, કવચ, સ્વચાલિત સિગ્નલિંગ, WAG-12 લોકો શેડ અને સાબરમતી–સરખેજના ડબલિંગથી રેલવે સુરક્ષા, ક્ષમતા અને પર્યાવરણ સંરક્ષણને મળશે નવું પરિમાણ

અમદાવાદ, તા.26

માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ દ્વારા 27 સપ્ટેમ્બર 2026ના રોજ સાબરમતી ખાતે 1,542 કરોડથી વધુની વિવિધ મહત્વપૂર્ણ રેલ પરિયોજનાઓનું લોકાર્પણ, શિલાન્યાસ અને શુભારંભ કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, માનનીય સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, માનનીય સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, માનનીય મેયર શ્રી હિતેશભાઈ બારોટ, અમદાવાદ તથા ગાંધીનગર વિસ્તારના માનનીય ધારાસભ્યો સહિત અન્ય ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં WAG-12 સાબરમતી લોકોમોટિવ મેન્ટેનન્સ શેડનું લોકાર્પણ, સાબરમતી-સાણંદ-ભાંડુ મોટીદાઉ તથા સાબરમતી-કલોલ-જખવાડા રેલખંડ પર સ્વચાલિત સિગ્નલિંગ પ્રણાલીનું લોકાર્પણ, સાબરમતી-સરખેજ રેલ લાઇનનું 'ડબલિંગ, અમદાવાદ-પાલનપુર તથા અમદાવાદ-સામાખિયાળી રેલખંડ પર કવચ પ્રણાલીનો શિલાન્યાસ તેમજ WAG-12 ઈલેક્ટ્રિક લોકોમોટિવ અને ભારતની પ્રથમ LNG સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવીને રવાના કરવાનો સમાવેશ થાય છે.

માનક કવચ પ્રણાલીથી રેલવે સુરક્ષાને મળશે વધુ મજબૂતી

અમદાવાદ મંડળમાં આશરે 411 કરોડના ખર્ચે કુલ 404 કિલોમીટર રેલખંડને સ્વદેશી માનક કવચ (Standard Kavach) પ્રણાલીથી સજ્જ કરવામાં આવી રહ્યો છે. તેમાં અમદાવાદ-પાલનપુર સેક્શનના 157 કિલોમીટર તથા અમદાવાદ-સામાખિયાળી સેક્શનના 247 કિલોમીટર રેલખંડનો સમાવેશ થાય છે.

અમદાવાદ-સામાખિયાળી મુખ્ય લાઇન સેક્શનમાં કવચ પ્રણાલીના કમિશનિંગ સાથે બ્લોક સેક્શનમાં આધુનિક સ્વચાલિત ટ્રેન સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ થઈ ગઈ છે. આ પ્રણાલી ટ્રેનો વચ્ચે સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા તેમજ માનવીય ભૂલોના કારણે થતા અકસ્માતોના જોખમને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

કવચના મુખ્ય લાભો

આમને-સામને થતી ટક્કરના જોખમને ઘટાડવામાં સહાયરૂપ.

પાછળથી થતી ટક્કરની સંભાવનામાં ઘટાડો.

નિર્ધારિત ગતિમર્યાદા કરતાં વધુ ઝડપ થાય ત્યારે સુરક્ષા પ્રદાન કરે છે.

ટ્રેન સંચાલનની સુરક્ષા અને વિશ્વસનીયતામાં વધારો.

આધુનિક સ્વદેશી ટેક્નોલોજી દ્વારા સુરક્ષિત રેલ સંચાલનને પ્રોત્સાહન.

સ્વચાલિત બ્લોક સિગ્નલિંગથી રેલ સંચાલનને મળશે નવી ગતિ

અમદાવાદ મંડળના સાબરમતી-કલોલ-ભાંડુ મોટીદાઉ તથા સાબરમતી-સાણંદ-જખવાડા સેક્શનમાં કુલ 122.57 કિલોમીટર રેલખંડ પર આશરે 118.83 કરોડના ખર્ચે સ્વચાલિત બ્લોક સિગ્નલિંગ (ABS) પ્રણાલીનો પ્રાવધાન કરવામાં આવ્યો છે.

આ આધુનિક પ્રણાલી ટ્રેનો વચ્ચે સુરક્ષિત અંતર જાળવવામાં મદદરૂપ થશે તેમજ એક જ રેલમાર્ગ પર વધુ ટ્રેનોનું સુરક્ષિત અને વ્યવસ્થિત સંચાલન શક્ય બનાવશે. આથી સેક્શનની લાઇન ક્ષમતામાં વધારો થશે, સંચાલન



વધુ સુચારુ બનશે તથા ટ્રેનોની સમયપાલનમાં સુધારો થશે.

મુખ્ય લાભો: સુરક્ષિત અંતર વધુ લાઇન ક્ષમતા બહેતર સમયપાલન માનવીય હસ્તક્ષેપમાં ઘટાડો વધુ કાર્યક્ષમ સંચાલન

ભારતીય રેલવેની પ્રથમ LNG ટ્રેન: સ્વચ્છ ઊર્જાની દિશામાં નવીન પહેલ

ભારતીય રેલવેએ સ્વચ્છ, પર્યાવરણને અનુકૂળ તથા કિફાયતી રેલ સંચાલનની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં પ્રથમ વખત ટ્રેનની ડ્રાઇવિંગ પાવર કાર (DPC) માં LNG આધારિત ફ્યુઅલ સિસ્ટમ સફળતાપૂર્વક અપનાવી છે.

સાબરમતી ખાતે આવેલા ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડેપોમાં 1400 HP ક્ષમતા ધરાવતી 02 ટ્રેનોની DPCને ડીઝલ+LNG ડ્યુઅલ ફ્યુઅલ સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવી છે. તેમાં ડીઝલના સ્થાને આશરે 40 ટકા સુધી LNGનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બંને DPC પર 2,000 કિલોમીટરથી વધુનું સફળ ફિલ્ડ ટ્રાયલ પૂર્ણ કરવામાં આવ્યું છે.

LNGના ઉપયોગથી ઈંધણના ખર્ચમાં ઘટાડા સાથે CO, NOx તથા પાર્ટિક્યુલેટ મેટર જેવા પ્રદૂષક ઉત્સર્જનને ઘટાડવામાં પણ મદદ મળશે. પરીક્ષણના આંકડા અનુસાર, એક DPCથી આશરે 11.9 લાખ પ્રતિવર્ષ તથા 8-કોચ રેકથી આશરે 23.9 લાખ પ્રતિ વર્ષની બચત શક્ય છે.આ પહેલ ઊર્જા કાર્યક્ષમતા, ઓછા કાર્બન ઉત્સર્જન અને પર્યાવરણને અનુકૂળ રેલ પરિવહનની દિશામાં ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

સાબરમતીમાં 700 કરોડનો અત્યાધુનિક WAG-12 જાળવણી શેડ, ઉચ્ચ ક્ષમતાવાળી માલવહન ને મળશે નવો આધાર

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આવેલા સાબરમતી લોકોમોટિવ શેડને 300 અત્યાધુનિક WAG-12 HHP ઈલેક્ટ્રિક લોકોમોટિવના હોમિંગ તથા જાળવણી માટે આશરે 700 કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. WAG-12 લોકોમોટિવ આશરે 12,000 HP ક્ષમતા ધરાવતા ઉચ્ચ ક્ષમતાવાળા ઈલેક્ટ્રિક લોકોમોટિવ છે, જે ભારે અને લાંબી માલગાડીઓના સંચાલન માટે મહત્વપૂર્ણ છે.

300 WAG-12 લોકોમોટિવની જાળવણી માટે M/s Madhepura Electric Locomotive Private Limited (MELPL) તથા લોકોમોટિવ શેડ, સાબરમતી વચ્ચે મેન્ટેનન્સ સર્વિસ એગ્રીમેન્ટ (MSA) કરવામાં આવ્યું છે. હાલમાં 154 WAG-12 લોકોમોટિવનું હોમ કરવામાં આવ્યું છે તથા વર્ષ 2027-28 સુધીમાં કુલ 300 લોકોમોટિવ પ્રાપ્ત કરવાની યોજના છે.

મુખ્ય લાભો

WAG-12 લોકોમોટિવની ઉપલબ્ધતા અને વિશ્વસનીયતામાં વધારો.

અત્યાધુનિક સુવિધાઓથી જાળવણી કાર્યક્ષમતામાં સુધારો.

ભારે અને લાંબી માલગાડીઓના સંચાલનને પ્રોત્સાહન.

માલવહન ક્ષમતા તથા સંચાલન કાર્યક્ષમતામાં વધારો.

વૈજ્ઞાનિક જાળવણી તથા બહેતર તકનીકી દેખરેખ.

ભવિષ્યની જાળવણી જરૂરિયાતો માટે મજબૂત અને આધુનિક માળખાકીય સુવિધાઓ.

સાબરમતી-સરખેજ રેલખંડ ડબલિંગ પરિયોજના; રેલ ક્ષમતા અને સરખેજ-ધોલેરા કનેક્ટિવિટીને મળશે નવું પરિમાણ

આશરે 313.27 કરોડના ખર્ચે 21 કિલોમીટર લાંબા સાબરમતી-સરખેજ રેલખંડના ડબલિંગની પરિયોજના અમદાવાદ વિસ્તારમાં વધી રહેલી રેલ ટ્રાફિકની જરૂરિયાતોને પૂર્ણ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પરિયોજનાને માર્ચ 2028 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

આ પરિયોજના અંતર્ગત સાબરમતી, ગાંધીગ્રામ, વસ્ત્રાપુર અને સરખેજ સ્ટેશનોનો સમાવેશ થાય છે. પરિયોજનામાં 16 નાના પુલ, 13 રોડ અંડર બ્રિજ (RUB), 1 મેજર બ્રિજ (ROR) તથા 6 સમપાર ફાટક સંબંધિત કામોનો સમાવેશ થાય છે.

પરિયોજનાના મુખ્ય લાભો

રેલ લાઇનની ક્ષમતામાં નોંધપાત્ર વધારો.

વધુ ટ્રેનોના સુચારુ અને અવિરત સંચાલનમાં સુવિધા.

ટ્રેનોના ડિટેન્શન તથા સંચાલન સંબંધિત અવરોધોમાં ઘટાડો.

મુસાફર તથા માલવહન માટે બહેતર રેલ સંપર્ક.

સરખેજ-ધોલેરા વિસ્તારની કનેક્ટિવિટીમાં મજબૂતી.

ઔદ્યોગિક તથા વાણિજ્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન.

પ્રાદેશિક આર્થિક વિકાસ તથા રોજગારીની તકોને વેગ.

અમદાવાદ જિલ્લા પંચાયત કચેરી અને દેત્રોજ ખાતે રક્તદાન કેમ્પ દ્વારા સામાજિક સેવા અને જનહિતની ભાવનાને વેગ અપાયો

અમદાવાદ, તા.26

અમદાવાદ જિલ્લામાં 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન-૨૦૨૬' અંતર્ગત યોજાઈ રહેલી વિવિધ સેવાકીય અને લોકકલ્યાણ પ્રવૃત્તિઓ અંતર્ગત અમદાવાદ જિલ્લા પંચાયત કચેરી તેમજ દેત્રોજ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ઉપલક્ષમાં યોજાઈ રહેલા 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' હેઠળ વૃક્ષારોપણ, સ્વચ્છતા, આરોગ્ય, જળ સંરક્ષણ, સેવાસેતુ સહિતની વિવિધ કામગીરી અને જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા પંચાયત કચેરી ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જિલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ તથા અન્ય





સહભાગીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કેમ્પમાં કુલ ૧૮ બોટલ જેટલું રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જ્યારે જિલ્લાના દેત્રોજ ખાતે પણ રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૩૩ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ બંને રક્તદાન કેમ્પ દ્વારા રક્તદાન અંગે જનજાગૃતિ કેળવવા તેમજ જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્ત ઉપલબ્ધ કરાવવામાં સહયોગી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રકારના આયોજનથી 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન'ની સામાજિક સેવા અને જનહિતની ભાવનાને વધુ વેગ મળ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ઉપલક્ષમાં યોજાઈ રહેલા 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' હેઠળ વૃક્ષારોપણ, સ્વચ્છતા, આરોગ્ય, જળ સંરક્ષણ, સેવાસેતુ સહિતની વિવિધ કામગીરી અને જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા પંચાયત કચેરી ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જિલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ તથા અન્ય સહભાગીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કેમ્પમાં કુલ ૧૮ બોટલ જેટલું રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જ્યારે જિલ્લાના દેત્રોજ ખાતે પણ રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૩૩ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ બંને રક્તદાન કેમ્પ દ્વારા રક્તદાન અંગે જનજાગૃતિ કેળવવા તેમજ જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્ત ઉપલબ્ધ કરાવવામાં સહયોગી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રકારના આયોજનથી 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન'ની સામાજિક સેવા અને જનહિતની ભાવનાને વધુ વેગ મળ્યો છે.

અતિથિ દેવો ભવ: વિશ્વ પ્રવાસન દિવસે પ્રકૃતિ, શ્રદ્ધા અને આધુનિકતાના સંગમસમા ગુજરાતનો પ્રવાસન વિકાસ

નવી દિલ્હી, તા.26

દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરે ઉજવાતો 'વિશ્વ પ્રવાસન દિવસ' સાંસ્કૃતિક વિરાસત, ફુદરતી સૌંદર્ય અને આર્થિક સમૃદ્ધિને એક તાંતણે બાંધવાનો ખાસ અવસર છે. એક સમય હતો જ્યારે ગુજરાત માટે કહેવાતું કે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા', પણ આજે ગુજરાત સરકારે પોતાના દૂરદેશી વિઝન, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીન વિચારસરણીથી રાજ્યના ખૂણે-ખૂણે પ્રવાસનનો એવો વ્યાપ વધાર્યો છે કે 'ગુજરાત નહીં દેખા તો પૂરા ભારત નહીં દેખા' જેવો માહોલ સર્જાયો છે. તારીખ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના આ વિશ્વ પ્રવાસન દિવસે, રાજ્ય સરકારે પ્રવાસન ક્ષેત્રને આપેલા વૈશ્વિક પરિમાણો ખરેખર પ્રશંસનીય છે. ગુજરાત સરકારે પ્રવાસનને માત્ર મનોરંજન પૂરતું સીમિત ન રાખતા તેને રોજગારી, સ્થાનિક કળાના પ્રોત્સાહન અને આર્થિક વિકાસના મુખ્ય એન્જિન તરીકે વિકસાવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીએ આજે સમગ્ર વિશ્વ માટે પ્રવાસનનું અદભુત નજરાણું બની ચૂક્યું છે, જેણે કેવડિયા જેવા વનવાસી વિસ્તારને આંતરરાષ્ટ્રીય સ્તરના ટુરિઝમ હબમાં પરિવર્તિત કરી દીધો છે. તે જ રીતે, યુનેસ્કો દ્વારા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો એવોર્ડ મેળવનાર ધોરડો અને કાળો ડુંગર કચ્છના સફેદ રણને વિશ્વભરમાં ખ્યાતિ અપાવી રહ્યા છે. ધોળાવીરાને મળેલું યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટનું બિરુદ અને સાસણ ગીરમાં એશિયાટિક સિંહોને જોવાની રોમાંચક સફારી ગુજરાતની પ્રાકૃતિક સંપદા અને ઐતિહાસિક સાક્ષી પૂરે છે. ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવાસન ક્ષેત્રે પણ રાજ્ય સરકારે નવો અરૂણોદય આણ્યો છે. સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ અને ગિરનાર જેવા પવિત્ર યાત્રાધામોનો કાયાકલ્પ કરીને શ્રદ્ધાળુઓ માટે સુગમ અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. આ ઉપરાંત, અમદાવાદની સાયન્સ સિટી, અટલ બ્રિજ, શિવરાજપુર બીચ અને નદી ઉત્સવોથી લઈને સ્ટેટ-ઓફ-ધી-આર્ટ રિન્યુએબલ નેચરલ ટુરિઝમ સુધીના પ્રકલ્પોએ તમામ વયજૂથના પ્રવાસીઓ માટે આકર્ષણ ઊભું કર્યું છે. 'હોમસ્ટે નીતિ' અને કમ્યુનિટી બેઝ્ડ ટુરિઝમને પ્રોત્સાહન આપીને સરકારે સ્થાનિક નાગરિકો અને યુવાનો માટે સ્વરોજગારના નવા દ્વાર ખોલી આપ્યા છે. સુદ્રઢ કાયદો-વ્યવસ્થા, સુરક્ષિત પરિવહન, વિશ્વસ્તરીય રોડ કનેક્ટિવિટી અને મહેમાનગતિની 'અતિથિ દેવો ભવ:' ની ભાવના સાથે ગુજરાત સરકારે પ્રવાસન ક્ષેત્રે એક નવી જ ઉંચાઈ સર કરી છે. તારીખ ૨૭ સપ્ટેમ્બરના આ આંતરરાષ્ટ્રીય પ્રવાસન દિને ગુજરાતની અદ્વિતીય સંસ્કૃતિ અને પ્રાકૃતિક વૈભવને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડીને રાજ્યને વૈશ્વિક પ્રવાસનનું ગૌરવવંતું સરનામું બનાવનાર ગુજરાત સરકારના સંકલ્પબદ્ધ પ્રયાસોને શત શત વંદન સહ અભિનંદન!

ભારતે એક જ દિવસમાં કબડ્ડીમાં બે ગોલ્ડ જીત્યા : એશિયન ગેમ્સમાં વુમન્સ અને મેન્સ બંને ટીમ ચેમ્પિયન

નવી દિલ્હી, તા.26

ભારતે એશિયન ગેમ્સમાં એક જ દિવસમાં કબડ્ડીના બંને ગોલ્ડ જીતી લીધા. મહિલા ટીમે ફાઇનલમાં ઈરાનને 37-34થી હરાવ્યું. ત્યાર પછી મેન્સ ટીમે પણ ઈરાનને 40-34થી હરાવીને ગોલ્ડ પોતાના નામે કર્યો.

શનિવારે મેન્સ ટીમે એશિયન ગેમ્સમાં સતત 10મી વખત મેડલ જીત્યો. મહિલા ટીમે સતત પાંચમા એશિયાડમાં મેડલ પ્રાપ્ત કર્યો.

કબડ્ડી ઉપરાંત સ્ક્વોશમાં 18 વર્ષની અનાહત સિંહ વુમન્સ સિંગલ્સના ફાઇનલમાં પહોંચી. અભય સિંહે મેન્સ સિંગલ્સના ફાઇનલમાં જગ્યા બનાવી. એશિયન ગેમ્સમાં પહેલીવાર બન્યું છે જ્યારે ભારતના બે ખેલાડીઓ સિંગલ્સ કેટેગરીના ફાઇનલમાં પહોંચ્યા હોય.

ભારતની મેન્સ અને વુમન્સ કબડ્ડી ટીમે ઈરાનને હરાવ્યું.

ભારતની મેન્સ અને વુમન્સ કબડ્ડી ટીમે ઈરાનને હરાવ્યું.

હાફટાઈમમાં પાછળ હતું ભારત, બીજા હાફમાં પલટાઈ મેચ

ઈરાને પ્રથમ હાફના અંતમાં સરસાઈ મેળવી લીધી હતી અને બ્રેક સુધી સ્કોર તેના પક્ષમાં 18-17 હતો. બીજા હાફની શરૂઆતમાં પણ ઈરાને દબાણ જાળવી રાખ્યું, પરંતુ ભારતે ધીમે-ધીમે મેચનું વલણ બદલી નાખ્યું. સુમિતે ડિફેન્સમાં સતત મહત્વના ટેકલ કર્યા, જ્યારે અર્જુન દેશવાલે રેડિંગમાં પોઇન્ટ્સ મેળવ્યા. ભારતે 21-21ની સરસાઈ પછી લીડ મેળવવાનું શરૂ કર્યું. અંતમાં ભારતે 40-34થી જીત નોંધાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો.

મહિલા ટીમે પણ ઈરાનને હરાવ્યું

મહિલા કબડ્ડી ટીમે ઈરાનને 37-34થી હરાવીને ગોલ્ડ જીત્યો હતો. ભારતે મુકાબલામાં ઘણા પ્રસંગોએ સરસાઈ મેળવી, પરંતુ



ઈરાને વાપસી કરવાનો પ્રયાસ ચાલુ રાખ્યો. અંતિમ મિનિટોમાં ભારતીય ડિફેન્સે લીડ જાળવી રાખી અને મેચ 37-34થી પોતાના નામે કરી.

સ્ક્વોશમાં પણ બે ફાઇનલિસ્ટ

અનાહત સિંહે જાપાનની વર્લ્ડ નંબર-6 ખેલાડી સાતોમી વતાનાબેને 3-2થી હરાવીને વુમન્સ સિંગલ્સના ફાઇનલમાં જગ્યા બનાવી. અનાહત એક સમયે 2-0થી પાછળ હતી અને ત્રીજા ગેમમાં પણ તેને બે મેચ પોઇન્ટ બચાવવા પડ્યા હતા. ત્યાર પછી તેણે સતત કમબેક કરતા મેચ જીતી લીધી.

બીજી તરફ અભય સિંહે પાકિસ્તાનના મુહમ્મદ ઇરફાનને 3-0થી હરાવીને મેન્સ સિંગલ્સ ફાઇનલમાં પ્રવેશ કર્યો. તેણે 11-3, 12-10, 11-6થી મુકાબલો જીત્યો.

મેરેથોનમાં 44 વર્ષ પછી મેડલ

એથ્લેટિક્સમાં સાવન બરવાલે મેન્સ મેરેથોનમાં સિલ્વર મેડલ જીત્યો. તેણે 2 કલાક 11 મિનિટ 37 સેકન્ડનો સમય લીધો. એશિયન ગેમ્સની મેન્સ મેરેથોનમાં ભારતને 44 વર્ષ પછી મેડલ મળ્યો છે. આ પહેલા 1982ના દિલ્હી એશિયન ગેમ્સમાં ભારતે આ ઇવેન્ટમાં બ્રોન્ઝ જીત્યો હતો.

મેરેથોન દોડ 42 કિલોમીટરની હોય છે, જ્યારે હાફ મેરેથોન 21.097 કિલોમીટર હોય છે.

શૂટિંગમાં ભારતને 11મો મેડલ મળ્યો, સિલ્વર મળ્યો

મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી પોઝિશન કેટેગરીમાં ભારતીય ટીમ બીજા સ્થાને રહી. આ ટીમમાં આશી ચોકસે, તિલોત્તમા સેન અને વિદાર્શા વિનોદનો સમાવેશ થયો હતો. ભારતને શૂટિંગમાં 11મો મેડલ મળ્યો છે. આ પહેલાં એક ગોલ્ડ, 5 સિલ્વર અને 4 બ્રોન્ઝ મળી ચૂક્યા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય મેન્સ હોકી ટીમે યજમાન જાપાનને 2-0થી હરાવીને સેમિફાઇનલમાં જગ્યા બનાવી લીધી. ભારતે ગ્રુપ સ્ટેજમાં આ પહેલા ઇન્ડોનેશિયાને 13-1, શ્રીલંકાને 16-1 અને દક્ષિણ કોરિયાને 8-2થી હરાવ્યું હતું. જાપાન સામેની જીત તેની સતત ચોથી જીત રહી. બેડમિન્ટનમાં ઉન્નતિ હુડ્ડાએ ઇન્ડોનેશિયાની વર્લ્ડ નંબર-6 ફુસુમા વર્દાનીને 21-19, 21-13થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં જગ્યા બનાવી.

વિનોદ કાંબલીની અત્યંત કરૂણ પરિસ્થિતિનો વીડિયો : ધ્રુજતા અવાજે વૃદ્ધાશ્રમમાંથી કહ્યું- મારા ઘરમાં પણ મને આટલો પ્રેમ નથી મળ્યો

નવી દિલ્હી, તા.26

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ બેટર વિનોદ કાંબલી હાલમાં સોશિયલ મીડિયા પર એક અલગ જ કારણસર ચર્ચાનો વિષય બન્યા છે. તેમનો એક વીડિયો વાઇરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ એક વૃદ્ધાશ્રમમાં હોવાનું જોવા મળે છે. ભૂતપૂર્વ દિગ્ગજ ખેલાડીની આ સ્થિતિ જોઈને અનેક લોકોને મોટો આઘાત લાગ્યો છે અને તેમના સ્વાસ્થ્ય તથા વર્તમાન સ્થિતિને લઈને ચાહકોને ચિંતા થવા લાગી છે. જોકે વાઇરલ વીડિયોમાં વિનોદ કાંબલી પોતે તે આશ્રમની



સુવિધાઓ અને ત્યાંના સરસ વાતાવરણના વખાણ કરતા જોવા મળી રહ્યા છે.

વિનોદ કાંબલીએ પોતે વૃદ્ધાશ્રમ અંગે શું કહ્યું?

સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહેલા વીડિયોમાં વિનોદ કાંબલી પોતે વૃદ્ધાશ્રમ વિશે વાત કરતા જોવા મળી રહ્યા છે. વીડિયોમાં વિનોદ કાંબલીએ કહ્યું કે, 'હું આ સમયે નિદાનમાં છું. હું કહેવા માગીશ કે અહીંની સુવિધાઓ ખૂબ જ સારી છે.' તેમણે આગળ ત્યાંની વ્યવસ્થાના વખાણ કરતા કહ્યું કે, 'અહીં સાફ-સફાઈ અને બાકી બધી બાબતો એકદમ ફર્સ્ટ ક્લાસ છે. મને અહીં રહેતા ક્યારેય એવું અનુભવાતું નથી કે હું મારા ઘરે નથી. અહીંના લોકો તરફથી મને ખૂબ જ પ્રેમ અને સન્માન મળી રહ્યું છે.'

વિનોદ કાંબલીને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ થઈ રહી છે

કાંબલીનો આ વીડિયો સામે આવતા જ ઇન્ટરનેટ પર ક્રિકેટ ફેન્સની ચિંતા ખૂબ વધી ગઈ છે. ઘણા લોકો તેમની આવી હાલત જોઈને દુઃખ વ્યક્ત કરી રહ્યા છે, તો ઘણા લોકો તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે. વિનોદ કાંબલી છેલ્લા કેટલાક સમયથી બીમારી, પૈસાની તંગી અને પોતાની અંગત જિંદગીની સમસ્યાઓના કારણે સતત સમાચારમાં રહ્યા છે. આ પહેલા પણ તેમના એવા વીડિયો વાઇરલ થયા હતા જેમાં તેઓ કોઈના સહારા વગર ચાલી પણ શકતા નહોતા, જેને જોઈને ભારતીય ક્રિકેટ ફેન્સ ખૂબ દુઃખી થયા હતા.

શુભમન ગિલ પ્રેક્ટિસ સેશન દરમિયાન ઈજાગ્રસ્ત થયો

મુંબઈ, તા.26

ભારતીય વન-ડે ટીમનો કેપ્ટન શુભમન ગિલને શુક્રવારે પ્રેક્ટિસ સેશન દરમિયાન ઈજા થઈ હતી. ઝડપી બોલર મોહમ્મદ સિરાજનો બોલ તેના જમણા કોણી પર વાગ્યો હતો. તે ખૂબ જ પીડામાં નજરે પડ્યો હતો.

ત્યારબાદ સિરાજ તરત જ ગિલ પાસે પહોંચ્યો અને તેના હાલચાલ પૂછ્યા. ફિઝિયોએ પહેલાં તેના ખભાની ફ્લેક્સિબિલિટી તપાસી અને ત્યારબાદ કોણી પર આઇસ પેક લગાવ્યું.

વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે સિરીઝ 27 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે. રવિવારે તિરુવનંતપુરમમાં ત્રણ મેચની સિરીઝની પ્રથમ મેચ રમાશે. ગિલે લગભગ 20 મિનિટ



સુધી આઇસ પેક લગાવી રાખ્યું. ત્યારબાદ ફિઝિયોએ તેની કોણી પર પ્લાસ્ટર લગાવ્યું. તે પ્રેક્ટિસ સેશન દરમિયાન સતત આરામ કરતો રહ્યો. આ દરમિયાન સિરાજ તેની પાસે બેઠો રહ્યો. બાદમાં રોહિત શર્મા પણ ગિલનો હાલચાલ જાણવા પહોંચ્યો. ત્યારબાદ વિરાટ કોહલી અને ગુરનૂર બરાર પણ તેની પાસે બેઠા રહ્યા.

ભાજપ સાંસદ મનોજ તિવારીની દીકરીએ 'બિગ બોસ'નું ઘર માથે લીધું

મુંબઈ, તા.26

સલમાન ખાને ભાજપ સાંસદ મનોજ તિવારીની દીકરી રીતિ તિવારીને તેના ઉદ્ધત વર્તન અને 'બિગ બોસ 20'ના સ્પર્ધકો ઉદિતિ સિંહ અને રાઝી તૌકીર વિરુદ્ધ કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓને લઈને ઠપકો આપ્યો. 'બિગ બોસ 20'ના આ અઠવાડિયાના 'વીકએન્ડ કા વાર'માં સલમાને રીતિને પૂછ્યું કે, તે પોતાની વાતો પર ગર્વ શા માટે કરી રહી છે અને કહ્યું કે કોઈનું અપમાન કરવાની પણ એક મર્યાદા હોવી જોઈએ. હકીકતમાં, તાજેતરમાં એક ડિસ (અનાદર) બેટલ દરમિયાન રીતિ તિવારીએ ઉદિતિ સિંહ અને રાઝી તૌકીરને લઈને ટિપ્પણી કરી હતી. ટાસ્ક પૂરો થયા બાદ પણ રીતિ પોતાના નિવેદન પર અડગ રહી. તેણે કહ્યું કે, તેને પોતાના કરેલા પર ગર્વ છે અને તેને વિશ્વાસ છે કે તેના પિતાને પણ તેના પર ગર્વ થશે. સલમાને પૂછ્યું- આ બાબત પર ગર્વ શા માટે કરી રહી છે? આવનારા 'વીકેન્ડ કા વાર'ના પ્રોમોમાં સલમાન ખાન રીતિના વર્તન પર પ્રશ્ન કરતો જોવા મળશે. સલમાને કહ્યું કે, રીતિ કાઝીથી ઈર્ષ્યા કરે છે અને અસુરક્ષિત અનુભવે છે. આ અંગે રીતિએ કહ્યું કે, તે કાઝીથી ઈર્ષ્યા કરતી નથી, પરંતુ એક વ્યક્તિ તરીકે તેને પસંદ કરતી નથી. ત્યારબાદ સલમાને ટાસ્ક દરમિયાન ઉદિતિ અને કાઝી વિરુદ્ધ રીતિએ કરેલી ટિપ્પણીઓ વિશે વાત કરી. તેણે કહ્યું, 'ડિસને (અનાદરને) ભૂલી જાઓ, મને સમજાતું નથી કે તમને આ અંગે ગર્વ શા માટે છે? પરંતુ મને લાગે છે કે આ અત્યાર સુધીનો સૌથી ખરાબ ડિસ (અનાદર) હતો. કોઈનું અપમાન કરવાની પણ એક મર્યાદા હોવી જોઈએ.' રીતિએ સફાઈ આપતાં કહ્યું કે ડિસ દરમિયાન તેણે જે કહ્યું હતું, તે કહેવાનો તેનો ઈરાદો નહોતો. આ અંગે સલમાને પ્રશ્ન કર્યો કે જો તેને પોતાની વાતનો અર્થ જ ખબર નહોતી, તો તેણે આવી ટિપ્પણી શા માટે કરી? સલમાન ખાને રીતિ તિવારીનો ઉધડો લીધો.



દેવ આનંદની એક ઝલક મેળવવા યુવતીઓ છત પરથી કૂદી પડતી!


મુંબઈ, તા.26

વર્ષ 1943ની વાત છે. એક યુવાન છોકરો પોતાના સપનાઓ પૂરા કરવા માટે લાહોરથી મુંબઈ પહોંચ્યો. ખિસ્સામાં માત્ર 30 રૂપિયા હતા અને રહેવા માટે કોઈ ઠેકાણું નહોતું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઓળખ બનાવવાનું સપનું હતું, પરંતુ સામે સૌથી મોટો પડકાર એ હતો કે, મુંબઈ જેવા શહેરમાં ગુજરાન કેવી રીતે ચલાવવું. શરૂઆતમાં તેને ચાલીમાં રહેવું પડ્યું. થોડા દિવસો પસાર થયા, તો પૈસા ખૂટવા લાગ્યા. ફિલ્મોમાં કામ મળવાની કોઈ આશા નજરે પડતી નહોતી. આખરે પેટ ભરવા માટે તેને નોકરી કરવી પડી. મિલિટરી સેન્સર ઓફિસમાં ક્લાર્કની નોકરી મળી, જ્યાં તે બ્રિટિશ સરકાર માટે મિલિટરી સેન્સરનું કામ કરતો હતો. તેને મહિનાના 65 રૂપિયા પગાર મળતો હતો. પરંતુ જે છોકરા પાસે મુંબઈ પહોંચવા માટે માત્ર 30 રૂપિયા હતા, તેણે હાર માની નહીં. થોડાં વર્ષો પછી એ જ વ્યક્તિ હિન્દી સિનેમાનો એવો સ્ટાર બન્યો, જેને લોકો 'એવરગ્રીન સ્ટાર' કહેવા લાગ્યા. અમે વાત કરી રહ્યા છીએ દેવ આનંદની અને તેમની 103મી બર્થ ઍનિવર્સરી પર જાણીએ તેમની જિંદગી સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો

દેવ આનંદનો જન્મ 26 સપ્ટેમ્બર 1923ના રોજ બ્રિટિશ ભારતના પંજાબના ગુરદાસપુર જિલ્લામાં ધર્મદેવ પિશોરીમલ આનંદ તરીકે થયો હતો. તેમના પિતા પિશોરી લાલ આનંદ ગુરદાસપુરમાં વકીલ હતા અને સ્વતંત્રતા આંદોલન સાથે પણ જોડાયેલા હતા. દેવ આનંદ ચાર ભાઈઓમાં ત્રીજા હતા. તેમના ભાઈ ચેતન આનંદ અને વિજય આનંદ પણ ફિલ્મ જગત સાથે જોડાયેલા રહ્યા, જ્યારે તેમની બહેન શીલ કાંતા કપૂર ફિલ્મ ડિરેક્ટર શેખર કપૂરના માતા હતાં. તેમણે પ્રાથમિક અભ્યાસ ડેલહાઉઝીની સેક્રેડ હાર્ટ સ્કૂલમાંથી કર્યો અને ત્યારબાદ લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં બી.એ. કર્યું. દેવ આનંદ આગળ ભણવા માંગતા હતા અને ઉચ્ચ શિક્ષણ માટે લંડન જવાનું સપનું જોતા હતા, જ્યારે તેમના પિતા ઇચ્છતા હતા કે તેઓ કોઈ બેંકમાં નોકરી કરી લે, પરંતુ પરિવારની આર્થિક સ્થિતિ એવી નહોતી કે તેમનો આગળનો ભણતરનો ખર્ચ ઉઠાવી શકાય. પિતાએ સ્પષ્ટ કહી દીધું કે, હવે તેમના અભ્યાસ માટે પૈસા નથી. આ પછી દેવ આનંદે નક્કી કર્યું કે જો જીવનમાં સંઘર્ષ કરવો જ છે, તો શા માટે પોતાના બાળપણના સપના એટલે કે એક્ટિંગ માટે સંઘર્ષ ન કરવામાં આવે. આ સપનું પૂરું કરવા માટે જૂન 1943માં તેઓ લાહોરથી ટ્રેન પકડીને મુંબઈ જવા નીકળી પડ્યા.



ચહેરા પર ઈજા, આંખોમાં ગુસ્સો : 'લવ એન્ડ વૉર'માંથી વિકી કૌશલનો ફર્સ્ટ લુક રિવીલ, મેકર્સે લખ્યું- 'નજર મળશે,



મુંબઈ, તા.26

ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ બાદ શનિવારે વિકી કૌશલનો પહેલો લુક સામે આવ્યો છે. પોસ્ટરમાં વિકી ઈન્ટેન્સ અંદાજમાં નજરે પડી રહ્યો છે. તેના ચહેરા પર ઈજાનું નિશાન છે. આંખોમાં ગુસ્સો અને ગંભીરતા દર્શાવતું એક્સપ્રેશન જોવા મળી રહ્યું છે. તેના મોઢામાં સિગારેટ છે અને હાથમાં લાઇટરથી તેને સળગાવતો જોવા મળી રહ્યો છે. પોસ્ટરમાં તેની આસપાસ ધુમાડાનું વાતાવરણ છે. બેકગ્રાઉન્ડને ડાર્ક ગ્રીન ટોનમાં રાખવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર મેકર્સે વિકીના ફર્સ્ટ લુક પોસ્ટરને શેર કરતાં કેપ્શનમાં લખ્યું છે- 'નજરો મળશે, પરંતુ હટશે નહીં.' શુક્રવારે ફિલ્મમાંથી આલિયા ભટ્ટનો પહેલો લુક સામે આવ્યો હતો. આ ફિલ્મમાં આલિયા ગ્લેમરસ રેટ્રો અને વિન્ટેજ અવતારમાં જોવા મળી રહી છે. સંજય લીલા ભણસાલીએ પોતે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'X' (અગાઉ ટ્વિટર) પર આલિયાના આ લુકની પ્રથમ તસવીર શેર કરી છે. ઓલ્ડ-સ્કૂલ ફેશન, સ્પાર્કલિંગ ડિટેલ્સ અને ક્લાસિક સ્ટાઈલિંગ સાથે આલિયાનો આ લુક ખૂબ જ ચર્ચામાં છે. આ મોટા બજેટની ફિલ્મમાં આલિયા સાથે રણબીર કપૂર અને વિક્કી કૌશલ પણ મુખ્ય ભૂમિકામાં છે. સામે આવેલી પહેલી તસવીરમાં આલિયા ભટ્ટ 60 અને 70ના દાયકાની રેટ્રો ફેશનમાં જોવા મળી રહી છે. તેના આઉટફિટમાં બ્લિંગ અને વિન્ટેજ સ્ટાઈલિંગનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ફિલ્મ 'લવ એન્ડ વૉર'માંથી રણબીર કપૂરનો પહેલો લુક ગુરુવારે સામે આવ્યો હતો. પોસ્ટરમાં રણબીરનો ઈન્ટેન્સ અને રૉ અંદાજ જોવા મળી રહ્યો છે. રણબીર જાડી મૂછો, લોહીના ડાઘવાળી ટી-શર્ટ અને ગૉગલ્સમાં જોવા મળી રહ્યા છે. તેનો લુક પાત્રના રફ અને મજબૂત અંદાજની ઝલક આપે છે.

ગોવિંદાની રૂમર્ડ ગર્લફ્રેન્ડનો સુનીતા પર પ્રહાર:'પતિને મારવાનો પ્રયાસ કરતી હોય

મુંબઈ, તા.26

ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ કોલકાતાના દક્ષિણેશ્વર કાલી મંદિરમાં પોતાના અંગત જીવનની મુશ્કેલીઓનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, તેમના જીવનમાં પણ કેટલાક રાક્ષસો છે અને મા કાલી પાસે તેમની પાસેથી મુક્તિ અપાવવાની પ્રાર્થના કરી. આ દરમિયાન ગોવિંદાની રૂમર્ડ ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકારે પહેલીવાર સુનીતા પર આકરો પ્રહાર કર્યો છે. તેણે સુનીતા પર ગંભીર આરોપો લગાવ્યા છે.

'જે ઘર પહેલાંથી જ તૂટેલા છે, તેને કોઈ તોડતું નથી'

કોમલ રાની સ્વર્ણકારે સુનીતા આહુજાના નિવેદન બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરી છે. તેણે લખ્યું કે,

જે સ્ત્રી વર્ષોથી પોતાના જ પતિને જાનથી મારી નાખવાનો



પ્રયાસ કરી રહી હોય, એવી સ્ત્રીનો શ્રાપ કોઈને લાગતો નથી. જે ઘર પહેલાથી જ ભાંગેલું હોય, તેને કોઈ તોડી શકતું નથી. આપણા દેશના લોકો એટલા મૂર્ખ નથી કે કોઈ તેમને એમ કહે કે 'કાગડો તારો કાન લઈ ગયો' અને તે કાગડા પાછળ દોડવા લાગે. મને નથી સમજાતું કે કોઈ સ્ત્રીને કેવા પ્રકારનું દર્દ છે, જ્યાં તે તેને સાજા કરવાનો પ્રયાસ કરવાને બદલે, તે તેને જાહેરમાં પ્રદર્શિત કરવાનો આનંદ માણતી હોય એવું લાગે છે.

'પુરુષને હેરાન કરીને મોતની અણીએ પહોંચાડી દીધો'

આ ખરેખર એક દર્દ છે કે પછી ખૂબ જ વિચારપૂર્વક ઘડાયેલું કોઈ ષડયંત્ર છે? કોઈ પુરુષને સતત માનસિક રીતે હેરાન કરવો, તેને કામ કરતા રોકવો, તેને ઘરમાં બેસી રહેવા અને નાશ પામવા માટે મજબૂર કરવો, તેને સંપૂર્ણપણે એકલો પાડી દેવો અને તેને મૃત્યુના આરે પહોંચાડી દેવો. મને નથી લાગતું કે કોઈ સારી અને સમર્પિત પત્ની તેના પતિ સાથે આટલો ખરાબ વ્યવહાર કરી શકે.

'ભગવાન ભલા પુરુષને ચાલાક સ્ત્રીઓથી બચાવે'

શું આવી સ્ત્રીઓ માનસિક રીતે અસ્વસ્થ હોય છે, અથવા તે પોતાની હોશિયારીમાં જ ખૂબ ચતુર હોય છે અને પૂરી રીતે જાણતી હોય છે કે જે તે બંધ દરવાજા પાછળ ન કરી શકી.

SBI ATMમાંથી રોકડ ઉપાડવા પર 3 દિવસ સુધી ચાર્જ નહીં : 28થી 30 સપ્ટેમ્બર સુધી બેંકોની હડતાળ, પરંતુ ડિજિટલ સેવાઓ ચાલુ રહેશે

નવી દિલ્હી, તા.26

SBIએ 28થી 30 સપ્ટેમ્બર સુધી પોતાના ATMમાંથી રોકડ ઉપાડવા પર કોઈ ચાર્જ નહીં વસૂલવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ દરમિયાન બેંક કર્મચારીઓની હડતાળને કારણે શાખાઓ બંધ રહેશે. બેંક કર્મચારીઓ 5-ડે વર્કિંગની માંગને લઈને પ્રદર્શન કરશે. હડતાળમાં દેશની 7 મોટી બેંક યુનિયનો સામેલ થશે, જેમાં લગભગ 90%થી વધુ બેંક કર્મચારીઓ જોડાયેલા છે. તેમાં AIBEA, AIBOC, NCBE, AIBOA, BEFI, INBEF અને INBOCનો સમાવેશ થાય છે. યુનિયનોનું કહેવું છે કે જ્યાં સુધી સરકાર અઠવાડિયામાં 5-ડે વર્કિંગ લાગુ કરવાની કોઈ નિશ્ચિત તારીખ નક્કી નહીં કરે, ત્યાં સુધી તેમનું આ વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે. 28 સપ્ટેમ્બરથી શરૂ થનારી 3 દિવસની હડતાળને કારણે શાખાઓમાં કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે. આ દરમિયાન સામાન્ય જનતાને પૈસા ઉપાડવા, ચેક ક્લિયરન્સ અને અન્ય જરૂરી કામોમાં મુશ્કેલી ન પડે તે માટે નાણાં મંત્રાલયે રવિવાર, 27 સપ્ટેમ્બરે તમામ જાહેર ક્ષેત્રની અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો ખુલ્લી રાખવાનો આદેશ આપ્યો છે.



બેંકોમાં 5-ડે વર્કિંગ પર સરકારનો ઇનકાર

બેંક કર્મચારીઓની હડતાળના ઠીક પહેલાં મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સરકારે ક્યારેય પણ બેંકો માટે 5-દિવસના કાર્ય સપ્તાહનું વચન આપ્યું નહોતું અને પગાર સુધારણા અંગેની વાતચીત દરમિયાન પણ આ મુદ્દે ચર્ચા થઈ નહોતી. નાણાં મંત્રાલયના સૂત્રે જણાવ્યું કે આ માંગ કર્મચારી યુનિયનો તરફથી એકતરફી રીતે ઉઠાવવામાં આવી હતી અને બંને પક્ષો વચ્ચે તેના પર કોઈ સહમતિ બની નહોતી. અઠવાડિયામાં 5 દિવસ કામ ઉપરાંત બોનસ (PLI)ના નિયમોને લઈને પણ વિવાદ ચાલી રહ્યો છે. સરકારે મોટા અધિકારીઓ જેવા કે સ્કેલ-4 અને તેનાથી ઉપરના અધિકારીઓ માટે બોનસનો એક નવો નિયમ લાગુ કર્યો છે. આ અંતર્ગત સારું કામ કરનારા અધિકારીઓને 365 દિવસના મૂળ પગાર જેટલું પ્રોત્સાહન અથવા બોનસ મળી શકે છે. બેંક યુનિયનો આ વાતનો પણ વિરોધ કરી રહી છે. SBIએ 28થી 30 સપ્ટેમ્બર સુધી પોતાના ATMમાંથી રોકડ ઉપાડવા પર કોઈ ચાર્જ નહીં વસૂલવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ દરમિયાન બેંક કર્મચારીઓની હડતાળને કારણે શાખાઓ બંધ રહેશે. બેંક કર્મચારીઓ 5-ડે વર્કિંગની માંગને લઈને પ્રદર્શન કરશે. હડતાળમાં દેશની 7 મોટી બેંક યુનિયનો સામેલ થશે, જેમાં લગભગ 90%થી વધુ બેંક કર્મચારીઓ જોડાયેલા છે. તેમાં AIBEA, AIBOC, NCBE, AIBOA, BEFI, INBEF અને INBOCનો સમાવેશ થાય છે. યુનિયનોનું કહેવું છે કે જ્યાં સુધી સરકાર અઠવાડિયામાં 5-ડે વર્કિંગ લાગુ કરવાની કોઈ નિશ્ચિત તારીખ નક્કી નહીં કરે, ત્યાં સુધી તેમનું આ વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે. 28 સપ્ટેમ્બરથી શરૂ થનારી 3 દિવસની હડતાળને કારણે શાખાઓમાં કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે. આ દરમિયાન સામાન્ય જનતાને પૈસા ઉપાડવા, ચેક ક્લિયરન્સ અને અન્ય જરૂરી કામોમાં મુશ્કેલી ન પડે તે માટે નાણાં મંત્રાલયે રવિવાર, 27 સપ્ટેમ્બરે તમામ જાહેર ક્ષેત્રની અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો ખુલ્લી રાખવાનો આદેશ આપ્યો છે. બેંક કર્મચારીઓની હડતાળના ઠીક પહેલાં મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સરકારે ક્યારેય પણ બેંકો માટે 5-દિવસના કાર્ય સપ્તાહનું વચન આપ્યું નહોતું અને પગાર સુધારણા અંગેની વાતચીત દરમિયાન પણ આ મુદ્દે ચર્ચા થઈ નહોતી. નાણાં મંત્રાલયના સૂત્રે જણાવ્યું કે આ માંગ કર્મચારી યુનિયનો તરફથી એકતરફી રીતે ઉઠાવવામાં આવી હતી અને બંને પક્ષો વચ્ચે તેના પર કોઈ સહમતિ બની નહોતી. અઠવાડિયામાં 5 દિવસ કામ ઉપરાંત બોનસ (PLI)ના નિયમોને લઈને પણ વિવાદ ચાલી રહ્યો છે. સરકારે મોટા અધિકારીઓ જેવા કે સ્કેલ-4 અને તેનાથી ઉપરના અધિકારીઓ માટે બોનસનો એક નવો નિયમ લાગુ કર્યો છે. આ અંતર્ગત સારું કામ કરનારા અધિકારીઓને 365 દિવસના મૂળ પગાર જેટલું પ્રોત્સાહન અથવા બોનસ મળી શકે છે. બેંક યુનિયનો આ વાતનો પણ વિરોધ કરી રહી છે.

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ- ઘટાડાની લહેર વચ્ચે રોકાણકારો સાવધ : શેરબજારમાં નીચલા સ્તરે ખરીદીના સંકેતો સાથે સુધારાત્મક ચાલ જોવા મળી

નવી દિલ્હી, તા.26

ઘટાડા બાદ ભારતીય શેરબજારમાં નીચલા સ્તરે ખરીદીના સંકેતો સાથે સુધારાત્મક ચાલ જોવા મળી રહી છે. સેન્સેક્સમાં તેજી જોવા મળતાં રોકાણકારોમાં ફરીથી ખરીદીનું વલણ ઉભું થયું છે. આજે આટલા મોટા ઘટાડા બાદ બજારમાં નીચલા સ્તરે ખરીદી આવવી સ્વાભાવિક છે. પ્રારંભિક સંકેતોમાં ગિફ્ટ નિફ્ટી પણ થોડો ઊંચો રહ્યો હતો, જે બજારમાં મર્યાદિત સકારાત્મક શરૂઆત તરફ સંકેત આપે છે. જોકે આજની તેજીને સંપૂર્ણ વલણમાં ફેરફાર તરીકે જોવાને બદલે ગઈકાલના ઘટાડા બાદની સુધારાત્મક ચાલ તરીકે જોવી યોગ્ય રહેશે.

મંદીના કારણો :- આજના બજારમાં તેજી હોવા છતાં કેટલીક ચિંતાઓ યથાવત છે. અમેરિકાના 10 વર્ષના સરકારી બોન્ડનું વ્યાજદર લગભગ 5.20 ટકા સુધી પહોંચતાં વૈશ્વિક સ્તરે ઊંચા વ્યાજદરની ચિંતા યથાવત છે. ઊંચા વ્યાજદરને કારણે શેરબજારમાં નવી ખરીદી માટે રોકાણકારો હજુ સાવચેતી રાખી રહ્યા છે. બીજી તરફ ક્રૂડ ઓઈલના ભાવમાં ગઈકાલના ઉછાળા બાદ આજે થોડો ઘટાડો જોવા મળ્યો હોવા છતાં બ્રેન્ટ ક્રૂડ હજુ 105 ડોલર પ્રતિ બેરલની આસપાસ રહે છે, જે ભારત માટે આયાત ખર્ચ



અને મોંઘવારીના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ જોખમ છે. વીમા ક્ષેત્રમાં કમિશન માળખા અંગેની નિયમનકારી ચિંતા પણ બેન્કિંગ અને નાણાકીય શેરોમાં સંપૂર્ણ સ્થિરતા આવવા દેતી નથી. તેથી સેન્સેક્સમાં 180 પોઈન્ટની તેજી હોવા છતાં ઉપરના સ્તરે ફરી વેચવાલી આવી શકે છે. ગઈકાલે નાણાકીય ક્ષેત્રમાં નોંધાયેલા ભારે ઘટાડા બાદ આ ક્ષેત્રની પુનઃખરીદી આજની તેજીને ટકાવી રાખવા માટે મહત્વપૂર્ણ રહેશે.

વૈશ્વિક બજારોની અસર :- વૈશ્વિક બજારોમાંથી આજે મિશ્ર સંકેતો મળી રહ્યા છે. અમેરિકાના બજારોમાં અગાઉના સત્ર દરમિયાન મોટો ઘટાડો ન રહેતાં ભારતીય બજારને થોડી રાહત મળી છે. જાપાનના નિક્કેઈમાં પણ શરૂઆતના તબક્કે વધારો જોવા મળ્યો છે. જોકે અમેરિકાના 10 વર્ષના બોન્ડના વ્યાજદરમાં 5.20 ટકા સુધીનો ઉછાળો વૈશ્વિક શેરબજારો માટે હજુ પડકારરૂપ છે. મધ્યપૂર્વની પરિસ્થિતિ અને અમેરિકા-ઈરાન સંબંધિત સંભવિત ઉકેલ અંગેની અનિશ્ચિતતા પણ બજારની ચાલને અસર કરી રહી છે. ક્રૂડ ઓઈલના ભાવમાં આજે થોડો ઘટાડો થવાથી વૈશ્વિક સ્તરે મોંઘવારી અંગેની ચિંતા થોડી હળવી થઈ શકે છે. જો અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવમાં ઘટાડો થાય અને ક્રૂડ ઓઈલમાં સતત નરમાઈ રહે તો ઉભરતા બજારોમાં રોકાણકારોના વિશ્વાસમાં સુધારો આવી શકે છે.

સ્થાનિક પરિબળો :- ભારતીય બજારમાં આજે સૌથી મહત્વપૂર્ણ સ્થાનિક પરિબળ ગઈકાલના ભારે ઘટાડા બાદ નીચલા સ્તરે આવેલી ખરીદી છે. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ગઈકાલે રૂ.4,301.18 કરોડની ખરીદી કરી હતી, જે બજારને આધાર આપતું મહત્વપૂર્ણ પરિબળ છે. જોકે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ.5,027.36 કરોડની વેચવાલી કરી હતી, તેથી બંને પ્રકારના રોકાણકારોના પ્રવાહમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. સ્થાનિક ખરીદીના કારણે બજારમાં ઘટાડો મર્યાદિત કરવામાં મદદ મળી શકે છે, પરંતુ વિદેશી રોકાણકારોની સતત વેચવાલી બજારની તેજી માટે પડકાર બની શકે છે. સાથે જ રૂપિયાની ચાલ, ક્રૂડ ઓઈલના ભાવ અને નાણાકીય ક્ષેત્રના શેરોમાં પુનઃખરીદી આજના સ્થાનિક બજારના મુખ્ય આધારસ્તંભ રહેશે.

રાષ્ટ્રીય વેપારી સંગઠને 'નો-UPI-ડે'ના સમાચારોને ફેક ગણાવ્યા : કહ્યું- આવું કોઈ એલાન નથી, 2 ઓક્ટોબરે કેટલાક સ્થાનિક સંગઠનો વિરોધ કરી શકે છે

મુંબઈ, તા.26

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ એટલે કે CAITએ 2 ઓક્ટોબરે દેશભરમાં 'નો UPI ડે' મનાવવાની મીડિયા રિપોર્ટ્સને ખોટી ગણાવી છે. રાષ્ટ્રીય વેપારી સંગઠને કહ્યું કે તેણે આવું કોઈ એલાન કર્યું નથી. CAITએ કહ્યું કે ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમ ભારતની અર્થવ્યવસ્થાની મજબૂતી માટે જરૂરી છે અને સંગઠન તેના સમર્થનમાં છે. અમારો વિરોધ પ્રદર્શન સાથે કોઈ સંબંધ નથી.

2 દિવસ પહેલાં સમાચાર આવ્યા હતા કે દેશભરના વેપારીઓ અને દુકાનદારો 2 ઓક્ટોબરે UPI દ્વારા પેમેન્ટ સ્વીકારશે નહીં. સરકાર દ્વારા 2000થી વધુના ટ્રાન્ઝેક્શન પર 0.4% ચાર્જ લગાવવાના વિરોધમાં વેપારી સંગઠનોએ આ દિવસે નો UPI ડે મનાવવાની જાહેરાત કરી છે.

આ દિવસે વેપારીઓ પોતાની દુકાનો પર લગાવેલા UPI QR કોડ, સ્કેનર, સાઉન્ડ બોક્સ અને અન્ય ડિજિટલ પેમેન્ટ ડિવાઈસને કાળા કપડાથી ઢાંકીને વિરોધ નોંધાવશે. વેપારીઓની સરકાર પાસે 15 ઓક્ટોબરથી લાગુ થનારો ચાર્જ દૂર કરવાની માંગ છે.

1. નો UPI ડે સાથે કોઈ લેવાદેવા નથી: CAITએ કહ્યું કે સંગઠને 2 ઓક્ટોબરે UPIના બહિષ્કાર અથવા નો UPI ડે અંગે કોઈ પ્રસ્તાવ પસાર



કર્યો નથી. CAITના નામે ચલાવવામાં આવી રહેલા આવા સમાચાર સંપૂર્ણપણે ખોટા છે.

2. પ્રાદેશિક સંગઠનોનો વ્યક્તિગત વિરોધ: CAITએ જણાવ્યું કે UPI પર MDR ચાર્જના મુદ્દે કેટલાક પ્રાદેશિક અથવા સ્થાનિક વેપારી સંગઠનો વિરોધ પ્રદર્શન કરી શકે છે. આ તેમનો પોતાનો વ્યક્તિગત નિર્ણય છે અને તેને કોઈપણ રીતે CAITનું વલણ માનવું જોઈએ નહીં.

3. મીડિયા અને જનતાને અપીલ: CAITએ મીડિયાને અપીલ કરી છે કે સંગઠનના નામે કોઈપણ સમાચાર પ્રકાશિત કરતા પહેલાં સત્તાવાર સ્રોત પાસેથી તથ્યોની ખાતરી જરૂર કરે. આ સાથે જ વેપારીઓ અને સામાન્ય જનતાને માત્ર સત્તાવાર નિવેદનો પર જ વિશ્વાસ કરવાની સલાહ આપવામાં આવી છે. મહારાષ્ટ્ર સંગઠને કહ્યું હતું- દેશભરના 500 સંગઠનો વિરોધમાં ભાગ લેશે આ પહેલાં મહારાષ્ટ્ર ચેમ્બર ઑફ કોમર્સ, ઈન્ડસ્ટ્રી એન્ડ એગ્રીકલ્ચર (MACCIA)ના અધ્યક્ષ રવીન્દ્ર મંગવેએ કહ્યું હતું કે આ આંદોલન માત્ર મહારાષ્ટ્ર પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ દેશભરના 500થી વધુ પ્રમુખ વેપારી સંગઠનો તેમાં ભાગ લેશે. વેપારી સંગઠનોનો UPI ચાર્જના વિરોધમાં શું તર્ક છે

રિટેલ વેપારીઓ અને ડિસ્ટ્રિબ્યુટરો ઓછા માર્જિન પર કામ કરે છે. ડિજિટલ વ્યવહારો પર વધારાનો ચાર્જ લાદવાથી ખર્ચ વધશે.

ડિજિટલ પેમેન્ટનો હેતુ પ્રક્રિયાને સરળ બનાવવાનો હોવો જોઈએ, વેપારીઓ પર બોજો નાખવાનો નહીં. UPIથી રોકડનો વપરાશ ઘટ્યો છે. વેપારીઓ સિસ્ટમને પારદર્શક બનાવવામાં સહયોગ આપી રહ્યા છે, તો તેમના પર શુલ્ક લગાવવું યોગ્ય નથી. ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાને બદલે વેપારીઓ પર ચાર્જ લગાવવો સજા આપવા જેવું છે.

સરકારે આ નિર્ણય પર પુનર્વિચાર નહીં કર્યો તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

વેપારીઓ પર UPIના નવા MDR નિયમો

મોટા વેપારીઓ પર 0.4% ચાર્જ: મહિને 1 લાખથી વધુ કમાણી કરતા વેપારીઓ (પર્સન-ટુ-મર્ચન્ટ) ને 2,000થી વધુની દરેક ચુકવણી સ્વીકારવા પર 0.4% MDR+GST ચૂકવવો પડશે.

AI એજન્ટે અમેરિકન સરકારી વેબસાઇટ્સ સાથે છેડછાડ કરી : ડેટા એક્સેસ કરીને ઇન્ટરનેટ પર મૂક્યો, કંપનીએ કહ્યું- સચોટ માહિતી એકત્ર કરવાનો હેતુ હતો

નવી દિલ્હી, તા.26

ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈના એઆઈ એજન્ટ્સે અમેરિકન સરકારની વેબસાઇટ્સમાં છેડછાડ કરી. તેમાં અમેરિકન શેરબજારના નિયમનકાર એસઈસી અને કોમર્સ ડિપાર્ટમેન્ટની વેબસાઇટ્સ સામેલ છે. ઓપનએઆઈએ આ માહિતી આપી.

જોકે, આ છેડછાડથી કોઈપણ પ્રકારનું નુકસાન થયું નથી. એઆઈ એજન્ટ્સે કોઈપણ નોન-પબ્લિક અથવા ગોપનીય ડેટા એક્સેસ કર્યો નથી. કંપનીએ જણાવ્યું કે એઆઈ એજન્ટનો હેતુ સરકારી વેબસાઇટ્સ પરથી સચોટ માહિતી એકત્રિત કરવાનો હતો.

એઆઈ એજન્ટે ડેટાની નકલ બનાવી, ઇન્ટરનેટ પર પોસ્ટ કરી

એઆઈ એજન્ટ્સે અમેરિકન શેરબજારના નિયમનકાર એસઈસીના ડેટાની નકલ બનાવી અને તેને ઇન્ટરનેટ પર પોસ્ટ કરી દીધી, જ્યારે તેમને આવું ન કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી.

કોમર્સ ડિપાર્ટમેન્ટના કિસ્સામાં એઆઈ એજન્ટે યુએસ



સેન્સસ ડેટાની વેબસાઇટને એવા પ્રોગ્રામિંગ ઇન્ટરફેસ દ્વારા એક્સેસ કરી, જે આ કામ માટે બનાવવામાં આવ્યો ન હતો. એઆઈ એજન્ટે શિક્ષણ મંત્રાલયની વેબસાઇટમાં પણ ઘૂસવાનો પ્રયાસ કર્યો. જોકે, તે તેમાં સફળ થઈ શક્યો નહીં.

એજન્સીઓએ કહ્યું- કોઈ સંવેદનશીલ ડેટા લીક થયો નથી

મામલો સામે આવ્યા બાદ શેરબજારના નિયમનકાર SECના પ્રવક્તાએ કહ્યું કે AI એજન્ટ્સે કોઈપણ નોન-પબ્લિક અથવા ગોપનીય ડેટા એક્સેસ કર્યો નથી. શિક્ષણ વિભાગના પ્રવક્તાએ જણાવ્યું કે ડેટાબેઝને કોઈ નુકસાન થયું નથી. જોકે, વાણિજ્ય વિભાગ તરફથી આ અંગે તાત્કાલિક કોઈ નિવેદન આવ્યું નથી.

કંપનીએ કહ્યું- વિશ્વસનીય માહિતી માટે એજન્ટ્સ સરકારી સાઇટ્સ પર ગયા હતા

ઓપનએઆઈએ જણાવ્યું કે આ ગડબડ ત્યારે થઈ હતી જ્યારે તેમની એઆઈ સિસ્ટમની તાલીમ ચાલી રહી હતી. તાલીમ દરમિયાન એઆઈને અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. એઆઈ મોડલ વિશ્વસનીય માહિતી માટે સરકારી વેબસાઇટ્સ પર જ જાય છે, તેથી તે આપમેળે તે સાઇટ્સ પર ગયા.

કંપનીનું કહેવું છે કે એઆઈનો હેતુ કોઈ ગડબડ કરવાનો નહોતો, પરંતુ સરકારી સાઇટ્સ પરથી સામાન્ય માહિતી એકત્રિત કરવાનો જ હતો. આ એક સામાન્ય સંશોધન કાર્ય છે.

એઆઈ એજન્ટ્સ ઓસ્ટ્રેલિયાની સરકારી વેબસાઇટમાં પણ ઘૂસી ગયા હતા

બે દિવસ પહેલાં ખુલાસો થયો હતો કે ઓપનએઆઈના એઆઈ એજન્ટ્સે ઓસ્ટ્રેલિયાની સરકારી વેબસાઇટનો પણ એક્સેસ મેળવી લીધો હતો. આ ઘટના જૂનમાં બની હતી, પરંતુ સરકારને તેની જાણકારી સપ્ટેમ્બરમાં મળી.

એઆઈને બેકાબૂ થવાથી રોકવા માટે 'કિલ સ્વિચ'ની વાત થઈ રહી છે

કેટલાક દેશો અને નિષ્ણાતો ઈચ્છે છે કે એઆઈ કંપનીઓ માટે એક ઈમર્જન્સી 'કિલ સ્વિચ' બનાવવામાં આવે, જેથી ખતરો દેખાય ત્યારે સમગ્ર એઆઈને એક જ ઝટકામાં બંધ કરી શકાય. ઓપનએઆઈ આવા ઓટોમેટેડ ટૂલ્સ તૈયાર કરવામાં લાગી છે, પરંતુ નિષ્ણાતોના અનુસાર, દુનિયાભરના નેટવર્ક સાથે જોડાયેલા AIને કોઈ એક સ્વિચથી બંધ કરવું લગભગ અશક્ય છે.

ભવિષ્યના જોખમો અંગે AI નિષ્ણાતોનું શું કહેવું છે?

યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સના ડૉ.હેમન્ડ પિયર્સે ચેતવણી આપી છે કે આવા કિસ્સાઓ ભવિષ્યમાં વધુ ખતરનાક બની શકે છે. આ સરકારો માટે મોટા જોખમની ઘંટડી છે. બીજી તરફ, યુનિવર્સિટી ઓફ સિડનીના ડૉ.રાફેલ સિરીએલોએ જણાવ્યું કે આ વખતે કોઈ મોટું નુકસાન થયું નથી, પરંતુ AI સતત વધુ શક્તિશાળી બની રહ્યું છે. તેની 24 કલાક દેખરેખ જરૂરી છે. કોઈપણ ગડબડીની તાત્કાલિક જાણ કરવાનું ફરજિયાત બનાવવું પડશે.

PM સુરક્ષા વીમા યોજનામાં ₹20માં ₹2 લાખનો વીમો : 18થી 70 વર્ષની વ્યક્તિ લઈ શકે છે લાભ, જાણો તેની જરૂરી વાતો

મુંબઈ, તા.26

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં વાર્ષિક 20 રૂપિયા એટલે કે મહિને 2 રૂપિયાથી પણ ઓછા ખર્ચે 2 લાખ રૂપિયા સુધીનો લાઈફ ઈન્શ્યોરન્સ મળે છે. આ વીમા યોજનામાં લાભાર્થીનું અકસ્માતમાં મૃત્યુ થવા પર નોમિની અથવા પરિવારને 2 લાખ રૂપિયા મળે છે. તેમાં વીમો ખરીદવા માટે કોઈ મેડિકલ તપાસની જરૂર હોતી નથી. અહીં અમે તમને આ યોજના વિશે જણાવી રહ્યા છીએ

સવાલ: આ અકસ્માત વીમા યોજના શું છે અને તેમાં કેટલું કવર તથા પ્રીમિયમ આપવાનું હોય છે?

જવાબ: આ 1 વર્ષની મુદત ધરાવતી પર્સનલ એક્સિડેન્ટ ઈન્શ્યોરન્સ સ્કીમ છે, જેને દર વર્ષે રિન્યૂ કરાવી શકાય છે. આ યોજનામાં અકસ્માતને કારણે મૃત્યુ અથવા અપંગતા થવા પર વીમાની રકમ મળે છે. તેનું વાર્ષિક પ્રીમિયમ માત્ર 20 રૂપિયા છે.

સવાલ: 1: યોજના હેઠળ 'અકસ્માત' કોને માનવામાં આવ્યો છે? શું કુદરતી આફત અથવા હત્યા તેમાં કવર થાય છે?

જવાબ: યોજના અનુસાર 'અકસ્માત'નો અર્થ કોઈ અચાનક, અણધારી અને બાહ્ય અથવા દેખીતા કારણોથી બનેલી ઘટના છે.



કુદરતી આફતો: ભૂકંપ, પૂર જેવી ઘટનાઓ અકસ્માતના દાયરામાં આવે છે, તેથી તેનાથી થયેલા મૃત્યુ અથવા અપંગતા પર ક્લેમ મળશે.

હત્યા: હત્યાના કેસોમાં પણ વીમા કવરનો લાભ મળે છે.

આત્મહત્યા: આત્મહત્યાના કેસોમાં કોઈ વીમા લાભ આપવામાં આવતો નથી.

સવાલ 2: આ યોજનામાં કોણ જોડાઈ શકે છે અને ઉંમરની મર્યાદા શું છે?

જવાબ: બેંક અથવા પોસ્ટ ઓફિસના 18થી 70 વર્ષની વયજૂથના તમામ વ્યક્તિગત (સિંગલ અથવા સંયુક્ત) બચત ખાતાધારકો આ યોજના માટે પાત્ર છે.

જો કોઈ વ્યક્તિના એકથી વધુ બેંકોમાં ખાતા હોય, તો પણ તે માત્ર એક જ બેંક ખાતા દ્વારા આ યોજનામાં જોડાઈ શકે છે.

સંયુક્ત ખાતાની સ્થિતિમાં, તમામ ખાતાધારકો પોતપોતાનું અલગ-અલગ 20નું પ્રીમિયમ ચૂકવીને આ યોજનાનો લાભ લઈ શકે છે.

સવાલ 3: પ્રીમિયમની ચુકવણી કેવી રીતે થાય છે અને વીમા કવર ક્યારેથી ક્યા સુધી રહે છે?

જવાબ: પ્રીમિયમની ચુકવણી બેંક અથવા પોસ્ટ ઑફિસના ખાતામાંથી 'ઑટો-ડેબિટ' સુવિધા દ્વારા વર્ષમાં એક વખત કરવામાં આવે છે. વીમાનો સમય દર વર્ષે 1 જૂનથી 31 મે સુધી હોય છે.

જો કોઈ વ્યક્તિ શરૂઆતના સમયગાળામાં જોડાઈ ન શકે, તો તે પછીના મહિનાઓ અથવા વર્ષોમાં પણ વાર્ષિક પ્રીમિયમ ચૂકવીને જોડાઈ શકે છે. જોકે, જોખમ કવર પ્રીમિયમ કપાવાની તારીખથી જ શરૂ થશે.

સવાલ 4: શું NRI આ યોજનાનો લાભ લઈ શકે છે? જો કોઈ વચ્ચે યોજનામાંથી બહાર નીકળી જાય, તો શું તે ફરીથી જોડાઈ શકે છે?

જવાબ: ભારતમાં આવેલી બેંકમાં ખાતું ધરાવતા NRI પણ આ કવર લઈ શકે છે. જોકે, ક્લેમની સ્થિતિમાં રકમની ચુકવણી માત્ર ભારતીય રૂપિયામાં જ કરવામાં આવશે.

સવાલ 5: કઈ પરિસ્થિતિઓમાં વીમા કવર સમાપ્ત અથવા રદ થઈ શકે છે?

જવાબ: નીચે દર્શાવેલી પરિસ્થિતિઓમાં અકસ્માત વીમા કવર સમાપ્ત થઈ જાય છે:

ખાતાધારકની ઉંમર 70 વર્ષ પૂર્ણ થવા પર. બેંક/પોસ્ટ ઓફિસનું ખાતું બંધ થવા પર અથવા પ્રીમિયમ કપાવવા માટે ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવા પર. જો કોઈ સભ્યના એકથી વધુ ખાતામાંથી ભૂલથી પ્રીમિયમ કપાઈ જાય, તો કવર માત્ર એક જ ખાતા પર લાગુ રહેશે અને બીજું પ્રીમિયમ જપ્ત કરી લેવામાં આવશે.

સવાલ 6: શું અકસ્માત બાદ હોસ્પિટલમાં દાખલ થવાનો ખર્ચ મળશે? મૃત્યુની સ્થિતિમાં ક્લેમ કોને મળશે?

જવાબ: આ યોજનામાં હોસ્પિટલમાં દાખલ થવાના મેડિકલ ખર્ચની ચુકવણી કરવામાં આવતી નથી.

મૃત્યુની સ્થિતિમાં: ક્લેમની રકમ નોમિની અથવા કાનૂની વારસદારના બેંક ખાતામાં મોકલવામાં આવે છે.

વિકલાંગતાની સ્થિતિમાં: ક્લેમની રકમ સીધી વીમિત ખાતાધારકના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

સવાલ 7: ક્લેમ માટે પોલીસ રિપોર્ટ અથવા FIR હોવું કેટલું જરૂરી છે?

જવાબ: માર્ગ, રેલવે અથવા વાહન અકસ્માત, ડૂબી જવાથી અથવા કોઈ ગુનાહિત ઘટનાથી સંબંધિત મૃત્યુના કિસ્સાઓમાં પોલીસ રિપોર્ટ/FIR જરૂરી છે. જોકે, સાપ કરડવા અથવા ઝાડ પરથી પડી જવા જેવી ઘટનાઓમાં તાત્કાલિક હોસ્પિટલના મેડિકલ રેકોર્ડના આધારે ક્લેમની પ્રક્રિયા કરી શકાય છે.

સવાલ 8: આ યોજનાનો લાભ ક્યાંથી લઈ શકાય?

જવાબ: વીમા કંપનીઓ દ્વારા આ યોજના હેઠળ વીમો કરાવી શકાય છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ બેં ક ની કોઈપણ શાખામાંથી લઈ શકાય છે.


AIના દુરુપયોગથી 100 કરોડ લોકોનાં મોત થઈ શકે : ગેટ્સે કહ્યું- અમેરિકન સરકારે આ અંગે કાયદો બનાવવો જોઈએ

નવી દિલ્હી, તા.26

માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે ચેતવણી આપી છે કે ખોટા હાથોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI એટલું શક્તિશાળી બની શકે છે કે તેનાથી 100 કરોડ લોકોનાં મૃત્યુ પણ થઈ શકે છે. એક ઈન્ટરવ્યૂમાં ગેટ્સે જણાવ્યું કે ખરાબ ઈરાદા ધરાવતા લોકો સાથે AI ટૂલ્સનું સંયોજન અત્યાર સુધીનાં કોઈપણ હથિયાર કરતાં વધુ ખતરનાક બની શકે છે. તેમણે આ જોખમને ગંભીરતાથી લેવા જણાવ્યું છે. ગેટ્સે અમેરિકન સરકાર પાસે AI અંગે કાયદો બનાવવાની માગ કરી છે. તેમણે જણાવ્યું કે કંપનીઓનું નિયંત્રણ પૂરતું નથી અને સરકારી દેખરેખ તથા નિયમોનો અમલ જરૂરી છે. ગેટ્સે ઑગસ્ટમાં પ્રકાશિત પોતાના લેખમાં પણ AIનાં ત્રણ મોટાં જોખમો ગણાવ્યાં હતાં.

ઑસ્ટ્રેલિયામાં AI મોડેલે સરકારી પોર્ટલ હેક કર્યું

બીજી તરફ, દુનિયામાં પહેલીવાર કોઈ AI મોડેલે સરકારી પોર્ટલ હેક કર્યું છે. આ ઘટના ઓસ્ટ્રેલિયામાં બની છે. OpenAIનું એક AI મોડેલ ઓસ્ટ્રેલિયાની હેલ્થ ડેટા સિસ્ટમમાં ઘૂસી ગયું. તેણે ફાઈલો સુધી પહોંચીને માહિતી મેળવી. તેમાં હેલ્થ ખર્ચ અને દવા



સબસિડી સાથે જોડાયેલો ડેટા હતો.

OpenAIએ આ ઘટના વિશે 54 દિવસ બાદ સરકારને જાણ કરી. ત્યારબાદ, વડાપ્રધાન અલ્બનીઝે ન્યૂયોર્કમાં OpenAIના પ્રમુખ સેમ ઓલ્ટમેન સાથે ફોન પર વાત કરીને વિલંબ અંગે નારાજગી વ્યક્ત કરી.

આ દરમિયાન OpenAIના CEO સેમે કહ્યું કે હવે AI પર નિયંત્રણ રાખવું જરૂરી બની ગયું છે. તેમણે કહ્યું કે જો માનવીય નિયંત્રણ ગુમાવાશે તો સ્થિતિ ખૂબ ખરાબ થશે.

ઓસ્ટ્રેલિયા હવે મામલાની તપાસ કરશે

ઓસ્ટ્રેલિયા હવે તપાસ કરશે કે કંપની સામે ફોજદારી કેસ બને છે કે નહીં. આ પણ તપાસવામાં આવી રહ્યું છે કે ઓસ્ટ્રેલિયાની સુરક્ષા એજન્સીઓ આ ઘૂસણખોરીને પહેલાં કેમ પકડી શકી નહીં.

OpenAIએ પણ સ્વીકાર્યું કે તેના મોડેલોએ એવા પગલાં લીધાં, જે કંપનીનો ઈરાદો નહોતો. CEO સેમે કહ્યું કે દુનિયાના તમામ દેશોએ મળીને સુરક્ષા ધોરણો નક્કી કરવા જોઈએ, જેથી ટેક્નોલોજી વધુ શક્તિશાળી બને ત્યારે પણ નિયંત્રણમાં રહે.

AI એજન્ટે અમેરિકન સરકારી વેબસાઇટ્સ સાથે છેડછાડ કરી

ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈના એઆઈ એજન્ટ્સે અમેરિકન સરકારની વેબસાઇટ્સમાં છેડછાડ કરી. તેમાં અમેરિકન શેરબજારના નિયમનકાર એસઈસી અને કોમર્સ ડિપાર્ટમેન્ટની વેબસાઇટ્સ સામેલ છે. ઓપનએઆઈએ આ માહિતી આપી.

જોકે, આ છેડછાડથી કોઈપણ પ્રકારનું નુકસાન થયું નથી. એઆઈ એજન્ટ્સે કોઈપણ નોન-પબ્લિક અથવા ગોપનીય ડેટા એક્સેસ કર્યો નથી. કંપનીએ જણાવ્યું કે એઆઈ એજન્ટનો હેતુ સરકારી વેબસાઇટ્સ પરથી સચોટ માહિતી એકત્રિત કરવાનો હતો.

એઆઈ એજન્ટે ડેટાની નકલ બનાવી, ઇન્ટરનેટ પર પોસ્ટ કરી

એઆઈ એજન્ટ્સે અમેરિકન શેરબજારના નિયમનકાર એસઈસીના ડેટાની નકલ બનાવી અને તેને ઇન્ટરનેટ પર પોસ્ટ કરી દીધી, જ્યારે તેમને આવું ન કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી.

ગુજરાતના MSME માટે નવી સહાય યોજના જાહેર

માઈક્રો-સ્મોલ ઉદ્યોગોને મૂડીથી ટેક્નોલોજી સુધી સરકારની મદદ, કેટેગરી-Aમાં 45% સુધી પ્રોત્સાહન

ગાંધીનગર, તા.26

ગુજરાત સરકારે Viksit Gujarat Industrial Policy-2026 હેઠળ માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) માટે નવી સહાય યોજના જાહેર કરી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા 25 સપ્ટેમ્બર, 2026ના રોજ જાહેર કરાયેલી આ યોજના 1 જૂન, 2026થી અમલમાં આવી છે અને 31 મે, 2031 સુધી પાંચ વર્ષ માટે અમલમાં રહેશે. નવી યોજના હેઠળ MSMEને મૂડી રોકાણ, વ્યાજ, વીજળી સહિત વિવિધ ક્ષેત્રોમાં નાણાકીય સહાય અને પ્રોત્સાહન આપવામાં આવશે. કેટેગરી પ્રમાણે EFCI પર પ્રોત્સાહન

યોજના હેઠળ પાત્ર MSMEને Eligible Fixed Capital Investment (EFCI) ના આધારે સહાય આપવામાં આવશે. કેટેગરી-A વિસ્તારમાં 45% સુધી અને કેટેગરી-B વિસ્તારમાં 35% સુધી વિવિધ પ્રોત્સાહનોનો લાભ મળી શકશે. જ્યારે પસંદગીના Thrust Sectorમાં આવતા ઉદ્યોગો માટે કુલ સહાયની મર્યાદા અનુક્રમે 50% અને 45% સુધી રહેશે.

મૂડી, વ્યાજ અને પાવર ટેરિફમાં સહાય

નવી યોજનામાં ઉદ્યોગોને માત્ર મૂડી રોકાણ પૂરતી સહાય નહીં, પરંતુ વ્યાજ સબસિડી અને પાવર ટેરિફ સબસિડી જેવા લાભો પણ આપવામાં આવ્યા છે. ઉદ્યોગોના આધુનિકીકરણ, વિસ્તરણ અને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે પણ નીતિમાં પ્રોત્સાહનની જોગવાઈ કરવામાં આવી છે.

નવા કર્મચારીઓના EPFનું 5 વર્ષ સુધી રિઈમ્બર્સમેન્ટ

રોજગારી સર્જનને પ્રોત્સાહન આપવા માટે નવા કર્મચારીઓ સંબંધિત EPF ખર્ચનું પાંચ વર્ષ સુધી રિઈમ્બર્સમેન્ટ કરવાની જોગવાઈ છે. સાથે જ ગુજરાતમાં સ્થાનિક રોજગાર વધે તે માટે ઉદ્યોગોના કુલ કર્મચારીઓમાંથી ઓછામાં ઓછા 85% ગુજરાત ડોમિસાઈલ હોવાની શરત રાખવામાં આવી છે.

મહિલા ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપને વધારાનો લાભ



મહિલા ઉદ્યોગસાહસિકો તથા સર્જનને પ્રોત્સાહન આપવા માટે નવા કર્મચારીઓ સંબંધિત EPF ખર્ચનું પાંચ વર્ષ સુધી રિઈમ્બર્સમેન્ટ કરવાની જોગવાઈ છે. સાથે જ ગુજરાતમાં સ્થાનિક રોજગાર વધે તે માટે ઉદ્યોગોના કુલ કર્મચારીઓમાંથી ઓછામાં ઓછા 85% ગુજરાત ડોમિસાઈલ હોવાની શરત રાખવામાં આવી છે. મહિલા ઉદ્યોગસાહસિકો તથા સ્ટાર્ટઅપ્સને પણ નીતિમાં વિશેષ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આવા પાત્ર ઉદ્યોગોને સામાન્ય લાભ ઉપરાંત 1% વધારાની વ્યાજ સબસિડી મળવાની જોગવાઈ કરવામાં આવી છે.મહિલા ઉદ્યોગસાહસિકો તથા સ્ટાર્ટઅપ્સને પણ નીતિમાં વિશેષ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આવા પાત્ર ઉદ્યોગોને સામાન્ય લાભ ઉપરાંત 1% વધારાની વ્યાજ સબસિડી મળવાની જોગવાઈ કરવામાં આવી છે.

ટેક્નોલોજીથી પેટન્ટ સુધી અનેક ક્ષેત્રમાં સહાય

MSMEને ટેક્નોલોજીકલ રીતે સક્ષમ બનાવવા માટે ટેક્નોલોજી અપગ્રેડેશન, પેટન્ટ, ERP અને ICT અપનાવવા, ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવા, ઊર્જા અને પાણીની બચત સહિતના વિવિધ ખર્ચ માટે પણ સહાયની જોગવાઈ છે. સરકારનો હેતુ MSMEને પરંપરાગત નાના-મધ્યમ વ્યવસાયની મર્યાદામાંથી બહાર લાવી વધુ ટેક્નોલોજી આધારિત અને સ્પર્ધાત્મક ઉદ્યોગ તરીકે વિકસાવવાનો છે.MSMEને ટેક્નોલોજીકલ રીતે સક્ષમ બનાવવા માટે ટેક્નોલોજી અપગ્રેડેશન, પેટન્ટ, ERP અને ICT અપનાવવા, ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવા, ઊર્જા અને પાણીની બચત સહિતના વિવિધ ખર્ચ માટે પણ સહાયની જોગવાઈ છે. સરકારનો હેતુ MSMEને પરંપરાગત નાના-મધ્યમ વ્યવસાયની મર્યાદામાંથી બહાર લાવી વધુ ટેક્નોલોજી આધારિત અને સ્પર્ધાત્મક ઉદ્યોગ તરીકે વિકસાવવાનો છે.વિસ્તરણ અને વૈવિધ્યકરણ કરનારા ઉદ્યોગોને પણ લાભ

નીતિમાં હાલના ઉદ્યોગો માટે Expansion અને Diversificationને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. દસ્તાવેજ મુજબ નવા પ્રોજેક્ટ માટે અલગથી ઓળખી શકાય તેવું ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ હોવું જરૂરી રહેશે. હાલના ઉદ્યોગ દ્વારા અન્ય સ્થળે વિસ્તરણ કરવામાં આવે તો નિર્ધારિત શરતો પૂર્ણ થવા પર તેને નવા યુનિટ તરીકે ગણવાની જોગવાઈ પણ છે. સરકારના જણાવ્યા મુજબ, MSME ક્ષેત્રને ટેક્નોલોજી, નાણાં, બજાર, કૌશલ્ય વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડીને ગુજરાતમાં રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાનો આ યોજનાનો મુખ્ય હેતુ છે.

અદાણી શાંતિગ્રામના પ્રોજેક્ટ મેનેજરનો પોર્ટફોલિયો રાતોરાત શૂન્ય : ઈન્કમટેક્સ

નોટિસના નિકાલના નામે ગઠિયા L&Tના શેર અને સરકારી બોન્ડ્સ ચાંઉ કરી ગયા

ગાંધીનગર, તા.26

ગાંધીનગર નજીક આવેલા અદાણી શાંતિગ્રામ સ્થિત અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડના પ્રોજેક્ટ મેનેજર સહિત બે કર્મચારીઓ સાથે ઈન્કમટેક્સ વિભાગની નોટિસના નિવારણ તેમજ ડીમેટ ખાતાના ઓડિટના નામે 70.79 લાખની માતબર છેતરપિંડી આચરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. આરોપી કૃણાલ પટેલે ટેક્નોલોજીનો દુરુપયોગ કરી, વિશ્વાસમાં લઈને મેળવેલા OTP દ્વારા એલ એન્ડ ટી (L&T) કંપનીના 1,029 શેર તેમજ ભારત સરકારના ગોલ્ડ બોન્ડ્સ (SGB) પોતાના ખાતામાં 'ગિફ્ટ' તરીકે ટ્રાન્સફર કરી લીધા હતા. આ સમગ્ર કૌભાંડ મામલે ભોગ બનનારાઓની ફરિયાદના આધારે અડાલજ પોલીસે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પ્રોજેક્ટ મેનેજરને ઈન્કમટેક્સની નોટિસ આવી ને ઠગના સકંજામાં ફસાયા

મૂળ તમિલનાડુના વતની અને અદાણી શાંતિગ્રામ ઓફિસમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા સત્તનાથન થુરઈપાંડિયનને ગત જૂન મહિનામાં આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળી હતી. આ નોટિસના નિરાકરણ માટે તેમણે ઓફિસમાંથી સંપર્ક નંબર મેળવીને કૃણાલ નટવરભાઈ પટેલનો સંપર્ક સાધ્યો હતો. આરોપીએ નોટિસનો યોગ્ય જવાબ તૈયાર કરવાના બહાને ફરિયાદી પાસેથી બેંક અને ડીમેટ ખાતાની તમામ ગુપ્ત વિગતો મેળવી લીધી હતી. ત્યારબાદ NSDLમાં ખાતું હોવાથી ઓડિટ પ્રક્રિયામાં મુશ્કેલી પડશે તેવું ખોટું જણાવી, ફરિયાદીનું ઝેરોધા કંપનીમાં નવું ડીમેટ ખાતું ખોલાવ્યું હતું. મૂળ તમિલનાડુના વતની અને અદાણી શાંતિગ્રામ ઓફિસમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા સત્તનાથન થુરઈપાંડિયનને ગત જૂન મહિનામાં આવકવેરા વિભાગ



તરફથી નોટિસ મળી હતી. આ નોટિસના નિરાકરણ માટે તેમણે ઓફિસમાંથી સંપર્ક નંબર મેળવીને કૃણાલ નટવરભાઈ પટેલનો સંપર્ક સાધ્યો હતો. આરોપીએ નોટિસનો યોગ્ય જવાબ તૈયાર કરવાના બહાને ફરિયાદી પાસેથી બેંક અને ડીમેટ ખાતાની તમામ ગુપ્ત વિગતો મેળવી લીધી હતી. ત્યારબાદ NSDLમાં ખાતું હોવાથી ઓડિટ પ્રક્રિયામાં મુશ્કેલી પડશે તેવું ખોટું જણાવી, ફરિયાદીનું ઝેરોધા કંપનીમાં નવું ડીમેટ ખાતું ખોલાવ્યું હતું.

ઓડિટ રિપોર્ટના નામે OTP પડાવી 53.02 લાખના શેર ટ્રાન્સફર કર્યા

આરોપીએ પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે ફરિયાદીના આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટ ખાતામાંથી જૂના શેરો વેચાવી દઈ નવા શેરોની ખરીદી કરાવી હતી. ત્યારબાદ ગત 12 ઓગસ્ટના રોજ ઓડિટ રિપોર્ટ જનરેટ કરવાના બહાને ફરિયાદીના મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી પર આવેલા બે અલગ-અલગ OTP મેળવી લીધા હતા. આ OTP નો ઉપયોગ કરી આરોપીએ ફરિયાદીના ઝીરોધા એકાઉન્ટમાંથી L&T કંપનીના 1,029 શેર તેમજ ભારત સરકારના સોવરિન ગોલ્ડ બોન્ડ્સ (SGB) સહિત કુલ 53,02,227 ની કિંમતના શેરો ગિફ્ટ તરીકે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. બીજા દિવસે સત્તનાથનભાઈએ પોર્ટફોલિયો ચેક કરતાં બેલેન્સ શૂન્ય દેખાતાં તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

અન્ય એક સાથી કર્મચારી પણ બન્યા શિકાર

આરોપી કૃણાલ પટેલે માત્ર પ્રોજેક્ટ મેનેજર જ નહીં, પરંતુ અદાણી શાંતિગ્રામ ખાતે જ કામ કરતા અન્ય કર્મચારી સચિન કલ્યાણસિંહ ધમાંદાને પણ આ જ રીતે પોતાની જાળમાં ફસાવ્યા હતા. તેમને વિશ્વાસમાં લઈને તેમના ડીમેટ ખાતામાંથી વિવિધ જાણીતી કંપનીઓના આશરે 17.77 લાખના શેર બારોબાર અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. બંને કર્મચારીઓએ આરોપીનો રૂબરૂ સંપર્ક કરી પોતાના શેર પાછા માંગવા પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપી માત્ર ખોટા વાયદાઓ જ કરતો રહ્યો હતો અને શેર પરત કર્યા નહોતા. છેવટે છેતરપિંડીનો ભોગ બનેલા બંને કર્મચારીઓએ અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આરોપી કૃણાલ પટેલે માત્ર પ્રોજેક્ટ મેનેજર જ નહીં, પરંતુ અદાણી શાંતિગ્રામ ખાતે જ કામ કરતા અન્ય કર્મચારી સચિન કલ્યાણસિંહ ધમાંદાને પણ આ જ રીતે પોતાની જાળમાં ફસાવ્યા હતા. તેમને વિશ્વાસમાં લઈને તેમના ડીમેટ ખાતામાંથી વિવિધ જાણીતી કંપનીઓના આશરે 17.77 લાખના શેર બારોબાર અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. બંને કર્મચારીઓએ આરોપીનો રૂબરૂ સંપર્ક કરી પોતાના શેર પાછા માંગવા પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપી માત્ર ખોટા વાયદાઓ જ કરતો રહ્યો હતો અને શેર પરત કર્યા નહોતા.

ગાંધીનગરમાં 200 સ્ટોલ સાથે 'એલ્યુમિનિયમ ભારત-2026'નો પ્રારંભ

અમદાવાદ, તા.26

ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે દેશના એલ્યુમિનિયમ ઉદ્યોગની સમગ્ર વેલ્યુ ચેઈનને એક મંચ પર લાવતું રાષ્ટ્રીય કક્ષાનું 'એલ્યુમિનિયમ ભારત-2026' શરૂ થયું છે. ધ એલ્યુમિનિયમ એક્સટ્રૂઝન મેન્યુફેક્ચર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ALEMAI) દ્વારા આયોજિત આ ચાર દિવસીય પ્રદર્શન 26થી 29 સપ્ટેમ્બર દરમિયાન 30 હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં યોજાઈ રહ્યું છે. 'ALUMEX INDIA-2026' સાથે સહ-આયોજિત આ પ્રદર્શનમાં આશરે 200 સ્ટોલ છે અને વિશ્વભરમાંથી 250 જેટલા આંતરરાષ્ટ્રીય બાયર્સ પહોંચ્યા છે. પ્રદર્શનમાં એલ્યુમિનિયમ એક્સટ્રૂઝન અને રોલિંગ શીટ્સના ઉત્પાદકો, રિસાયકલર્સ, ટેક્નોલોજી પ્રોવાઈડર્સ, ખરીદદારો તેમજ ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો ભાગ લઈ રહ્યા છે. સેમિનાર, કોન્ફરન્સ, ટેક્નિકલ સેશન અને B2B મીટિંગ્સ મારફતે ટેક્નોલોજી, મશીનરી, પ્રોડક્ટ ક્વોલિટી અને નવા બિઝનેસની તકો અંગે ચર્ચા થશે. ALEMAIના પ્રમુખ જિતેન્દ્ર ચોપરાએ જણાવ્યું કે, આ 'એલ્યુમિનિયમ ભારત'નું બીજું એડિશન છે. પ્રથમ એડિશન દિલ્હીમાં યોજાયું હતું. આ વખતે વિશ્વભરમાંથી 250 જેટલા આંતરરાષ્ટ્રીય ખરીદદારો આવ્યા છે. દુનિયાભરના નિષ્ણાતોને સેમિનાર અને કોન્ફરન્સમાં આમંત્રિત કરવામાં આવ્યા છે, જેથી ટેક્નોલોજી અને ટેકનિકલ જ્ઞાનના આદાનપ્રદાનથી ભારતીય મશીનરી અને પ્રોડક્ટ્સની ગુણવત્તામાં વધારો થઈ શકે. ચોપરાએ વધુમાં કહ્યું કે, ભારત જે એલ્યુમિનિયમ પ્રોડક્ટ્સ આયાત કરે છે, તેમાંથી અનેક પ્રોડક્ટ્સ ભારતમાં જ બનાવવાની ક્ષમતા છે. 'મેક ઈન ઈન્ડિયા'ને પ્રોત્સાહન આપવાનો અને ભારતીય ઉદ્યોગ પાસેથી જ માલ ખરીદવા માટેનું વાતાવરણ ઊભું કરવાનો પણ આ આયોજનનો હેતુ છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ કોંગ્રેસના વધુ 16 ઉમેદવારના નામ જાહેર : AAPમાંથી વાપસી કરનાર સૂર્યસિંહ ડાભીને વોર્ડ-2માંથી ટિકિટ

અમદાવાદ, તા.26

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોર પકડી રહ્યો છે. વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા રણનીતિના ભાગરૂપે વધુ 16 ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં અગાઉ જાહેર કરાયેલા 19 ઉમેદવારો સાથે મળીને અત્યાર સુધી 35 બેઠક પર ઉમેદવારોના નામ નક્કી કરી દેવામાં આવ્યા છે. આ યાદીમાં સૌથી મોટું અને ચર્ચાસ્પદ નામ વોર્ડ નંબર 2 માંથી સૂર્યસિંહ ડાભીનું સામે આવ્યું છે, જેમના રાજકીય પ્રવાસ અને પક્ષ પલટાની ચર્ચાઓ હાલ સ્થાનિક રાજકારણમાં કેન્દ્રસ્થાને છે. જ્યારે વોર્ડ-4 અને 5માં તમામ ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. સાથે જ વોર્ડ-6ના બેઠક નંબર ત્રણ પર પછાત વર્ગનો ઉમેદવાર પણ જાહેર કરાયો નથી. જો કે કોંગ્રેસ ડેમેજ કંટ્રોલની સ્થિતિ ટાળવા આ નવ ઉમેદવારોને સીધા જ મેન્ડેન્ટ આપી ફોર્મ ભરી દેવાની સૂચના મળે તો નવાઈ નહીં. વોર્ડ નંબર 2માં સામાન્ય બેઠક પરથી ટિકિટ મેળવનાર સૂર્યસિંહ ડાભી અગાઉ કોંગ્રેસ પક્ષમાં જ જિલ્લા અને શહેર પ્રમુખ જેવા મહત્વના પદો પર સેવા આપી ચુક્યા છે. જો કે સમય જતાં પક્ષે તેમને પદ પરથી હટાવીને સાઈડલાઈન કરી દીધા હતા, જેના કારણે નારાજ થયેલા સૂર્યસિંહે કોંગ્રેસ સાથેનો વર્ષો જૂનો નાતો તોડીને આમ આદમી પાર્ટીનો ખેસ પહેરી લીધો હતો. આપમાં જોડાયા બાદ તેમને પ્રદેશ મંત્રીનું પદ સોંપવામાં આવ્યું હતું, પરંતુ આ પદ તેમને માત્ર એક 'લોલીપોપ' સમાન લાગતા તેઓ આપથી પણ છેડો ફાડીને આખરે ફરીથી પોતાના જૂના પક્ષ કોંગ્રેસના શરણે પરત ફર્યા છે. કોંગ્રેસ મોવડી મંડળ સાથે થયેલી આંતરિક સમજૂતી અને નક્કી થયા મુજબ જ તેમને અંતે વોર્ડ નંબર 2માંથી મેદાને ઉતારવામાં આવ્યા છે. સૂર્યસિંહ ડાભીની આ ઘરવાપસી અને ટિકિટ ફાળવણીથી વોર્ડ નંબર 2નું રાજકીય સમીકરણ રસપ્રદ બની ગયું છે. કોંગ્રેસ દ્વારા અત્યાર સુધી કુલ 35 ઉમેદવારો જાહેર કરીને ચૂંટણી રણનીતિને વધુ ધારદાર બનાવવામાં આવી છે.

નાનપુરા શાકભાજી માર્કેટમાં વિશાળ ઝાડ ધરાશાયી : વેપારી સહિત 3 લોકો દબાતા ઈજા

અમદાવાદ, તા.26

સુરતના અતિવ્યસ્ત નાનપુરા શાકભાજી માર્કેટ પાસે આવેલા ધોતીવાલા બેકરી નજીક એક વિશાળકાય વૃક્ષ અચાનક ધરાશાયી થતાં ભારે અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક શાકભાજી- મચ્છીના વેપારીઓ સહિત 4થી 5 લોકો ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે 5થી 7 વાહનો અને આસપાસની દુકાનોને મોટું નુકસાન પહોંચ્યું છે. ઝાડ તૂટી પડવાનો ભયાનક લાઈવ વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં લોકો જીવ બચાવવા ભાગતા નજરે પડે છે. ફાયર ઓફિસર બળવંતસિંહે જણાવ્યું કે, 112 હેલ્પલાઈન દ્વારા કોલ મળતાં જ ફાયર વિભાગની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકોએ 3 ઈજાગ્રસ્તોને અગાઉથી બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યા હતા. અન્ય કોઈ વ્યક્તિ દબાયેલી નથી તેની સુનિશ્ચિતતા કર્યા બાદ ફાયરની ટીમે કટર મશીન વડે વૃક્ષ કાપી દબાયેલા વાહનો બહાર કાઢ્યા હતા અને બ્લોક થયેલો મુખ્ય રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો કરાવ્યો હતો. પ્રત્યક્ષદર્શી ફિરોઝ શેખે જણાવ્યું કે, સવારે આશરે 10:00 વાગ્યે આ દુર્ઘટના સર્જાઈ હતી. વર્ષ 2025માં જ આ જોખમી વૃક્ષ કાપવા માટે તંત્રને લેખિત અરજી કરાઈ હતી.

ઓળખીતાના નંબર પરથી પણ APK ફાઇલ આવે તો ચેતજો! : પાલડીમાં રહેતા વૃદ્ધે ગેરેજવાળાના નંબર પરથી APK ફાઇલ ડાઉનલોડ કરતા ખાતામાંથી 20 લાખ ઉપડી ગયા

અમદાવાદ, તા.26

શહેરના પાલડી વિસ્તારમાં રહેતા વૃદ્ધ એકાઉન્ટન્ટના નંબર પર ઓળખીતા ગેરેજવાળાના નંબર પરથી પ્રધાનમંત્રી આવાસ યોજનાની APK ફાઇલ આવી હતી. આ APK ફાઇલ ડાઉનલોડ કરતા જ વૃદ્ધના મોબાઇલનું એક્સેસ સાયબર ગઠિયાઓએ મેળવી લીધું હતું. ત્રણ અલગ અલગ એકાઉન્ટમાંથી ગઠિયાઓએ 156 ટ્રાન્જેક્શન દ્વારા 20 લાખ ઉપાડી લીધા હતા જે અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

પીએમ આવાસ યોજાનાની APK ફાઇલ ગેરેજવાળાએ મોકલી હતી

પાલડી વિસ્તારમાં રહેતા 67 વર્ષીય વૃદ્ધ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. વૃદ્ધના મોબાઈલ નંબરથી તેમનું, તેમના પત્નીનું અને એક મિત્રનું એકાઉન્ટ નંબર લિંક હતું. થોડા દિવસ વૃદ્ધને તેમના ઓળખીતા ગેરેજવાળા મારફતે એક APK ફાઇલ આવી હતી. આ APK ફાઇલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામની હતી જે ફાઇલ ડાઉનલોડ કરતા અંદર કઈ મળી આવ્યું ન હતું. જો કે થોડા દિવસ બાદ વૃદ્ધના દીકરાએ વૃદ્ધના ખાતામાંથી ચેક ભર્યો તો રિટર્ન થયો હતો જેથી વૃદ્ધે બેંકમાં જઈને તપાસ કરી હતી.

20 લાખના ઉપડી ગયાની સાયબર ક્રાઈમમાં ફરિયાદ

બેંકમાં જઈને તપાસ કરતા તેમના, પત્નીના અને મિત્રના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા લાખો રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. 156 અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 20.06 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. જે અંગે વૃદ્ધે સાયબર હેલ્પલાઈનનો સંપર્ક કરી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

ફોન પેમાંથી લોન મળવાનું કહી 12 હજાર પડાવી લીધા

વાસણામાં રહેતા પરેશ શાહ વાસણામાં જ બુટ ચંપલની દુકાન ચલાવે છે. થોડા દિવસ અગાઉ તેમની દુકાને એક અજાણ્યો શખ્સ આવ્યો હતો જેને પોતે ફોન પેમાંથી આવતો હોવાની ઓળખ આપી હતી. આ શખ્સે ફોન પેના ક્યુઆર કોડ પોતાના મોબાઈલમાં સ્કેન કરીને પરેશભાઈને જણાવ્યું હતું કે, તમને 5.50 લાખની લોન મળી શકે છે, તમારે લેવી છે.પરેશભાઈ હા પાડતા અજાણ્યા શખ્સે પરેશભાઈનો ફોન લઈને ફોન પે એપ્લીકેશન ખોલીને પ્રોસેસ કરી હતી. બાદમાં અજાણ્યા શખ્સે કહ્યું હતું કે, મારાથી પ્રોસેસ થતી નથી, મારા મિત્રને લઈને આવું છું. થોડીવાર બાદ ફોન તપાસતા પરેશભાઈના ફોનમાંથી 12 હજાર ટ્રાન્સફર થયા હતા.

શ્રમિકના સંતાનો માટે ડોક્ટર બનવાની મોટી તક : ESICની 887થી વધુ બેઠકો અનામત, અમદાવાદમાં MBBSની 25 સીટ, MBBS-BDSની વાર્ષિક ટ્યુશન ફી માત્ર ૩.24 હજાર

અમદાવાદ, તા.26

શ્રમિક-કર્મચારીઓના સંતાનોને તબીબી શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાની તક મળે તે માટે કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) દ્વારા વિશેષ અનામત બેઠકોની યોજના અમલમાં છે. દેશભરની ESIC સંલગ્ન 17 મેડિકલ, 2 ડેન્ટલ, 2 નર્સિંગ અને 3 સરકારી કોલેજો સહિત કુલ 24 શૈક્ષણિક સંસ્થાઓમાં વીમિત કર્મચારીઓના સંતાનો માટે 887થી વધુ બેઠકો અનામત રાખવામાં આવી છે. ગુજરાતમાં અમદાવાદના નરોડા-બાપુનગર સ્થિત ESIC મેડિકલ કોલેજમાં કુલ 50 MBBS બેઠકોમાંથી 25 બેઠકો વીમિત કર્મચારીઓના સંતાનો માટે ફાળવવામાં આવી છે.

MBBSની 695 અને નર્સિંગની 60 બેઠકો

વર્ષ 2012થી અમલી આ યોજના હેઠળ દેશભરમાં 695 MBBS, 28 BDS, 60 B.Sc. નર્સિંગ અને 104 પેરામેડિકલ, મળી કુલ 887થી વધુ બેઠકો પર વીમિત કર્મચારીઓના સંતાનોને પ્રવેશ આપવામાં આવે છે. અમદાવાદ ESIC મેડિકલ કોલેજની આ અનામત બેઠકોમાં ગત વર્ષે તમામ બેઠકો ભરાઈ ગઈ હતી, જ્યારે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં આશરે 28 બેઠકો પર પ્રવેશ આપવામાં આવ્યો છે.

MBBS-BDS માટે વાર્ષિક ફી માત્ર ૩.24 હજાર

યોજનાનો સૌથી મોટો લાભ એ છે કે પસંદગી પામેલા વિદ્યાર્થીઓ માટે MBBS અને BDS કોર્સની વાર્ષિક ટ્યુશન ફી માત્ર ૩.24,000 છે. જ્યારે B.Sc. નર્સિંગ કોર્સ માટે વાર્ષિક ફી ૩.10,000 રાખવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની કેપિટેશન ફી કે ડોનેશન



લેવામાં આવતું નથી. જેના કારણે ખાનગી મેડિકલ કોલેજોની ઊંચી ફી ચૂકવવી મુશ્કેલ હોય તેવા શ્રમિક પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આ યોજના મહત્વની તક બની શકે છે.

NEET પાસ કરવું ફરજિયાત, પહેલાં Ward of IP Certificate લેવું પડશે

આ અનામત બેઠકોનો લાભ લેવા માટે વિદ્યાર્થીના વાલી ESI યોજના હેઠળ નોંધાયેલા સક્રિય વીમિત કર્મચારી હોવા જરૂરી છે. સાથે જ વિદ્યાર્થીએ NEET-UG પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. પાત્ર ઉમેદવારે સૌપ્રથમ ESICની અધિકૃત વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરીને 'Ward of IP Certificate' મેળવવાનું રહેશે. ત્યારબાદ મેડિકલ કાઉન્સેલિંગ કમિટીના પોર્ટલ પર ઓનલાઈન કાઉન્સેલિંગ માટે રજીસ્ટ્રેશન કરાવીને ઉપલબ્ધ અનામત બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે. આ અનામત બેઠકોનો લાભ લેવા માટે વિદ્યાર્થીના વાલી ESI યોજના હેઠળ નોંધાયેલા સક્રિય વીમિત કર્મચારી હોવા જરૂરી છે. સાથે જ વિદ્યાર્થીએ NEET-UG પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. પાત્ર ઉમેદવારે સૌપ્રથમ ESICની અધિકૃત વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરીને 'Ward of IP Certificate' મેળવવાનું રહેશે. ત્યારબાદ મેડિકલ કાઉન્સેલિંગ કમિટીના પોર્ટલ પર ઓનલાઈન કાઉન્સેલિંગ માટે રજીસ્ટ્રેશન કરાવીને ઉપલબ્ધ અનામત બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે.

શ્રમિક પરિવારોના બાળકોને ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ ઓછા ખર્ચે મળી રહે અને આર્થિક મર્યાદા તેમના ઉચ્ચ શિક્ષણના માર્ગમાં અડચણ ન બને તે હેતુથી ESIC દ્વારા આ વિશેષ અનામત વ્યવસ્થા કરવામાં આવી છે. પાત્રતા ધરાવતા વીમિત કર્મચારીઓના સંતાનોને પ્રવેશની સમયમર્યાદા અને જરૂરી દસ્તાવેજોની વિગતો ચકાસીને સમયસર અરજી કરવા ESIC દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599